MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
ભરૂચ ઓફિસ
૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શનિવાર । તા. ૦૨-૦૫-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 કોરોના વાઇરસ વુહાન લેબમાંથી પેદા થયો એનો મારી પાસે પુરાવો છેઃ ટ્રમ્પ

7 માસ્ક, સોશિયલ ડિસ્ટન્સ અને સેનેટાઇઝ ને લઇ કર્યા ત્રણ સંકલ્પ

8 અમદાવાદમાં દરેક ફેરિયા, દુકાનદારો માટે માસ્ક કરાયા ફરજીયાત

12 નર્મદા જિલ્લામાં ૧૨ ફિમેલ હેલ્થ વર્કરો ૮ મહિનાથી પ્રમોશનથી વંચિત : અધિકારીઓ દ્વારા લોડાઉનનું બહાનું ધરી દેવાય છે..?!

૧૭મી મે સુધી લોકડાઉન યથાવત રીતે જારી રાખવાનો નિર્ણય

દેશમાં લોકડાઉન વધુ બે સપ્તાહ સુધી લંબાવવા નિર્ણય

દેશને ૭૩૩ ઝોનમાં વહેંચાયુ : ૧૩૦ રેડ, ૨૮૪ ઓરેન્જ અને ૩૧૯ જિલ્લાને ગ્રીન ઝોન જાહેર કરાયા : સ્કુલ, કોલેજ અને અન્ય શૈક્ષણિક કાર્ય બંધ રહેશે

નવીદિલ્હી

લોકડાઉનની અવધિ ફરીવાર બે સપ્તાહ માટે લંબાવી દેવામાં આવી છે. દેશભરમાં રેડ, ઓરેન્જ અને ગ્રીન ઝોનમાં વહેંચવામાં આવ્યા છે. ગ્રીન ઝોનમાં તમામ મોટી આર્થિક ગતિવિધિઓને મંજુરી આપી દેવામાં આવી છે. નવા આદેશ મુજબ ગ્રીન ઝોનમાં બસો રસ્તો પર દોડી શકે છે પરંતુ બસોની ક્ષમતા ૫૦ ટકાથી વધુ રાખી શકાશે નહીં. જેમ કે બસમાં ૫૦ સીટની વ્યવસ્થા છે તો તેમાં ૨૫થી વધુ યાત્રી યાત્રા કરી શકશે નહીં.આવી જ રીતે ડેપોમાં પણ ૫૦ ટકાથી વધુ કર્મચારીઓ કામ કરી શકશે નહીં. ધ્યાનમાં રાખવા જેવી બાબત એ છે કે, સમગ્ર દેશને ૭૩૩ ઝોનમાં વહેંચવામાં આવ્યું છે જેમાં ૧૩૦ રેડ ઝોન, ૨૮૪ ઓરેન્જ ઝોન જ્યારે ૩૧૯ ગ્રીન ઝોન જાહેર કરવામાં આવ્યા છે. ગ્રીન ઝોનના જિલ્લામાં સલુન સહિત અન્ય જરૂરી સેવાઓ અને વસ્તુઓનો વેપાર કરનાર સંસ્થાન ચાર મેથી ખોલી દેવામાં આવશે સિનેમા હોલ, મોલ, જિમ, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ સહિતની સેવાઓ બંધ રહેશે. ઓરેન્જ ઝોનમાં બસ પરિવહનમાં છુટછાટ રહેશે નહીં પરંતુ કેબની સેવાને મંજુરી આપવામાં આવી છે. કેબમાં ડ્રાઇવર સાથે એક જ પેસેન્જર બેસી શકે છે. ઓરેન્જ ઝોનમાં ઇન્ડસ્ટ્રિયલ એક્ટિવિટીઝ શરૂ કરી શકાશે અને કોમ્પ્લેક્ષ પણ ખોલી શકાશે. રેડ ઝોનમાં હેર સલૂન સહિતની સેવા બંધ રહેશે. વિસ્તૃત જાનકારી ગૃહ મંત્રાલય તરફથી જારી કરવામાં આવશે. હવાઈ યાત્રા, રેલ પરિવહન, મેટ્રો પરિવહન, માર્ગો દ્વારા એક રાજ્યથી બીજા રાજ્યમાં પ્રવેશ પર પ્રતિબંધ રહેશે. સ્કુલ, કોલેજો અને બીજા શૈક્ષણિક સંસ્થાન, ટ્રેનિંગ-કોચિંગ ઇન્સ્ટીટ્યુટને પણ બંધ રાખવાનો આદેશ જારી કરવામાં આવ્યો છે. હોટલ, રેસ્ટોરન્ટ સહિતની સેવાઓ, સિનેમાહોલ, મોલ, જિમ, સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ જેવી ભીડભાડવાળી જગ્યાઓ ઉપર પણ પ્રતિબંધ રહેશે. સવારે સાત વાગ્યાથી સાંજે સાત વાગ્યા સુધી લોકોની બિનજરૂરી ગતિવિધિઓ અને કામ વગર હરવું-ફરવા પર પણ પ્રતિબંધ રહેશે. તમામ ઝોનમાં ૬૫ વર્ષથી વધુ વય ધરાવતા લોકો અનૈ ડાયાબિટીસ, હાર્ટની સમસ્યાથી ગ્રસ્ત લોકો, ગર્ભવતી મહિલાઓ, ૧૦ વર્ષથી ઓછી વયના બાળકોને માત્ર જરૂરી કામ અથવા તો સ્વાસ્થ્યને લગતી જરૂરી સેવાઓ સિવાય બહાર નિકળવા પર પ્રતિબંધ રહેશે. દેશમાં કુલ ૭૩૯ જિલ્લા છે જેમાંથી ૩૦૭ હજુ પણ કોરોનાગ્રસ્ત થયા નથી. એટલે કે ૪૦ ટકાથી વધુ હોઈ શકે છે. ૩૧૯ જિલ્લા ગ્રીન ઝોનમાં છે. ત્રીજી મે બાદ આ જિલ્લામાં ફેક્ટરી, દુકાનો, નાના મોટા ઉદ્યોગો સમેત ટ્રાન્સપોર્ટ અને અન્ય સેવાઓને શરતો સાથે સંપૂર્ણરીતે ખોલવાની મંજુરી આપી દેવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, જે જિલ્લામાં છેલ્લા ૨૧ દિવસથી

અનુસંધાન પાના નં. ૬

દેશમાં ૧૩૦ જિલ્લા રેડ ઝોન જ્યારે ૩૧૯ જિલ્લા ગ્રીન ઝોન જાહેર કરાયા

ગુજરાતમાં કોરોનાનુ જોખમ વધ્યુ: ૯ જિલ્લા 'રેડ ઝોન' જાહેર

રેડ ઝોન : અમદાવાદ, સુરત, વડોદરા, આણંદ, બનાસકાંઠા, પંચમહાલ, ભાવનગર, ગાંધીનગર અને અરવલ્લી

ઓરેન્જ ઝોન : રાજકોટ, ભરૂચ, બોટાદ, નર્મદા, છોટા ઉદેપુર, મહીસાગર, મહેસાણા, પાટણ, ખેડા, વલસાડ, દાહોદ, કચ્છ, નવસારી, ગીર સોમનાથ, ડાંગ, સાબરકાંઠા, તાપી, જામનગર અને સુરેન્દ્રનગર

ગ્રીન ઝોન : મોરબી, અમરેલી, પોરબંદર, જૂનાગઢ, દ્વારકા

● કોરોના મુક્ત બનેલ ગાંધીનગર કેસો વધતાં એકાએક રેડ ઝોનમાં પહોંચ્યુ,સૌથી વધારે ૧૯ રેડ ઝોન અને ૩૬ ઓરેન્જ ઝોન ઉત્તર પ્રદેશમાં, સૌથી વધારે ગ્રીન ઝોન આસામમાં

● અમદાવાદ, સુરત, વડોદરા, આણંદ, પંચમહાલ, બનાસકાંઠા, ભાવનગર, ગાંધીનગર અને અરવલ્લીનો રેડ ઝોનમાં સમાવેશ

ન્યુ દિલ્હી

કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગના સત્તાવાળાઓ દ્વારા દેશના તમામ રાજ્યોના મુખ્ય સચિવોને પત્ર લખીને કોરોના મહામારીના સમયમાં કેસો પ્રમાણે રેડ, ઓરેન્જ અને ગ્રીન ઝોન અંગેની સત્તાવાર જાણકારી આપીને તે મુજબ સ્થાનિક જરૂરીયાત પ્રમમાણે કેન્દ્રના ગાઈડલાઈ ન મુજબ લોકડાઉનમાં છૂટછાટો આપવા જણાવ્યું છે જેમાં દેશના ૧૩૦ જિલ્લામાં ૩ મે પછી પણ કડક પ્રતિબંધો લાગુ રહેશે. કેમ કે સ્વાસ્થ્ય મંત્રાલયે આ તમામ જિલ્લાને રેડ ઝોન જાહેર કર્યા છે. કુલ ૭૩૩ જિલ્લામાંથી ૨૮૪ જિલ્લા ઓરેન્જ ઝોનવાળા જાહેર કરાયા છે. તો ૩૧૯ જિલ્લાને ગ્રીન ઝોન વાળા જાહેર કરવામાં આવ્યાં છે. તેમણે દાવો કર્યો કે કોરોનાનો ચેપ લાગ્યા બાદ સાજા થવાનો રિકવરી રેટ વધ્યો છે. આ હિસાબે હવે અલગ-અલગ વિસ્તારમાં જિલ્લાને ઝોનના હિસાબે વહેંચવામાં આવી રહ્યાં છે .

ગ્રીન ઝોનમાં રહેનાર ૩૧૯ જિલ્લામાં ૩ મે પછી રાહત મળવાની સંભાવના છે. ઝોનવાઈઝ પ્રમાણે જોઈએ તો સૌથી વધારે ૧૯ રેડ ઝોન અને ૩૬ ઓરેન્જ ઝોન ઉત્તર પ્રદેશમાં છે , સૌથી વધારે ગ્રીન ઝોન આસામમાં છે. અને ગુજરાતમાં ૯ જિલ્લા રેડઝોનમાં હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું. રેડ ઝોન એટલે કે જ્યાં કોરોનાના સૌથી વધારે કેસ હોય, ગ્રીન ઝોન એટલે કે અહીં ૨૧ દિવસથી નવો કેસ નોંધાયો ન હોય. ઓરેન્જ ઝોન એટલે કે જ્યાં ૧૪ દિવસમાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો ન હોય.

સ્વાસ્થ્ય મંત્રાલયે હજુ પણ દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ, કોલકત્તા, હૈદરાબાદ, બેંગલુરૂ, અમદાવાદને રેડ

અનુસંધાન પાના નં. ૬

વડાપ્રધાન આવાસ પર મળેલી બેઠકમાં મહત્વનો નિર્ણય કરાયો

લોકડાઉનમાં ફસાયેલા લોકો માટે સ્પેશિયલ ટ્રેનો દોડાવાશે

લોકડાઉમાં ફસાયેલા શ્રમિકો-વિદ્યાર્થીઓ માટે સ્પેશિયલ ટ્રેન દોડાવવા મોદી સરકારે મંજુરી આપી : બેઠકમાં અમિત શાહ, પીયુષ ગોયેલ, રાવત હાજર

નવીદિલ્હી

લોકડાઉનના કારણે અલગ અલગ રાજયમાં ફસાયેલા લોકો માટે ખુબ જ રાહતના સમાચાર આવ્યા છે. કેન્દ્ર સરકારે તેમના માટે સ્પેશિયલ ટ્રેનો દોડાવવાની મંજુરી આપી દીધી છે. શુક્રવારે વડાપ્રધાન આવાસ પર મળેલી બેઠકમાં આ અંગે નિર્ણય કરવામાં આવ્યો હતો. આ બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ગૃહમંત્રી અમિત શાહ, રેલવેમંત્રી પીયુષ ગોયલ, ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપિન રાવત, કેબિનેટ સચિવ રાજીવ ગૌબા અને વડાપ્રધાનના સચિવ પીકે મિશ્રા ઉપસ્થિત રહ્યા હતા. દેશમાં સતત કોરોના વાયરસનાં દર્દીઓના આંકડામાં વધારો થઇ રહ્યો છે. કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા માટે દેશમાં લોકડાઉન લાગુ છે. આ તરફ લોકડાઉનમાં ફસાયેલા લોકોને ટ્રેનો દ્વારા તેમના ગૃહરાજ્ય સુધી પહોંચાડવા દેવાની પરવાનગી મોદી સરકાર દ્વારા આપવામાં આવી છે. ગૃહમંત્રાલયે ફસાયેલા વિદ્યાર્થીઓ અને મજુરોને તમામ સુરક્ષીત ઉપાયો સાથે લઇ જવા માટે સ્પેશ્યલ ટ્રેનને ચલાવવા માટેની આજે

અનુસંધાન પાના નં. ૬

ખાલી પડેલી ૯ એમએલસી સીટો પર ચૂંટણી યોજવા મંજૂરી

મહારાષ્ટ્રમાં ૨૧મી મે ના રોજ વિધાન પરિષદની ચૂંટણી યોજાશે: ચૂંટણી પંચ

મુંબઈ/ન્યુ દિલ્હી

મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રી બની રહેવા માટે એમએલસીની સીટ માટે મીટ માંડીને બેઠેલા ઉદ્ધવ ઠાકરેને કંઈક રાહત મળતી હોય તેવું લાગે છે. ચૂંટણી પંચે પ્રદેશની ખાલી પડેલી ૯ એમએલસી સીટો પર ચૂંટણીની મંજૂરી આપી દીધી છે. આથી હવે ૨૧મી મે ના રોજ આ ખાલી પડેલી બેઠકો માટે ચૂંટણી યોજાશે. રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારીએ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેને વિધાન પરિષદ સીટ માટે નોમિનેટ કરવાની જગ્યાએ પ્રદેશની ખાલી પડેલી ૯ એમએલસી બેઠકો પર ચૂંટણી કરાવવા માટે ચૂંટણી પંચને ભલામણ કરતો પત્ર લખ્યો હતો. ગવર્નરે ચૂંટણી પંચને લખેલા પત્રમાં જણાવ્યું હતું કે કોરોના સંક્રમણની રોકથામ માટે દેશવ્યાપી લોકડાઉનના કેન્દ્રના નિર્ણયના કારણે ચૂંટણી ટાળવામાં આવી હતી. સીએમ ઉદ્ધવ ઠાકરે પ્રદેશના બંને સદનોમાંથી કોઈ પણ એક સદનના સભ્ય હજુ સુધી બની શક્યા નથી અને તેમણે મુખ્યમંત્રી તરીકે બની રહેવા માટે બંધારણ મુજબ ૨૭મી મે અગાઉ એમએલસી બનવું જરૂરી છે. આ અગાઉ આજે સવારે મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ ગવર્નર ભગતસિંહ કોશ્યારી સાથે મુલાકાત પણ કરી હતી. અત્રે જણાવવાનું કે એમએલસી સીટનો મામલો પીએમ મોદી સુધી પહોંચ્યો હતો. મુખ્યમંત્રીનું પદ જાળવી રાખવા માટે ઉદ્ધવ ઠાકરેએ ૨૭મી મે પહેલા પ્રદેશના કોઈ પણ સદનની સદસ્યતા મેળવવી પડશે. ભારતીય બંધારણની કલમ ૧૬૪ (૪) હેઠળ કોઈ પણ સદન સાથે જોડાયેલ ન હોય તેવી વ્યક્તિ ૬ મહિના સુધી જ મંત્રીમંડળમાં કે મુખ્યમંત્રીના પદ પર રહી શકે છે. બદલાતા રાજકીય માહોલમાં સીએમ ઉદ્ધવ ઠાકરેએ ૨૭મી મે સુધીમાં કોઈ પણ એક સદનની સદસ્યતા લેવી જરૂરી છે. નહીં તો તેમણે મુખ્યમંત્રી પદ છોડવું પડશે.

આજની પરિસ્થિમાં આપની આવક વધારવા અને આપની તંદુરસ્તી માટે નીચેની લિંક ખોલી જુઓ

સામાન્ય માણસ જ્યારે કોરોનાની મહામારી અને મંદીનો સામનો કરી રહ્યું છે ત્યારે ૧૬ વર્ષ જુના જંગ એ ગુજરાત અખબાર ગ્રુપનું નવું નજરાણું

MARKET4U(OPC) PRIVATE LIMITED

જેમાં જુદા જુદા બે પ્લેટફોર્મ ની લિંક અત્રે પ્રસ્તુત છે જે લિંક ખોલી આપ વિગત સમજી શકશો ન સમજાય તો અમારા 9904733000 અને 9978406257 પર કોલ કરી શકો છો.

www.market4u.in

જ્યાં આપ પોતાની જાહેરાત અને જરૂરિયાં માત્ર રૂપિયા ૫૫૦/- માં ૬ મહિના સુધી કરી ખૂબ પ્રસિદ્ધિ કરી કમાઈ શકશો

www.connectindians.in

જ્યાં આપ જોડાયબદ અન્યને market4u ની વિગત સમજાવી અન્ય ને જોડશો તો મહેનત મુજબ ખુબ કમાઈ શકશો તદુપરાંત અમે લાવ્યા છીયે આપના સ્વસ્થ્ય માટે જરૂરી નેગેટિવ આયન્સ રિસ્ટબેન્ડ જે આપને માટે હાલના સમયમાં ખુબજ જરૂરી છે નેગેટિવ આયન એટલે શું? શામાટે આપણા સ્વસ્થ જીવન માટે જરૂરી છે? ક્યાંથી મેળવી શકશો આપ?

9978406257

http://www.jungegujarat.in/negative-ion/

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

ગુજરાતના તમામ સ્થળે ટીમ લીડર નીમવાના છે

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ **(રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)**માં સભ્ય બની તમારા વિસ્તારમાં અન્યોને મદદરૂપ થાઓ. શુ આપ સહેલાઈથી ઓછો મહેનતે ઘર ચલાવવા કે બચત કરવા માંગો છો? શુ આપ અભ્યાસ સાથે સ્વનિર્ભર બનવા માંગો છો તો આજે જ સંપર્ક કરો

7574888861

(ટ્રસ્ટની સભ્ય ફી માત્ર ૧૦૦ રૂપિયા રહેશે. જોડાવા માટે આધાર કાર્ડ પાન કાર્ડ જરૂરી રહેશે. વાર્ષિક સામાન્ય સભ્યનું ઈ ઓળખ પત્ર મળશે)

-:: ફી મોકલવાની ડિટેલ ::-

Phone pay 7574888859 • Act No. 33586780623
State Bank of India • Ifsc code SBIN0009164
Pritam nagar Branch, Bharuch 392002



કેન્દ્રીય પ્રધાન કિરણ રિજિજુએ નેટવર્કિંગ ટ્વિટર પર શેર કરેલા અરૂણાચલ પ્રદેશના ફોટોગ્રાફમાં વાંદરા શિસ્તબદ્ધ રીતે અંતર જાળવીને એક હરોળમાં બેઠેલા દેખાય છે. પ્રધાનશ્રીએ વાંદરાની બેસવાની પદ્ધતિ માટે ટિપ્પણ કરતી કમેન્ટ લખીને દેશના નાગરિકોને કોરોના લોકડાઉન દરમ્યાન અનિવાર્ય સોશ્યલ ડિસ્ટન્સિંગના પાઠ 'માનવીના પૂર્વજો' પાસેથી શીખવાનો અનુરોધ કર્યો છે. અરૂણાચલ પ્રદેશની આસામ તરફની સરહદ પાસેના ભાલુકપોન્ગ વિસ્તારમાં એક વ્યકિત વાંદરાઓને કેળાં અને તરબૂચની ચીર આપી રહ્યો છે. એ ઘટનાની તસવીરમાં કેટલાંક વાંદરાના હાથમાં કેળાં કે તરબૂચની ચીર છે અને બીજા વાંદરા એમનો વારો આવે એની રાહ જોઈને બેઠા છે.

વિશ્વ આરોગ્ય સંસ્થા ચીનની પીઆર એજન્સી સમાન છે

કોરોના વાઈરસ વુહાન લેબમાંથી પેદા થયો એનો મારી પાસે પુરાવો છેઃ ટ્રમ્પ

વોશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને કોરોના વાયરસ મામલે ચીન અને વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન પર આકરા પ્રહાર કર્યા છે. તેમણે ગુરૂવારના રોજ વ્હાઈટ હાઉસમાં પત્રકારો સાથે વાત કરતી વખતે વિશ્વ આરોગ્ય સંસ્થા પર પ્રહાર કરતા કહ્યું કે વિશ્વ આરોગ્ય સંસ્થાને શરમ આવવી જોઈએ કારણ કે તે ચીન માટે પબ્લિક રિલેશન એજન્સીની જેવું કામ કરે છે. ટ્રમ્પે આ ઉપરાંત ચીનને નવા ટેરિફ અંગે પણ ચેતવણી આપી છે. અમેરિકી રાષ્ટ્રપતિએ દાવો કરતા કહ્યું કે તેમણે વુહાનની લેબમાં કોરોના વાયરસ સાથે સંકળાયેલા પુરાવાઓ જોયા છે.

ડોનાલ્ડ ટ્રમ્પને જ્યારે પુછવામાં આવ્યું કે, શું તેમણે એવું કંઈ જોયું છે કે જેનાથી એવી ખબર પડી શકે કે ચીનના વુહાનમાં ઈન્સ્ટીટ્યૂર ઓફ વાયરોલોજીમાંથી કોરોના વાયરસ ઉદ્ભવ્યો છે. તેના જવાબમાં ટ્રમ્પે કહ્યું કે, વિશ્વ આરોગ્ય સંસ્થાને શરમ આવવી જોઈએ, કારણ કે ચીન માટે તે એક પબ્લિક રિલેશન એજન્સીની જેવું જકામ કરી રહી છે.

ડોનાલ્ડ ટ્રમ્પે પત્રકારોને જણાવ્યું કે વુહાન ઈન્સ્ટીટ્યૂટ ઓફ વાયરોલોજીમાંથી જ ઉદ્ભવ્યો છે. વ્હાઈટ હાઉસમાં પત્રકારોએ ડોનાલ્ડ ટ્રમ્પને પૂછ્યું કે તમે કેવી રીતે આટલી દ્રઢ રીતે કહી શકો છો કે આ વાયરસ ચીનની વાયરોલોજીમાં બનાવવામાં આવ્યો છે. પત્રકારોએ આ વાત પર ભાર મુકતા તેની પાછળનું કોઈ ચોક્કસ કારણ જણાવવા માટે કહ્યું. તેના જવાબમાં ટ્રમ્પે કહ્યું કે હું તમને એ નહીં જણાવી શકું.

નોંધનીય છે કે ડોનાલ્ડ ટ્રમ્પ કોરોના વાયરસ મામલે ચીન વિરુદ્ધ આક્રમક વલણ અપનાવ્યું છે. આ અગાઉ સોમવારના રોજ ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં પત્રકારો સાથે વાત કરતા કહ્યું કે ચીન કોરોના વાયરસનને ફેલાતો રોકી શકતો હતો. અમે આ અંગે તપાસ કરી રહ્યા છીએ અને તમને યોગ્ય સમય આવસે ત્યારે આ અંગે જાણકારી આપી દઈશું.

કોરોની લડાઈ હવે બીજા ચરણમાં પહોંચી ચુકી છે

ગામડે-ગામડે તેમજ ઘરે-ઘરે હવે કોરોના ચકાસણી કરાશે

પંચાયતથી લઈને પોલીસ સ્ટેશન વિસ્તાર સુધી કન્ટેનમેન્ટ ઝોન બની શકે છે : આગામી દોર માટેની રૂપરેખા તૈયાર

નવી દિલ્હી

કોરોના વાયરસ સામેની લડાઈ હવે બીજા ચરણમાં પહોંચી ચુકી છે. કેન્દ્ર સરકારે આગામી દોરની લડાઈ માટેની રુપરેખા પણ તૈયાર કરી લીધી છે જેની ઝલક આજે પ્રેસ કોન્ફરન્સમાં જોવા મળી હતી. આગામી ચરણની રણનીતિ અંતર્ગત છોટે શહરો, ગામોમાં સંભવિત સંક્રમિતોને શોધી કાઢવા, તેમના સંપર્કમાં આવેલા લોકોની શોધખોળથી લઈને તેમની સારવાર સુધી કઠોર વ્યવસ્થા કરવામાં આવનાર છે.

સ્વાસ્થ્ય મંત્રાલય કે સંયુક્ત સચિવ લવ અગ્રવાલ આ અંગે માહિતી આપતા કહ્યું હતું કે, હવે ગામ-ગામમાં કન્ટેનમેન્ટ ઝોનની ઓળખ કરવામાં આવશે અને સ્પેશિયલ ટીમો બનાવીને ઘર-ઘરની તપાસ કરવામાં આવશે. સ્વાસ્થ્ય મંત્રાલયએ કહ્યું હતું કે, હવે લડાઈ ચેન ઓફ ટ્રાન્સમિશનને બ્લોક કરવાની છે. આના માટે દરેક સંભવિત સંક્રમિત અને તેમના સંપર્કમાં કોણ-કોણ આવ્યા, આ તમામની શોધખોળ કરવા અભિયાન ચલાવવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, કોવિડ-૧૯ના દર્દી કયા કયા વિસ્તારોમાં છે તેમનું વિશ્લેષણ કરવામાં આવશે. રણનીતિ બનાવીને જ્યાં કેસ આવ્યા છે ત્યાં કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરી શકાય છે જેમાં કોઈ આવાસીય કોલોની, મોહલ્લા, મ્યુનિસિપલ વોર્ડ, પોલીસ સ્ટેશન વિસ્તાર, નિગમ ક્ષેત્ર અથવા તો સમગ્ર શહેર આવી શકે છે. તેમણે ગામડાઓમાં માટે તૈયાર રણનીતિનો ખુલાસો કરતા કહ્યું હતું કે, ગ્રામીણ વિસ્તારોમાં કોઈ ગામ અથવા તો કેટલાક ગામના સમૂહ અથવા તો પોલીસ સ્ટેશન વિસ્તાર, ગ્રામ પંચાયત આ પ્રકારના વિસ્તારોને કન્ટેનમેન્ટ કરવામાં આવશે. આની સાથે જ દરેક કન્ટેનમેન્ટ ઝોનમાં એક બફર ઝોન પણ બનાવવા પડશે જેથી વિસ્તારની ગતિવિધિઓ અને જરૂરિયાતો પર નજર રાખી શકાય. તેમણે કહ્યું હતું કે, બફર ઝોનમાં તમામ સ્વાસ્થ્ય સુવિધાઓ સુનિશ્ચિત કરવામાં આવશે.

પાકિસ્તાનમાં પેન્શન લેનારા ચાર લાખ 'ભૂતિયા સૈનિકો', સરકાર ચોંકી ઉઠી

ઈસ્લામાબાદ

કોરોના વાયરસ સામે લડી રહેલા પાકિસ્તાનમાં સેનાને લઈને થયેલા એક ખુલાસાએ સરકારની ઉંઘ ઉડાડી દીધી છે.

કોરોનાના કારણે હાલમાં પોસ્ટ વિભાગ ઘરે ઘરે જઈને સૈનિકોને પેન્શન આપે છે. જેના કારણે ખબર પડી છે કે, ચાર લાખ નિવૃત્ત સૈનિકો એવા છે જે માત્ર કાગળ પર જ જીવતા છે અને વર્ષોથી પેન્શન લઈ રહ્યા છે. આવા ભૂતિયા પેન્શનરોનુ ભોપાળુ બહાર આવ્યા બાદ હવે પોસ્ટ વિભાગે તપાસના આદેશ આપ્યા છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે માર્ચ મહિનાથી ઘરે જઈને સૈનિકોને પેન્શન આપવાનુ શરુ કરાયુ છે. જેમાં ખબર પડી હતી કે, લાખો સૈનિકોનો પતો મળી રહ્યો નથી. હવે આ મામલામાં એક કમિટી બનાવી છે. આ ધડાકો થયા બાદ હાલમાં ઘરે જઈને પેન્શન આપવાની કામગીરી સ્થગિત કરી દેવાઈ છે. હવે ચાર લાખ પૂર્વ સૈનિકોને પેન્શન માટે દસ્તાવેજો રજૂ કરવા પડશે. પાકિસ્તાનમાં આંકડા પ્રમાણે ૯.૪૧ લાખ પૂર્વ સૈનિક પેન્શન લઈ રહ્યા છે. જોકે કમિટીને તપાસમાં ખબર પડી રહી છે કે, પેન્શનર્સના રેકોર્ડમાં મોટા પાયે ધાંધલી થઈ છે. તેમની સંખ્યા પણ સાચી નથી અને કેટલાક નામ તો બોગસ છે.

રશિયામાં કોરોનાના ૧ લાખથી વધારે કેસ નોંધાયા

રશિયાના વડાપ્રધાન મિખાઈલ મિશુસ્ટિન કોરોના વાયરસથી સંક્રમિત

મોસ્કો

રશિયામાં કોરોના વાયરસના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. હવે દેશના વડાપ્રધાન મિખાઈલ મિશુસ્ટિન પણ કોરોના વાયરસથી સંક્રમિત થઈ ગયા છે. તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવશે. ત્યાંજ દેશમાં ગુરુવાર સુધી એક લાખ લોકો કોરોનાની ઝપેટમાં આવી ગયા છે અને મૃત્યુઆંક ૧૦૦૦ને પાર પહોંચ્યો છે. અગાઉ બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોનસન પર કોરોના વાયરસની ઝપેટમાં આવી ગયા હતા.

આ વર્ષે જાન્યુઆરીમાં વડાપ્રધાન પદ માટે ચૂંટાયેલા મિખાઈલનો કોવિડ-૧૯નો ટેસ્ટ કરાવવામાં આવ્યો હતો જે ગુરુવારે પોઝિટિવ આવ્યો છે. રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની સાથે ટેલિવિઝન પર બ્રોડકાસ્ટ કરવામાં આવેલા એક વીડિયોમાં મિખાઈલે આ જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, તેઓ હાલ વડાપ્રધાન પદ પરથી હટી રહ્યા છે. તેમણે આંદ્રે બેલુસોવને કાર્યકારી વડાપ્રધાન બનાવવાની સલાહ આપી હતી જેને પુતિને માની લીધી હતી.

અગાઉ બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોનસન પણ કોરોના વાયરસથી સંક્રમિત થઈ ગયા હતા. જો કે હવે તેઓ સાજા થઈ ગયા છે અને કામ પર પરત ફરી ગયા છે. દુનિયાભરમાં કોરોના વાયરસના ૩૨,૩૨,૬૧૨ કેસ નોંધાયા છે. જ્યારે ૨,૩૦,૧૧૯ લોકોએ આ જીવલેણ બીમારીને કારણે જીવ ગુમાવ્યા છે.

દીકરો અને દીકરી પણ પોઝિટિવ

પાકિસ્તાન સંસદના સ્પીકર અસદ કૈસરનો કોરોના રિપોર્ટ પોઝિટિવ

ઈસ્લામાબાદ

પાકિસ્તાનની સંસદના સ્પીકર કોરોના વાયરસથી સંક્રમિત થયા છે. સ્પીકર અસદ કૈસર કોરોનાથી સંક્રમિત છે. એટલું જ નહીં અસદ કૈસરના દીકરા અને દીકરી પણ કોરોનાથી સંક્રમિત થયા છે. કોરોના પોઝિટિવ થયા બાદ કૈસરે ખુદને કોરેન્ટાઈન કરી લીધા છે. સ્પીકરે પોઝિટિવ આવ્યા બાદ પાકિસ્તાનના લોકોને સાવચેતી રાખવાની અપીલ કરી છે.

અસદ કૈસરે કોરોના વાયરસની પુષ્ટિ કરતાં ટ્વિટર પર લખ્યું, "મેં ખુદને કોરેન્ટાઈનમાં રાખ્યા છે." સ્પીકરે કહ્યું કે, તેનેમાં છેલ્લા થોડા દિવસથી તાવના લક્ષણ હતા અને તેમને પહેલા પણ ખુદનો ટેસ્ટ કરાવ્યો હતો. જોકે, તે સમયે રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો. અસદ કૈસરે આગળ કહ્યું કે, "આજે જ્યારે હું ફરીથી ટેસ્ટ કરાવવા ગયો તો રિપોર્ટ પોઝિટિવ આવ્યો. મને ઘરે રહેવા અને સંભાળ રાખવાની સલાહ આપવામાં આવી છે." તેમણે જણાવ્યું કે, "મારા દીકરા અને દીકરીને પણ કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે."

જણાવીએ કે, આ પહેલા પાકિસ્તાનના સિંધ પ્રાંતના ગવર્નર કોરોના વાયરસથી સંક્રમિત થયા હતા અને તે પોતાના ઘરે જ સેલ્ફ કોરેન્ટાઈમાં છે. ગવર્નર ઈમરાન ઈસ્માઈલે સોમવારે મોડી રાત્રે ટ્વીટ કરીને આ વાતની જાણકારી આપી હતી. વર્લોડમીટર અનુસાર, પાકિસ્તાનમાં કોરોના સંક્રમણના કુલ ૧૬૮૧૭ કેસ છે.

હૈદરાબાદથી હટિયા માટે ખાસ ટ્રેન દોડાવાઈ

તેલંગાણામાં ફસાયેલા પરપ્રાંતીય ૧૨૦૦ મજૂરો માટે ચલાવવામાં આવી સ્પેશલ ટ્રેન

હૈદરાબાદ

દેશવ્યાપી લોકડાઉનમાં, વિવિધ રાજ્યોમાં ફસાયેલા પરપ્રાંતિય મજૂરોને તેમના મૂળ રહેઠાણ સ્થળે પહોંચાડવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. તેલંગાણા સરકારની વિનંતી અને કેન્દ્રીય રેલ્વે મંત્રાલયનાં નિર્દેશન મુજબ શુક્રવારે લિંગમપલ્લી (હૈદરાબાદ) થી હટિયા (ઝારખંડ) માટે એક ખાસ ટ્રેન દોડાવવામાં આવી હતી, જેમાં હજારો કામદારો તેમના ઘરે જવા માટે રવાના થયા હતા. મહત્વનું છે કે, ૨૫ માર્ચે રાષ્ટ્રવ્યાપી લોકડાઉન, જે અમલમાં આવ્યું ત્યારથી, સ્થળાંતર કામદારો તેમના ઘરે જવા માંગ કરી રહ્યા હતા.

ભારતમાં, કોરોના વાયરસનાં દર્દીઓની સંખ્યા ૩૫ હજારને વટાવી ગઈ છે, જે રાજ્યો અને કેન્દ્ર સરકાર માટે ચિંતાનું કારણ બની રહી છે, આ સમય દરમિયાન, સરકારમાં મજૂરોનું સ્થળાંતર પણ એક મોટી સમસ્યા હતી, જે હવે ધીમે ધીમે કરીને ઉકેલવામાં આવી રહ્યુ છે. કેટલાક રાજ્યોએ તેમના નાગરિકોને પાછા બોલાવવાનું નક્કી કર્યું છે, ત્યારબાદ મુખ્યમંત્રીઓએ કેન્દ્ર સરકારને વિશેષ ટ્રેનો ચલાવવા વિનંતી કરી હતી.

રાજ્યોની વિનંતીને ધ્યાનમાં લઈને કેન્દ્ર સરકારે પરપ્રાંતિય મજૂરોને ઘરે લઈ જવા માટે એક વિશેષ ટ્રેનની વ્યવસ્થા કરી છે. ગુરુવારે તેલંગાણામાં રહેતા ઉત્તર ભારતનાં કામદારોની માંગને સ્વીકારીને, તેઓને હૈદરાબાદનાં લિંગમપલ્લીથી ઝારખંડનાં હટિયા મોકલવામાં આવ્યા છે. રેલ્વે પ્રોટેક્શન ફોર્સનાં ડાયરેક્ટર જનરલ અરૂણ કુમારે જણાવ્યું હતું કે, ટ્રેનનાં ૨૪ કોચમાં આશરે ૧,૨૦૦ પ્રવાસીઓને સ્થળાંતર કરાયા છે, આ ટ્રેન આજે તેલંગાણાનાં લિંગમપલ્લીથી ઝારખંડનાં હટિયા તરફ જઇ રહી છે.



સ્વમાનથી પેટિયું રળતા લોકો, ફરજ નિષ્ઠા, સેવાભાવી વલણને વાયરસ કે ગરમ લુ ના વાયરા નડતા નથી.

કુલ સંક્રમિતોનો આંકડો ૩૫ હજારને પાર, મૃત્યુઆંક ૧૧૪૭એ પહોંચ્યો

દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧૯૯૩ પોઝિટિવ કેસઃ ૭૩ના મોત

ન્યુ દિલ્હી

દેશમાં કોરોનાનો કહેર યથાવત છે અને દરરોજ નવા કેસોની સંખ્યામાં વધારો નોંધાતો જોવા મળે છે. કોરોના વાયરસનો કાળમુખા પંજામાં દેશના મોટાભાગના વિસ્તારો આવી ગયા છે. સ્વાસ્થ્ય મંત્રાલયે આપેલી માહિતી મુજબ દેશમાં કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યા ૩૫,૦૦૦ને પાર થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧,૯૯૩ નવા પોઝિટિવ કેસ નોંધાતા કોરોનાના કુલ કેસો ૩૫,૦૪૩ થઈ ગયા છે. એક દિવસમાં દેશમાં ૭૩ લોકોના મોત થયા હોવાથી અત્યાર સુધીમાં કુલ ૧,૧૪૭ મરણ થયા છે.

કોરોના સામે દેશના તબીબો સંપૂર્ણ તાકાત લગાવી રહ્યા છે. હોસ્પિટલોમાં દર્દીઓની સારવારમાં પુરતું ધ્યાન આપવામાં આવી રહ્યું છે. દેશમાં કોરોના વાયરસ સામે જંગ જીતીને સાજા થનારાની સંખ્યા વધીને ૮૮૮૯ થઈ છે. રિકવરી રેટ ૨૫.૩૬ ટકા થયો છે. આ બાજુ મહારાષ્ટ્રમાં કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યા વધીને ૯૯૧૫ થઈ છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન મહારાષ્ટ્રમાં ૫૮૩ નવા કેસ સામે આવ્યાં છે. જ્યારે ૨૭ લોકોના મોત થયા છે. મહારાષ્ટ્રમાં કોરોના વાયરસથી ૪૩૨ લોકોએ જીવ ગુમાવ્યાં છે. હવે શીખ તીર્થયાત્રી કોરોના વાઈરસનો શિકાર બની રહ્યા છે. જેમાં મહારાષ્ટ્રના નાદેડ હજૂર સાહિબથી પાછા આવેલા ૧૪૮ તીર્થયાત્રી સામેલ છે. ૧૪૮ શીખ યાત્રીઓમાંથી ૭૬ અમૃતસરમાં, ૩૮ લુધિયાણા અને ૧૦ મોહાલીમાં કોરોના પોઝિટિવ મળી આવ્યા છે. છેલ્લા ત્રણ દિવસમાં કુલ ૩,૫૦૦ તીર્થયાત્રિ નાંદેડથી પંજાબ પહોંચ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૧ એપ્રિલના લોકડાઉનનું પ્રથમ ચરણ પૂર્ણ થયા બાદ તેને ૩જી મે સુધી લંબાવવાની જાહેરાત કરી હતી. દેશમાં હવે ધીરે ધીરે અર્થતંત્રને પુનઃ વેગવંતુ બનાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. તાજેતરમાં જ વડાપ્રધાન મોદીએ રાજ્યના મુખ્યમંત્રીઓ સાથે વીડિયો કોન્ફરન્સ યોજી હતી અને દેશમાં લોકડાઉન અંગેની સ્થિતિની સમીક્ષા કરી હતી.

દેશમાં કોરોના વાયરસમાંથી રિકવરીનો દર વર્તમાન સમયે ૨૫.૧૮ ટકા છે અને તેમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. બે સપ્તાહ પૂર્વે દેશમાં રિકવરી રેટ ૧૩ ટકા હતો. ગુરુવારે કેન્દ્રીય ગૃહ મંત્રાલયે સંખ્યાબંધ ટ્વીટ કરીને દેશમાં લોકડાઉન આગામી સમય માટે વધુ લંબાવાના સંકેત આપ્યા હતા. જો કે કેટલાક જિલ્લાઓ જ્યાં કોરોનાના કેસો ઓછા છે ત્યાં કેટલીક છૂટછાટ આપવામાં આવે તેવી શક્યતા છે.

કોંગ્રેસ ધારાસભ્યની અજીબ સલાહ, મુખ્યમંત્રીને પત્ર લખ્યો

આલ્કોહોલથી હાથ ધોવાથી કોરોના ભાગે તો પીવાથી વાયરસ દૂર થશેઃ ભરતસિંહ કુંદનપુર

જયપુર

દેશમાં કોરોના વાયરસના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. કોરોનાની મહામારીની વચ્ચે રાજસ્થાનના કોંગ્રેસના ધારાસભ્ય ભરત સિંહ કુંદનપુરે મુખ્યમંત્રી અશોક ગેહલોતને પત્ર લખીને દારૂની દુકાનો ખોલવાની અપલી કરી છે. જેના માટે તેમણે દલીલ કરી છે કે, કોરોના વાયરસને આલ્કોહોલ (સેનિટાઈઝર)થી ખતમ કરી શકાય છે તો પછી આલ્કોહોલ પીવાથી નિશ્ચિત રીતે ગળામાંથી વાયરસને દૂર કરી શકાય છે.

૩૦ એપ્રિલના આ પત્રમાં કુંદનપુરે દારૂની દુકાનો ખોલવાને કારણે આવક થવાનો પણ તર્ક આપ્યો છે. તેમણે લખ્યું છે કે, કોવિડ-૧૯ના લોકડાઉનને કારણે દારૂની દુકાનો બંધ છે. દારૂ બદનામ છે તેથી કેન્દ્ર સરકારે દારૂના વેચાણ પર ક્યારેય છૂટ નહીં આપે. દારૂ નહીં મળવાને કારણે ગેરકાયદે વેચાણ થઈ રહ્યું છે. જેને કારણે સરકારને આવકનું નુકસાન થઈ રહ્યું છે, ત્યાંજ લોકોના આરોગ્યને પણ જોખમ છે.

તેમણે પત્રમાં લખ્યું કે, રાજસ્થાન સરકારે વર્ષ ૨૦૨૦-૨૧માં દારૂથી ૧૨.૫ હજાર કરોડ રૂપિયાની આવકનું લક્ષ્ય રાખ્યું છે જે લોકડાઉનને કારણે હાંસેલ કરી શકાશે નહીં. શકય છે કે સરકારે તેના માટે એક્સાઈઝ ડ્યટી વધારી દીધી છે, આવામાં સરકારે દારૂની દુકાનો ખોલી દેવી જોઈએ. દારૂનું સેવન કરનારાઓ દારૂ મળશે અને સરકારને આવક. જો કોરોના વાયરસને આલ્કોહોલ (સેનિટાઈઝર)થી ખતમ કરી શકાય છે તો આલ્કોહોલ પીવાથી નિશ્ચિત રીતે ગળામાંથી વાયરસને ખતમ કરી શકાય છે.

મહારાષ્ટ્રમાં પ્લાઝમા થેરપીથી સારવાર લેનારા પહેલા કોરોના પોઝિટિવ દર્દીનું મોત

મુંબઈ

દિલ્હીમાં ભલે પ્લાઝ્મા થેરાપીનાં પરિણામો સકારાત્મક રહ્યા છે પરંતુ મહારાષ્ટ્રમાં પ્લાઝ્મા થેરાપી લેનારા પ્રથમ દર્દીનું મોત કોરોના વાયરસથી થયું છે. આ સમાચાર દરેક માટે ચોંકાવનારા છે કારણ કે પ્લાઝ્મા થેરાપીને કોરોના ચેપ માટે અસરકારક સારવાર તરીકે જોવામાં આવતી હતી. મુંબઈની લીલાવતી હોસ્પિટલમાં એક ૫૩ વર્ષીય વ્યક્તિનું મોત નીપજ્યું છે. મળતી માહિતી મુજબ, એક ૫૩ વર્ષીય વ્યક્તિને કોરોના ચેપની ફરિયાદનાં આધારે મુંબઈની લીલાવતી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જેની સારવાર માટે પ્લાઝ્મા થેરાપીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ મહારાષ્ટ્રનો આ પ્રકારનો પહેલો કોરોના સંક્રમિત કેસ હતો જેની સારવાર માટે પ્લાઝ્મા થેરાપીની મદદ લેવી પડી. હોસ્પિટલનાં સીઈઓ ડૉ.રવિશંકરે જણાવ્યું હતું કે, ૨૯ એપ્રિલે સારવાર દરમિયાન દર્દીનું મોત નીપજ્યું હતું. હોસ્પિટલનાં સૂત્રોનાં જણાવ્યા પ્રમાણે દર્દીની હાલત ખૂબ જ નાજુક હતી. તેને આઈસીયુમાં રાખવામાં આવ્યો હતો અને તેની સારવાર કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હતો. સારવારમાં વિલંબ થતાં તેને શ્વાસ લેવાની તકલીફ પડી રહી હતી. તેને એક્યૂટ રેસ્પીરેટરી ડિસ્ટ્રેસ સિંડ્રોમ અને ન્યૂમોનિયા હતો. ડૉકટરોએ પ્લાઝ્મા થેરાપી દ્વારા પણ સારવાર કરી જોઈ, જે નિષ્ફળ સાબિત થઈ.

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા 300/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ડ્રો 31st ડિસેમ્બર

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ **MARKET4U (OPC) PVT. LTD.** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U (OPC) PVT. LTD.**ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U (OPC) PVT. LTD.**નું નવું સાહસ **WWW.CONNECTINDIANS.IN**

MARKET4U (OPC) PVT. LTD.ના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૨૦૦/-ભરી જોડાઈ જાવ અને **MARKET4U (OPC) PVT. LTD.** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૩૦૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **MARKET4U (OPC) PVT. LTD.** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૩૦૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 200
INCOME ILLUSTRATION OF 1 X 5 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	5	20	100	5	95
2	25	10	250	13	238
3	125	5	625	31	594
4	625	5	3125	156	2969
5	3125	5	15625	781	14844
6	15625	5	78125	3906	74219
7	78125	5	390625	19531	371094
8	390625	5	1953125	97656	1855469
TOTAL EARNING :					2319520

Note : This illustration is based on assumption that every Member makes 5 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો રૂા. ૧૫૦૦ની MRPનું નેગેટીવ આયર્ન બ્રેસલેટ ફ્રી ગીફ્ટમાં મળશે

★ **સિલ્વર ડાયરેક્ટર:** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૩૦૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી લેખ

ગન કલ્ચર વિવાદ શાંત

કોરોના વાયરસના કારણે લોકડાઉનની સ્થિતીમાં દુનિયાના દેશોમાં હાલમાં લોકો ઘરમાં છે. આવી સ્થિતીમાં જુદા જુદા દેશોમાં ગન કલ્ચરને લઈને હાલમાં ભારે ચર્ચા રહી છે. અમેરિકા સહિતાના કેટલાક દેશો ખુલ્લી રીતે ગન કલ્ચરને ટેકો આપી ચુક્યા છે ત્યારે તેમના વિરોધમાં પણ કેટલાક દેશ આગળ આવ્યા છે તો બાબતા સ્વાગતરૂપ છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા બંદુક સંસ્કૃતિ અથવા તો ગન કલ્ચરના સમર્થનમાં હાલમાં આપવામાં આવેલુ નિવેદન ચોક્કસપણે શરમજનક અને વખોડવાલાયક નિવેદન છે. બીજી બાજુ આ નિવેદનને લઈને ખાસ કરીને ફ્રાન્સ અને બ્રિટનમાં ટ્રમ્પની કરવામાં આવેલી નિંદા સ્વાગતરૂપ છે. દુનિયાના જાગૃત દેશો ટ્રમ્પના નિવેદનની જોરદાર ટિકા કરી રહ્યા છે. આવા નિવેદનની ટિકા કરવામાં આવે તે જરૂરી પણ છે. ટ્રમ્પ કહી ચુક્યા છે કે ફ્રાન્સમાં જો ઉદાર નિયમ રહ્યા હોત તો વર્ષ ૨૦૧૫મા ફ્રાન્સને ત્રાસવાદી હુમલાનો સામનો કરવો પડ્યો ન હોત. સાથે સાથે ટ્રમ્પે એમ પણકહ્યુ હતુ કે લંડનમાં છુરાબાજીની ઘટના એટલા માટે થાય છે કે ત્યાંના લોકો પાસે બંદુક નથી. ચિંતાની વાત એ છે કે જે દેશમાં બંદુક સંસ્કૃતિના કારણે પ્રતિ એક લાખની વસ્તી પર દર વર્ષે સરેરાશ ૨૩થી વધારે લોકો ઘાયલ થાય છે અને સરેરાશ ૧૦ લોકોના મોત થાય છે તે દેશના પ્રમુખ દુનિયાના દેશોમાં પણ બંદુક સસ્કૃતિને પ્રોત્સાહન આપવા ઈચ્છે તે શરમજનક નિવેદન છે. અમેરિકામાં સામાન્ય રીતે દર બીજી વ્યક્તિ પાસે ગન અથવા તો બંદુક છે. જેટલા લોકો ગનના કારણે નરસંહારનો શિકાર થાય છે તેના કરતા બે ગણા લોકો બન્દુક સરળ રીતે ઉપલબ્ધ થતા આત્મહત્યા કરી લે છે. આંકડા ચોક્કસપણે ચોંકાવનારા છે. છેલ્લા ૧૭ વર્ષના ગાળામાં અમેરિકી સ્કુલમાં ગન કલ્ચરના કારણે ૨૩ નરસંહાર થયા છે. એમ લાગે છે કે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ દર્દનાક ઘટનાઓથી કોઈ પણ બોધપાઠ લીધા વગર આગળ વધવાની નીતિ અપનાવી છે. દરેક ભારતીય લોકો અમેરિકાની નિતીથી સામાન્ય રીતે પ્રભાવિત રહે છે. જેથી અમને વધારે સાવધાન રહેવાની જરૂર છે. થોડાક દિવસ પહેલા કસૌલીમાં એક અતિક્રમક ધારીએ અધિકારીની ગોળી મારીને હત્યા કરી દીધી હતી. હરિયાણામાં ૧૨માં ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ પ્રિન્સિપાલને ગોળી મારી દીધી હતી. આ વધતા ખતરાને સમજી લેવાની તાકીદની જરૂર છે. બન્દુકો વેચી દેવા માટેની રણનિતીને રોકવાની જરૂર છે. બર્બર કાવતરાને રોકવાની જરૂર છે. દરેક દેશ અને સમાજને સમજી લેવાની જરૂર છે કે હવે એવી કોઈ પ્રવૃતિ આગળ વધવી જોઈએ નહી જેના કારણે હથિયારોના વેચાણને પ્રોત્સાહન મળી શકે છે. અમેરિકાના હથિયારના પ્રેમ પર તમામ દેશો સાથે મળીને બ્રેક મુકે તે જરૂરી છે. અમેરિકાના વર્તનની ટિકા કરવા માટે પણ વિશ્વના દેશો આગળ આવે તે જરૂરી છે. શાંતિની ખાતરી કરવાની દિશામાં દેશો આગળ વધે તે જરૂરી છે. જેથી હથિયારોની જરૂર પડશે નહી. ગન કલ્ચરના કારણેજ અમેરિકામાં નરસંહાર પણ વારંવાર થાય છે. હાલમાં તો કોરોનાના કારણે લોકડાઉન છે પરંતુ ગાળો પૂર્ણ થયા બાદ ફરી એકવાર ચર્ચા છેડાઈ જાય તેવી શક્યતા છે.

દુનિયાની સરકારો અમન ચેનની ખાતરી કરવા માટે પ્રયાસો કરે તે ખુબ જરૂરી છે

તમામ એરલાઈન્સ નાણાંકીય મોરચા પર ભારે મુશ્કેલીમાં આવી

કોરોના : એરલાઈન્સ સર્વિસ ઠપ્પ

કોરોના વાયરસના કારણે હાલમાં દુનિયાના દેશોની સાથે સાથે ભારતમાં પણ વિમાની સેવા સંપૂર્ણપણ બંધ થયેલી છે. જેના કારણ તેમની આવક હાલમાં બિલકુલ બંધ થઈ ગઈ છે. હવે સ્થિતી ફરી ક્યારેય સામાન્ય બનશે તેને લઈને ચિત્ર સ્પષ્ટ થઈ રહ્યુ નથી. આવી સ્થિતીમાં તમામ એરલાઈન્સ હાલમાં અસ્તિત્વની લડાઈ લડી રહી છે. કારણ કે મર્યાદિત આવકના સોર્સ તેમના રહેલાછે. હાથમાં જે નાણાં છે તે પણ યોગ્ય રીતે ઉપયોગ કરવાની નીતિ હજુ નક્કી કરવામા આવી નથી. જ્યારે તેમની સેવા બંધ છે ત્યારે આ વિમાની કંપનીઓ તેમના કર્મચારીઓને પણ પુરતા પ્રમાણમાં નાણાં ચુકવી રહી નથી. કર્મચારીઓને કેટલીક શરતો પણ લાગુ કરી દીધી છે. કોરોનાના કારણે તમામ સેક્ટરમાં મંદી છે. એરલાઈન્સની હાલત પહેલાથી જ ખરાબ હતી ત્યારે કોરોના વાયરસના કારણે તેમની કમર તુટી ગઈ છે. એવિએશન સેક્ટરમાં હાલમાં એક પછી એક નવી સમસ્યા આવી રહી છે. એરલાઈન્સ માટે તેમની ફ્લાઈટ ઓપરેશનમાં પણ રાખવા સામે પણ પડકારો આવી રહ્યા છે. જો અભ્યાસ કરવામાં આવે તો જાણી શકાય છે કે આ ક્ષેત્રમાં મંદી માટે કેટલાક નક્કર કારણો રહેલા છે. હાલમાં ઉડાણો મુશ્કેલ બની રહી છે. કોરોના વાયરસની સ્થિતીમાં જો સરકાર દ્વારા મદદ મળશે નહીં તો ઉદારીકરણના આ દોરમાં આવેલી શરૂઆતી ઉડ્ડયન કંપનીઓ પૈકીની એક એવી જેટ એરવેઝ વધારે મુશ્કેલમાં મુકાઈ જશે. હાલના દિવસોમાં તમામનુ ધ્યાન ઉડ્ડયન કંપનીઓની તરફ છે પરંતુ વાસ્તવિકતા એ છે કે દેશમાં પૂર્ણ એવિએશન સેક્ટર છેલ્લા કેટલાક સમયથી ભારે સંકેટમાં છે. સંકટમાંથી બહાર નિકળી જવા માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા હોવા છતાં તેમાં કોઈને કોઈ હિસ્સાની હાલત કફોડી



કોરોના વાયરસની સ્થિતીમાં વિમાની સેવા બંધ થવાના કારણે અનેક એરલાઈન્સે કર્મચારીઓના પગારમાં કાપની જાહેરાત કરી દીધી

બની રહી છે. કોરોના વાયરસના કારણે તેમની સ્થિતી વધારે ખરાબ થઈ ગઈ છે. વિજય માલ્યાની કિંગ ફિશર પહેલાથી જ ડુબી ચુકી છે અને બંધ પણ થઈ ચુકી છે. પરંતુ હાલના સમયમાં ઈન્ડિગો, સ્પાઈસ જેટ અને ગોએરની હાલત પણ કફોડી બનેલી છે. સરકારી એર ઈન્ડિયાની હાલત પણ સારી નથી તમામ નાની મોટી એરલાઈન્સ નાણાંકીય મોરચા પર મુશ્કેલીનો સામનો કરી રહી છે. ૪૨.૫ ટકા માર્કેટ હિસ્સેદારી ધરાવનાર ઈન્ડિગોની વાત કરવામાં આવે તો તે પણ ભારે મુશ્કેલીનો સામનો કરી રહી છે. કર્મચારીઓના પગારની ચુકવણી કરવામાં પણ તકલીફ આવી રહી છે. કોરોના વાયરસના ફેલાવાને રોકવા માટે વિવિધ પગલા જાહેર કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે લોકડાઉનની જાહેરાત કરવામાં આવી છે. આમાં વિમાની સેવા પણ બંધ સ્થિતીમાં છે. સ્થિતી એ છે કે ક્ષેત્રીય એરપોર્ટ વિકસિત કરવામાં આવ્યા બાદ થોડાક વર્ષ પહેલા જ લોંચ કરવામાં આવેલી ઉડાણ સ્કીમ હેઠળ ટેન્ડર ભરનાર છ એરલાઈન્સ પોતાના ઓપરેશન બંધ કરી ચુકી છે. આની કિંમત યાત્રીઓને ચુકવવાની ફરજ પડી રહી છે. અત્રે નોંધનીય છે કે ભારતમાં હજુ સુધી ઉડ્ડયન ક્ષેત્ર અથવા તો એવિએશન સેક્ટર સરકારી પૈસા પર આગળ વધતા કેટલીક તકલીફો આવતી રહી છે. હજ અંગેની સબસિડી હોય કે પછી સરકારી વિમાની યાત્રા કરનાર લોકોના બિલની ચુકવણી કરવાની બાબત હોય તમામ મોરચે કેટલીક સમસ્યા આવતી રહી છે. જ્યારે સરકારો આના ખર્ચને લઈને સાવધાન થઈ ત્યારે અને ખાનગી વિમાની કંપનીઓની દરમિયાનગીરીથી વિમાની યાત્રી પણ સામાન્ય રીતે આમાં આવવા લાગી ગયા છે. આ વિશાળ ગ્રાહક વર્ગને આકર્ષિત કરવા માટે ટિકિટના દર ઓછા રાખવાની ફરજ પડી હતી. આવી સ્થિતીમાં ફ્યુઅલ, પાર્કિંગ અને લીઝના વધતા જતા ખર્ચની વચ્ચે સંતુલન જાળવવા માટેની બાબત મુશ્કેલરૂપ બની ગઈ છે. ઉડ્ડયન સેક્ટરની સામે જે તકલીફો આવી રહી છે તે દિશામાં વધારે પ્રયાસ કરવાની જરૂર છે. કારણ કે સમસ્યા હજુ વધી શકે છે. બોઈંગ ૭૩૭ વિમાન બંધ કરવામાં આવ્યા બાદ પણ કેટલીક સમસ્યા ઉભી થઈ ગઈ છે. આ સમસ્યાને પણ લાંબા ગાળે તો દુર કરી લેવામાં આવનાર છે પરંતુ આ સેક્ટરના ફેલાવા માટેના પડકારો હજુ અકબંધ રહેનાર છે. જો માર્ચ ૨૦૨૦માં પૂર્ણ થયેલા નાણાંકીય વર્ષમાં ભારતીય કંપનીઓનુ નુકસાનને ધ્યાનમાં લેવામાં આવે તો આંકડો કુલ ૧.૭ અબજ ડોલર સુધી પહોંચી ગયો છે. અને આગામી નાણાંકીય વર્ષમાં ઘટીને ૫૫થી ૭૦ કરોડ ડોલરની વચ્ચે રહી શકે છે. જો કે ફાયદામાં જવાની બાબત તો ભારે મુશ્કેલ સમાન છે.

રૂપાણી સરકારને સિંહનું કાળજું છે ખરું....? કે જે રાજસ્થાન સરકાર જેવા પગલા લઈ શકે.....?

આજે પહેલી 'મે' એટલે ગુજરાત રાજ્ય સ્થાપના દિવસ ત્યારે એક વાત કે શબ્દોનો રસથાળ પીરસતો રહ્યો છુ,પરંતુ તટસ્થતા છોડી શકતો નથી, મારા શબ્દો લોકભોગ્ય ભાષા છે પણ ઘણાને સમજાતા નથી તો ઘણાંઓ ભૂલતા નથી અને લાઈક આપી વધાવે છે. ત્યારે મૂળ વાત કરીએ વિશ્વભરમાં કોરોના વાયરસ ફેલાવવા માટે અમેરિકા સહિત વિશ્વના દેશો ચીન તરફ આંગળી ચીંધી રહ્યા છે. ત્યારે ભારતમાં કોરોના ફેલાવા અંગે કોને દોષ આપીશું....? તેવા સવાલ આમ પ્રજામાં ગુંજી રહ્યા છે કારણ કે કોરોના બાબતે ભારત સરકારને સૌપ્રથમ રાહુલ ગાંધીએ ચેતવી હતી.... પરંતુ રાહુલ ગાંધી તો કોંગ્રેસના નેતા એટલે તેમની વાત અવગણવામાં આવી..... જોકે માત્ર કોંગ્રેસ જ નહીં પરંતુ ભાજપા ભારતના તમામ વિરોધ પક્ષોની અવગણના કરે છે.....! અદ્ભૂત ગણે છે.....!! તો બીજી તરફ સત્તા પ્રાપ્તિ માટે વિરોધ પક્ષના સભ્યોને જ ખેરવી લે છે અને મોટાભાગે કોંગ્રેસના સભ્યોને વધારેમાં વધારે ખેરવ્યા છે. અત્યારે દેશમાં ભાજપા કોંગ્રેસ યુક્ત પક્ષ બની ગયો છે. પરંતુ ભાજપાના નેતાઓની તકલીફ એ છે કે કોંગ્રેસના બુદ્ધિ માન નેતાઓની સલાહોને અવગણેછે કે તેમના અનુભવનો લાભ લેવાથી પણ દૂર ભાગે છે.... તેનું કારણ છે રાજનેતાઓ પોતાને સર્વજ્ઞ માને છે તે છે. જેના કારણે ભારતમાં કોરોના વાયલસ વરવુ રૂપ બતાવતો આગળ વધી રહ્યો છે....! રાજકારણીઓ કોરોના ફેલાવા માટે જે કારણો બતાવતા તે ભાજપા સરકારને સ્વીકાર્ય ન હતા.... પરંતુ હવે બુદ્ધિજીવીઓ અને તજજ્ઞો પણ કહેછે કે સૌથી મોટી ભૂલ એ હતી કે ચીનમાં કોરોના ફેલાવાની વાત જાણ્યા પછી ભારતમાં વિદેશમાંથી આવી રહેલા ભારતીયો કે કોરોના વાયરસ ફેલાવાની વાત જાણી ભારત ભાગી આવેલા શ્રીમંતો કે તેમના સંતાનો, એનઈઆરઆઈની મેડિકલ તપાસ જ કરવામાં આવતી ન હતી. કેન્દ્ર સરકારે એરપોર્ટ ઉપર મેડિકલ તપાસ માટેના સૂચનો જાન્યુઆરી ૧૭મીએ મૂક્યા પણ વિદેશથી આવનારાઓની કોઈપણ મેડિકલ તપાસ કરવામાં આવી ન હતી તેનું ઉદાહરણ છે જાણીને કનિકા કપૂર એ સિવાય ટ્રમ્પના કાર્યક્રમ સમયે અને એ પહેલા અનેક વિદેશથી આવી ગયા અને એ પણ વિશ્વના કેટલાક દેશોમાં કોરોના કેસો નોંધાયા પછી....! છતાં કેન્દ્રનું આરોગ્ય મંત્રાલય કહે છે કોરોનાથી ડરવાની જરૂર નથી આપણી પાસે તેને પહોંચી વળવા પૂરતી તૈયારી છે. હવે દેશભરમાં કોરોના વાયરસે અનેકોને ચપેટમાં લીધા છે તો અનેકને મોતના મુખમાં ધકેલી દીધા છે તે હકીકત જોઈને હવે આપણે કોની ભૂલ કહીશું.....?

દેશમાં ખાસ કરીને ગુજરાત રાજયમાં જે પરિસ્થિતિ ઊભી થવા પામી છે તેમાં સરકારી તંત્ર અને મનપા તંત્રની ભૂલો સ્પષ્ટ રીતે આંખે ઊડીને વળગે છે. દેશભરના રાજયો પૈકી ગુજરાતમાં કોરોનાએ માણસ ખાઉ રાક્ષસ જવું રૂપ ધારણ કરી લીધું છે....! ૨૧૬ લોકોને ભરખી ગયો છે તો કોરોના સંક્રમિતોનો આંક ૫ હજારની સંખ્યાને ટચ કરવા આગળ વધી રહ્યો છે. ગુજરાતમાં ૯ જિલ્લાને રેડ ઝોનમાં મૂક્યા છે, ૧૯ જીલ્લાને ઓરેન્જ ઝોનમા અને ૫ જિલ્લા ગ્રીન ઝોનમાં મૂકવામાં આવ્યા છે. રેડ ઝોનમાં અમદાવાદ, સુરત, વડોદરા, ભાવનગર, ગાંધીનગર, આણંદ, પંચમહાલ, અરવલ્લી અને બનાસકાંઠા જિલ્લાઓને કેન્દ્ર સરકારે મૂક્યા છે.. કારણ કે કોરોના કેસોની સંખ્યા દિન-પ્રતિદિન વધવા લાગી છે. તેમાં પણ અમદાવાદમાં અગાઉ રેડ ઝોનમા જમાલપુર, દરિયાપુર, ખાડિયા, દાણીલીમડા, બહેરામપુરા અને શાહપુર હતા તેમાં વધુ ત્રણ વિસ્તારો અસારવા, સરસપુર અને ગોમતીપુર ઉમેરવામાં આવ્યા છે. આ વિસ્તારોનો મૃતાક ૧૪૯ પહોંચી ગયો છે અને કોરોના સંક્લમિતોનો આક ૩૦૩૬ નોંધાયો છે. જેને કારણે આરોગ્ય તંત્ર, અમદાવાદ મનપા તંત્ર અને સરકાર હક્કા બક્કા થઈ ગયા છે....! સરકારી તંત્ર ક્યાં ગોથા ખાઈ રહ્યું છે તે કોઈ ની પણ સમજમાં નથી આવતું.....!?

ગુજરાતના બુદ્ધિજીવીઓના અને હવે ઠરેલ તેમજ સમજદાર લોકોના કહેવા અનુસાર અમદાવાદ મનપા કમિશનરની ચેતવણી સાચી જ થવા જઈ રહી છે. કર્ફ્યુ સહિતના આકરા પગલાં લેવાની જરૂર છે. રાજયના શહેરોને રેડ, ઓરેન્જ ઝોનમાં મૂકવામાં આવ્યા છે ત્યાં તમામ વિસ્તારોમાં જે અતિ જરૂરી છે તે સેનેટાઈઝર કરવામાં નિષ્ફળ ગયા છે... તો કર્ફ્યુ વાળા વિસ્તારો અને ઓરેન્જ ઝોનમા સૌથી વધુ નિયમોનો ભંગ થઈ રહ્યો છે... પોલીસને પણ લોકો ગણકારતા નથી.... તેમજ કર્ફ્યુ છૂટમા મહિલાઓ ટોળાબંધ ખરીદી માટે ઉમટી પડે છે... જેના કારણે કોરોનાગ્રસ્ત લોકોની સંખ્યા વધુ ફેલાઈ શકે... જેની સમજનો લોકોમા અભાવ છે. ત્યારે મિઝોરમ રાજયનો દાખલો લઈ શાકભાજી સહિતની ચીજવસ્તુ વેચાણ માટે ડિસ્ટન્સ સ્પોટ નક્કી કરવા સાથે નિયમોનુ કડકાઈથી અમલ કરાવવો જોઈએ. તેમા તંત્ર નિષ્ફળ ગયુ છે તેમ કહેવુ અતિશયોક્તિ નથી.....! ટૂંકમાં રાજસ્થાનની સરકારે કર્ફ્યુ સહિતના લોકોને ન ગમતા જે પણ કડવા પગલા લેવા જરૂરી હતા તે લીધા અને ત્યા લોકોને અત્યારે શાન્તિ છે.અત્યારે ગુજરાતમા પણ રાજસ્થાન સરકાર જેવા પગલા લેવા જરૂરી છે... પણ તે માટે રૂપાણીજીએ કલેજુ કઠણ કરવું પડશે... તે સાથે વીજળી બિલ, શિક્ષણ ફી, મ્યુ.ટેક્ષ વગેરે ત્રણ માસના સંપૂર્ણ માફ કરવા પડશે...અને એના માટે સિંહનું કલેજું જોઈએ. રૂપાણી સરકાર આ માટે પદ્ન ની છાતી બતાવી શકશે....? રૂપાણી સરકાર વારંવાર સંવેદનશીલ સરકાર હોવાનુ રટણ કર્યા કરે છે ત્યારે જમીની સ્તરે ઉતરવાની ઝરૂર છે.... ગરીબ, મજૂરો,લોઅર મધ્યમવર્ગ અને મધ્યમ વર્ગ સુધી સરકારી સહાય કે અનાજ પુરેપુરૂ દરેકને પહોચ્યુ છે ખરું.....? આ રેશન અનાજ બાબતે વડાપ્રધાનશ્રીના ભાઈ પ્રહલાદભાઈએ રૂપાણી સરકાર પર આક્ષેપો મૂક્યા છે જેના વિડીયો પણ વાઈરલ થયા છે. રૂપિયા ૧ હજારની કાર્ડધારકોને આર્થિક સહાય આપવાની જાહેરાત કરી પણ રેશન પરવાનેદારો એવું કહીને અરજી કે પુરાવા લેવાનો ઈનકાર કરે છે કે રેગ્યુલર રેશન અનાજનો લાભ લેતા હોય તેના માટેજ આ યોજના છે... તો આવો ભેદભાવ શા માટે.....? ત્યારે સવાલ એ ઉઠવા પામ્યો છે કે ખરેખર સાચા અર્થમાં રૂપાણી સરકાર સંવેદનશીલ છે ખરી.....?! વંદે માતરમ્

રહસ્ય: કોરોના દર્દીઓ માટે તૈયાર કરાયેલ VSનો ૩ માળનો ટ્રોમા સેન્ટર પણ ખાલી!

અમ્યુકોના સત્તાધીશો કહે છે કે એસવીપીમાં હવે નવા દર્દી માટે જગ્યા નથી, તો વીએસના ટ્રોમા સેન્ટરનો કેમ ઉપયોગ કરાતો નથી.? શું વીએસના ટ્રોમા સેન્ટરને તૈયાર કરીને કોઈ વીવીઆઈપી પેશન્ટ માટે ખાલી રખાયો છે..? ચર્ચાતો સવાલ

ગુજરાતે આજે પહેલી મેના રેજ ૬૦ વર્ષ પૂરા કર્યા અને ૬૧મા વર્ષમાં પ્રવેશ કર્યો છે ત્યારે ગુજરાતની સ્થાપના ૧૯૬૦માં થઈ ત્યારે તે વખતના નેતાઓને એવી કલ્પના પણ નહીં હોય કે ૬૦માં સ્થાપના દિનની ઉજવણી નહીં થાય અને કોરોના વાઈરસને કારણે આખુ ગુજરાત લોકડાઉનમાં કેદ હશે...! ગુજરાતમાં કોરોનાના ૪ હજાર કરતાં વધારે કેસો નોંધાયા છે તેમાં સૌથી વધારે કેસો અમદાવાદ શહેરના છે અને છેલ્લાં એક સપ્તાહથી એકલા અમદાવાદમાં ૧૫૦ કરતાં વધારે કેસો કોરોનાના પોઝીટીવ બહાર આવી રહ્યાં છે. કોરોના પેશન્ટને સીવીલ ઉપરાંત નવી બનાવેલી એસવીપી હોસ્પિટલમાં દાખલ કરાય છે અને અમદાવાદ મ્યુનિ. કોર્પો.ના સત્તાવાળાઓ એવી જાહેરાત કરે છે કે એલવાપીમાં હવે જગ્યા નથી અને આસપાસની કોવિડ હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓને લઈ જવામાં આવે છે. પરંતુ એક નવી ચોંકાવનારી માહિતી પ્રમાણે, એસવીપીની નજીકમાં જ જુની વીએસ હોસ્પિટલમાં ૩ માળનો આખો ટ્રોમા સેન્ટર તમામ સુવિધા સાથે તૈયાર છે અને ખાલી છે તેમ છતાં વીએસના ટ્રોમા સેન્ટર અને અન્ય ખાલી પડેલા વોર્ડોમાં કોરોનાના નવા દર્દીઓને કેમ દાખલ કરાતા નથી અને આ આખા ૩ માળ કોના માટે તૈયાર કરીને ખાલી રાખવામાં આવ્યાં છે...તેના ચર્ચા જોરશોરથી અમ્યુકોમાં થઈ રહી છે. શું કોઈ વીવીઆપી કોરોના પેશન્ટ માટે ૩ માળનો અને વેન્ટીલેટર્સ સહિતની તમામ સુવિધા ધરાવનાર ટ્રોમા સેન્ટર ખાલી રાખવામાં આવ્યો છે...સામાન્ય દર્દીઓને આ ટ્રોમા સેન્ટરમાં કેમ દાખલ કરાતા નથી અને આસપાસના કોવિડ હોસ્પિટલમાં કેમ ખસેડવામાં આવે છે...તેવા સવાલો પણ ચર્ચાઈ રહ્યાં છે. અમ્યુકોના સૂત્રોના જણાવ્યાં પ્રમાણે, મ્યુનિ. કમિશેનર વિજય નેહરા દ્વારા એવી જાહેરાત કરવામાં આવી કે એસવીપી હોસ્પિટલમાં હવે જગ્યા નથી. એકલા અમદાવાદ શહેરમાં કોરોનાના ૨ હજાર કરતાં વધારે દર્દીઓ છે. હોસ્પિટલોમાં હવે જગ્યા જ નથી તેથી નવા દર્દીઓને કોવિડ હોસ્પિટલોમાં ખસેડાશે. પરંતુ એસવાપીની તદ્દન નજીકની વીએસ હોસ્પિટલમાં ૩ માળનો આખો ટ્રોમા સેન્ટર ઓકસિજન, વેન્ટીલેટર્સ અને અન્ય તબીબી સવિધા સાથે તૈયાર કરીને ખાલી રખાયો છે. આ ટ્રોમા સેન્ટર માટે ૧૮ જેટલા ડોક્ટરોની ટીમ પણ તૈયાર છે. તેમ છતાં તેમાં કોરોના પોઝીટીવના દર્દીઓને કેમ દાખલ કરાતા નથી, તેવા સવાલો થઈ રહ્યાં છે.

સૂત્રોએ કહ્યું કે એક તરફ અમ્યુકો અને અન્ય તંત્ર દ્વારા નવા દર્દીઓ માટે જગ્યા નથીની બુમો પાડીને લોકડાઉનનું પાલન કરવા નાગરિકોને વારંવાર અપીલ કરવામાં આવે છે અને તે એક સારી અને આવકાર્ય બાબત છે. પરંતુ વીએસના ટ્રોમા સેન્ટરનો હાલની કોરોના કટોકટીમાં કેમ ઉપયોગ કરાતો નથી..?

સૂત્રોએ કહ્યું કે વીએસ પ્રત્યે ભેદભાવ રાખીને તેની ઉપેક્ષાના ભાગરૂપે આ હોસ્પિટલમાં સ્ટાફની મહિને કે બે મહિને નહીં પણ દિવસમાં ગમે ત્યારે બદલી કરી દેવામાં આવે છે. સ્ટાફમાં તેનાથી ભારે અસંતોષ છે. અમ્યુકોના સત્તાધીશો શું કરવા માંગે છે તે જ હોસેપિટલના સ્ટાફને સમજાતુ નથી. મનફાવે તેમ સ્ટાફની દિવસમાં ગમે ત્યારે બદલી કરી દેવામાં આવે છે.

સૂત્રોએ કહ્યું કે હાલમાં ૧૦માંથી ૬ પેશન્ટ કોરોના પોઝીટીવના આવી રહ્યાં છે. રોજેરોજ નવા કેસોની સંખ્યા વધી રહી છે અને સાજા થઈને રજા લેનાર દર્દીઓની સંખ્યા ખૂબ ઓછી છે. એકલા અમદાવાદમાં જ કોરોના પોઝીટીવના કેસોની સંખ્યા બે હજારને પાર થઈ ગઈ છે. નવા ૧૫૦ કે તેથી વધુ પોઝીટીવ કેસો અમદાવાદમાં બહાર આવી રહ્યાં છે ત્યારે કોવિડ હોસ્પિટલ કે જે દૂર છે ત્યાં દર્દીઓને લઈ જવાને બદલે શંકાસ્પદ કેસોને વીએસના ટ્રોમા સેન્ટરમાં રાખી શકાય તેમ છે. ૩ માળમાં ટ્રોમા સેન્ટર છે. ઉપરાંત ઈમરજન્સી વોર્ડ ખાલી છે, વોર્ડ નં. ૩ અને ૪ સહિત અન્ય ઘણાં બેડ ખાલી છે, જરૂરી સ્ટાફ ઉપલબ્ધ છે, તમામ તબીબી સુવિધા, ઉપકરણો ઉપલબ્ધ છે ત્યારે ટ્રોમા સેન્ટર તૈયાર કરાવીને કોના માટે ખાલી રખાયો છે, તેનું રહસ્ય ઘેરી બની રહ્યું છે. શું કોઈ વીવીઆઈપી દર્દી માટે તૈયાર કરીને ખાલી રખાયું છે, જો તેમ ના હોય તો અતિ આધુનિક સુવિધા સાથેના આ ટ્રોમા સેન્ટર અને અન્ય ખાલી વોર્ડનો કેમ ઉપયોગ કરાતો નથી...આ મુદ્દો અમ્યુકોમાં ચર્ચા રહ્યો છે.

પસંદગીકારોએ ખેલાડીઓ સાથે શારીરિક સંબંધ બાંધવાની માંગ મામલાને સનથ જયસૂર્યાએ ઉકેલ્યો હતો

નવી દિલ્હી

ઘણીવાર ક્રિકેટના મેદાન પરના ખેલાડીઓ એકબીજા સાથે દુર્વ્યવહાર કરે છે, માર મારવામાં પણ આવે છે. આટલું જ નહીં ક્રિકેટની આ રમત મેચ ફિક્સિંગના ઘા પણ સહન કરી ચૂકી છે, પરંતુ શું તમે જાણો છો કે સેક્સ સ્કેન્ડલથી રમતને કલંકિત કરવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો છે. હા, ક્રિકેટમાં આવી તક પણ આવી છે જ્યારે ટીમમાં સ્થાન જાળવવા માટે, એક ટીમના પસંદગીકારોએ ખેલાડીઓ સાથે શારીરિક સંબંધ બાંધવાની માંગ કરી હતી. તેણે સીધી મહિલા ખેલાડીઓને કહ્યું—જે ખેલાડી તેમને ખુશ કરશે, તે ટીમમાં રમશે. ચાલો તમને જણાવીએ કે આખો મામલો શું છે. વર્ષ ૨૦૧૪, ઓક્ટોબર મહિનો અને એક એવા સમાચાર બહાર આવ્યા જેણે ક્રિકેટના પંડિતો જ નહીં, કરોડો ચાહકોને હચમચાવી લીધા. શ્રીલંકાના સ્થાનિક મીડિયાએ મોટા બ્રેકિંગ ન્યૂઝ આપતા કહ્યું કે શ્રીલંકાની મહિલા ખેલાડીઓએ પસંદગીકારો પર આરોપ લગાવ્યો છે કે તેઓ રાષ્ટ્રીય ટીમમાં સ્થાન મેળવવા માટે પસંદગીકારો સાથે શારીરિક સંબંધ બાંધવાની માંગણીનો સામનો કરી રહ્યા છે.

શ્રીલંકાની મહિલા ખેલાડીઓએ ટીમ મેનેજમેન્ટ અને પસંદગીકારો પર આરોપ લગાવ્યો હતો. મહિલા



ખેલાડીઓએ દાવો કર્યો હતો કે પસંદગીકારો અને ટીમ મેનેજમેન્ટ લોકો ખુલ્લેઆમ કહી રહ્યા છે કે જે ખેલાડી તેમને સંતુષ્ટ કરશે તે ટીમમાં રમવા માટે હકદાર રહેશે. શ્રીલંકાની મહિલા ક્રિકેટ ટીમ સેક્સ સ્કેન્ડલના આ આરોપ બાદ ક્રિકેટની દુનિયા થોડી હચમચી ઉઠી છે. આ સમાચાર આખી દુનિયામાં અગ્નિની જેમ ફેલાઈ ગયા અને શ્રીલંકા ક્રિકેટ બોર્ડ તાત્કાલીક અમલમાં આવ્યું અને તેની તપાસના આદેશ આપ્યા. શ્રીલંકન ક્રિકેટ બોર્ડે આ કેસની તપાસ તત્કાલીન મુખ્ય પસંદગીકાર સનથ જયસૂર્યા સહિત ત્રણ અધિકારીઓને સોંપી હતી. ૧૯૯૬ માં વર્લ્ડ કપમાં શ્રીલંકાને જીતનારા સનથ જયસૂર્યાએ આ મામલાની ગંભીરતાપૂર્વક તપાસ કરી હતી અને બરાબર ૭ મહિના પછી તે નિષ્કર્ષ પર પહોંચ્યું હતું. તેની તપાસમાં, જયસૂર્યાએ શોધી કાઢ્યું કે આ કેસમાં ૩ અધિકારીઓ સંડોવાયેલા છે, જેમાંથી બે અધિકારીઓ જાતીય સતામણીના કેટલાક કેસોમાં સામેલ હતા જ્યારે એક અધિકારી અયોગ્ય વર્તન માટે દોષી સાબિત થયો હતો જે જાતીય સતામણીના દાયરામાં આવતો નથી. જો કે, જયસૂર્યાની સમિતિએ શોધી કાઢ્યું છે કે કોઈ પણ વ્યક્તિ સાથે કોઈપણ પ્રકારનો શારીરિક સંબંધ હોવાના પુરાવા મળ્યા નથી. જયસૂર્યાના આ અહેવાલ બાદ શ્રીલંકા ક્રિકેટ બોર્ડે દોષી ગણાતા ત્રણેય પસંદગીકારોને તરતજ કાઢી મૂક્યા હતા. આ રીતે, શ્રીલંકાની મહિલા ખેલાડીઓને ન્યાય મળ્યો.

રામાયણ બની દુનિયાભરમાં સૌથી વધુ જોવાવા વાળી મનોરંજન સીરિયલ



નવી દિલ્હી

કોરોના વાયરસના કારણે લોકો ઘરમાં બંધ છે, લોકોને મનોરંજન અને જ્ઞાન પુરુ પડવા માટે દુરદર્શને પોતાની વર્ષો જુની સીરિયલ રામાયણને ફરીથી પ્રસારિત કરી, અને રિપોર્ટ છે કે રામાયણ એક મોટો રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. રાષ્ટ્રીય ચેનલ દુરદર્શનના ઓફિશિયલ ટ્વીટર હેન્ડલ પરથી કરવામાં આવેલા ટ્વીટ અનુસાર, રામાયણે એક વર્લ્ડ રેકોર્ડ નોંધાવ્યો છે. રામાયણ રામાનંદ સાગરે બનાવી હતી. ટ્વીટ પ્રમાણે, રામાયણના પુનઃ પ્રસારણે દુનિયાભરના દર્શકોનો રેકોર્ડ તોડી નાંખ્યો છે, અને આ ૧૬ એપ્રિલે ૭.૭ કરોડ દર્શકોની સંખ્યા સાથે દુનિયાભરમાં સૌથી વધુ જોવાવા વાળી મનોરંજન સીરિયલ બની ગઈ છે. ખાસ વાત છે કે, દેશભરમાં લૉકડાઉનના કારણે ફિલ્મો, ટીવી સીરિયલો અને શૉના શૂટિંગ સદંતર બંધ છે. સાથે લાંબા સમયથી માંગ હતી કે રામાયણને ફરીથી પ્રસારિત કરવામાં આવે. દુરદર્શને આ માંગને સ્વીકારી અને પુનઃ પ્રસારિત કરી હતી. આવા સમયે રામાયણે એક મોટો વર્લ્ડ રેકોર્ડ બનાવી દીધો છે.

ભારતે ઓક્ટોબર ૨૦૧૬ પછી પહેલીવાર નંબર-૧નો તાજ ગુમાવ્યો

ICC રેંકિંગમાં ભારત વનડેમાં બીજા અને T-20માં ત્રીજા ક્રમે લપસ્યું

નવી દિલ્હી

ઓસ્ટ્રેલિયા ભારતને પાછળ છોડીને વર્લ્ડ નંબર ૧ ટેસ્ટ ટીમ બની ગઈ છે. ઓસ્ટ્રેલિયા ૧૧૬ પોઈન્ટ્સ સાથે પ્રથમ અને ન્યૂઝીલેન્ડ ૧૧૫ પોઈન્ટ્સ સાથે બીજા સ્થાને છે. ભારત ઓક્ટોબર ૨૦૧૬થી ટેસ્ટ ટીમ રેંકિંગમાં પ્રથમ સ્થાને હતું, જોકે હવે કોહલીની ટીમ ત્રીજા ક્રમે પહોંચી ગઈ છે. ભારતના ૧૧૪ પોઈન્ટ્સ છે. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલે પોતાની પોઈન્ટ સિસ્ટમ અપડેટ કરી છે. જેમાં હવે ૨૦૧૬-૧૭ની સીઝન દરમિયાન મેળવેલા પોઈન્ટ્સને રેંકિંગની ગણતરી કરતી વખતે ધ્યાનમાં લેવામાં આવતા નથી. તેમજ મે ૨૦૧૯ સુધી રમાયેલી મેચોને મહત્ત્વ પણ સિસ્ટમમાં ચાલુ વર્ષની મેચોની સરખામણીએ ઘટાડી દીધું છે. ભારત ૨૦૧૬-૧૭ની સીઝનમાં ૧૨ ટેસ્ટ જીત્યું હતું અને માત્ર ૧ હાર્યું હતું.

જ્યારે ઓસ્ટ્રેલિયાએ તે જ સીઝનમાં ભારત અને દક્ષિણ આફ્રિકા સામે સીરિઝ ગુમાવી હતી. આ રીતે ભારતને નુકસાન અને કાંગારૂને ફાયદો થયો છે. છેલ્લા કેટલાક સમયથી નિરાશાજનક દેખાવ કરનાર દક્ષિણ આફ્રિકા હવે શ્રીલંકાથી પાછળ છઠ્ઠા ક્રમે પહોંચી ગયું છે. દક્ષિણ આફ્રિકા ફેબ્રુઆરી ૨૦૧૯થી રમાયેલી ૯માંથી ૮ સીરિઝ હાર્યું છે. ટેસ્ટ રેંકિંગમાં ઈંગ્લેન્ડ ૧૦૫ પોઈન્ટ્સ સાથે ચોથા, શ્રીલંકા ૯૧ પોઈન્ટ્સ સાથે પાંચમા અને દક્ષિણ આફ્રિકા ૯૦ પોઈન્ટ્સ સાથે છઠ્ઠા ક્રમે છે._-૨૦ રેંકિંગની શરૂઆત ૨૦૧૧થી થઈ હતી.

ત્યારથી લઈને અત્યાર સુધીમાં ઓસ્ટ્રેલિયા પહેલીવાર ફોર્મેટમાં નંબર ૧ ટીમ બની છે. પાકિસ્તાન છેલ્લા ૨૭ મહિનાથી ટોપ પર હતું અને હવે ઓસ્ટ્રેલિયાએ તેને રિપ્લેસ કર્યું છે. ઓસ્ટ્રેલિયા શ્રીલંકા, પાકિસ્તાન અને દક્ષિણ આફ્રિકા સામે રમેલી છેલ્લી ૯માંથી ૭ મેચ જીત્યું છે. ઑસ્ટ્રેલિયા ૨૭૮ પોઈન્ટ્સ સાથે પ્રથમ, ઈંગ્લેન્ડ ૨૬૮ પોઈન્ટ્સ સાથે બીજા અને ભારત ૨૬૬ પોઈન્ટ્સ સાથે ત્રીજા સ્થાને છે. પાકિસ્તાન ત્રણ ક્રમના નુકસાન સાથે ૨૬૦ પોઈન્ટ્સ સાથે ચોથા અને દક્ષિણ આફ્રિકા ૨૫૮ પોઈન્ટ્સ સાથે પાંચમા ક્રમે છે.

વનડેમાં ૨૦૧૯ વર્લ્ડ કપ વિજેતા ઈંગ્લેન્ડ ૧૨૭ પોઈન્ટ્સ સાથે ટોપ પર છે. ભારત, ન્યૂઝીલેન્ડ, દક્ષિણ આફ્રિકા અને ઑસ્ટ્રેલિયા અનુક્રમે બીજા, ત્રીજા, ચોથા અને પાંચમા સ્થાને છે. તેમના ૧૧૯, ૧૧૬, ૧૦૮ અને ૧૦૭ પોઈન્ટ્સ છે.

મોત બાદ બીગ બીએ ઋષિ કપૂર પર લખ્યો બ્લોગઃ બંનેના સબંધોને લઈ કરી વાત

મુંબઈ

અમિતાભ બચ્ચને ઋષિ કપૂરના મોતની ખબર આપતાં કહ્યું હતું કે, હું તૂટી ગયો છું. પરંતુ તેણે કરેલું ટ્વીટ બાદમાં હટાવી દીધું હતું અને ડિલીટ કરી નાંખ્યું હતું. સાંજે તેમણે ફરીથી એક બ્લોગ લખ્યો. તેમાં તેણે ઋષિ કપૂરને પહેલી વખત જોયાં ત્યારથી લઈને બન્ને વચ્ચેના સંબંધો કેવા હતા એ બધી જ વાત કરી. બીગ બીએ લખ્યું કે, રાજ કપૂરે સાહેબે મને એક સાંજે બોલાવ્યો હતો. ત્યાં જ ઋષિને ચેંબુરના દેવનાર કોટેઝમાં જોયા હતા.

ત્યારે તે બાળક હતા. તેની ચાલ ઢાલ પણ એકદમ અલગ હતી. ત્યારબાદ આર કે સ્ટૂડિયોઝમાં તે અવારનવાર જોવા મળતા. તેને બોબી માટે તૈયાર કરવામાં આવતા હતા. તે ખુબ જ બિન્દાસ ચાલતા હતા. કેટલીક વાર તો તેનો અંદાજ એકદમ મહાન



પૃથ્વીરાજ કપૂર સાથે મળતો હતો. અમે કેટલીય ફિલ્મોમાં સાથે કામ કર્યું. વિશ્વાસ રાખજો કે જ્યારે એ કોઈ વાત કરતાં હતા તો તેની વાતનો કોઈ વિકલ્પ નથી હોતો. તે એકદમ જેન્યુએન માણસ હતા. તે જે રીતે ગીત પર લિપ-સિંક કરતાં હતા એ રીતે કદાચ કોઈ બીજા જ કરી શકે.

તે ફિલ્મના સેટ પર હંમેશા અમને હસાવ્યા કરતાં હતા. માત્ર સેટ પર જ નહીં પણ અલગ અલગ ઈવેન્ટમાં પણ તે અમને ખુશનુમા જ રાખતા હતા. એની બિમારી દરમિયાન પણ એણે કોઈને મહેસુસ ન થવા દીધું કે તે આટલી મોટી બિમારી સાથે લડી રહ્યા છે. તે હંમેશા કહેતા કે જલ્દી જ તમને મળવા આવું. આ તો બસ રૂટિનમાં દવાખાને આાવવા જવાનું થાય છે. હું જલ્દી જ પાછો ફરું છું. બીગ બીએ આગળ લખ્યું કે, હું એના ચહેરા પર ક્યારેય તણાવ જોવા નહોતો માંગતો. હું ક્યારેય એને દવાખાને જોવા જ નથી ગયો. પરંતુ મને ભરોસો છે કે જ્યારે તે ગયા હશે તેના ચેહરા પર મુસ્કાન જ હશે.

નસીરુદ્દીન શાહ અને બપ્પી લહેરીની તબિયતને લઈ અફવા પર વિવાને કરી સ્પષ્ટતા



મુંબઈ

૨૯ અને ૩૦ એપ્રિલના રોજ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના બે મહાન એક્ટર ઈરફાન ખાન અને રિશી કપૂરે વિદાય લીધી. ત્યારબાદ ગુરુવારે સાંજે સોશિયલ મીડિયા પર એક્ટર નસીરુદ્દીન શાહ અને સિંગર બપ્પી લહેરીની તબિયત ખરાબ છે અને તેમને હોસ્પિટલમાં એડમિટ કરાયા છે એવી વાત ફેલાઈ હતી. જોકે, આ વાત સાવ ખોટી છે. નસીરના દીકરા વિવાન શાહે ટ્વીટ કરીને આ અફવાઓનો છેદ ઉડાવી દીધો છે. વિવાને લખ્યું કે, બધું બરાબર છે. બાબા ઠીક છે. તેમના સ્વાસ્થ્યને લઈને ફરતી અફવાઓ ખોટી છે. તે એકદમ સ્વસ્થ છે. ઈરફાન ભાઈ અને ચિન્ટુ જી માટે પ્રાર્થના કરી રહ્યા છીએ. તેમને ઘણા યાદ કરી રહ્યા છીએ. તેમના પરિવારની સહાનુભૂતિ. આ આપણા બધા માટે મોટું નુકસાન છે.

બપ્પી લહેરીને શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી જેને કારણે તેને હોસ્પિટલ ખસેડાયા છે આવી અફવા હતી. પરંતુ આ ખોટી વાત છે અને તેઓ એકદમ સ્વસ્થ છે. તેમણે ગુરુવારે રાત્રે એક ટ્વીટ કરીને રિશી કપૂરના મૃત્યુ પર દુઃખ પણ વ્યક્ત કર્યું હતું. તેમણે લખ્યું હતું કે, હું આઘાતમાં છું અને મારી પાસે કોઈ શબ્દ નથી. મારો ભાઈ, એક સાચો મ્યુઝિકલ હીરો ખોઈ દીધો. તારી યાદ આવશે. તેમના પરિવારને સહાનુભૂતિ.

સુતાપા સિકદારે ઈરફાન ખાનના નિધન પર લખ્યું,

મેંને ખોયા નહી હૈ, મેને હર તરહ સે હાસિલ કિયા હૈ...

મુંબઈ

બોલીવુડના લોકપ્રિય એક્ટર ઈરફાન ખાનનું બુધવારે નિધન થયું હતું. આ સમાચારે સમગ્ર ફિલ્મ ઈન્ડસ્ટ્રીને શોકમાં ગરકાવ કરી દીધી છે. દરેક કલાકાર ઈરફાન ખાનના નિધનથી દુખી છે. આ સાથે જ લોકો આ એક્ટરના પરિવાર માટે પ્રાર્થના કરી રહ્યા છે. ઈરફાન ખાનના નિધનની ખબર પર ભારત સહિત દુનિયાભરમાંથી દુઃખ વ્યક્ત કરતા મેસેજીસ આવ્યા હતા. અમિતાભ બચ્ચન, આમિર ખાન, શાહરુખ ખાન, સલમાન ખાન, અક્ષય કુમાર સહિત કેટલાય સ્ટાર્સે તેમના નિધન પર દુઃખ વ્યક્ત કરતા તેમના નિધનથી ઈન્ડસ્ટ્રીને બહું મોટી ખોટ સાલસે તેવું જણાવ્યું હતું. ઈરફાન ખાનની પત્ની સુતાપા સિકદારે ગુરુવારે પોસ્ટ લખી જેના પર ઘણા રિએક્શન આવી રહ્યા છે.


સુતાપા સિકદારે ઈરફાન ખાનના નિધન પર લખ્યું, મેંને ખોયા નહી હૈ, મેને હર તરહ સે હાસિલ કિયા હૈ... સુતાપા સિકદારની આ પોસ્ટથી તેની



આંતરિક શક્તિને જાણી શકાય છે. તેની આ પોસ્ટ પર યુઝર્સ ખુબ રિએક્શન આપી રહ્યા છે. ઈરફાન જ્યારે કેન્સર સામેની લડાઈ લડી રહ્યો હતો ત્યારે સુતાપા સિકદારએ પોસ્ટ લખી હતી જેમાં તેણે ઈરફાન ખાનને ફાઈટર કહ્યો હતો. તેણે પોસ્ટમાં લખ્યું હતું કે, મારો બેસ્ટ ફ્રેન્ડ અને મારો પાર્ટનર એક યોદ્ધા છે. તે દરેક મુશ્કેલી સામે અડગતાથી અને સુંદરતાથી લડી રહ્યો છે.

નોંધનીય છે કે વર્ષ ૨૦૧૮માં ઈરફાન ખાનને ખબર પડી કે તે ન્યૂરોઈન્ડોકાઈન ટ્યૂમરથી પીડીત હતા. આ બીમારીની સારવાર માટે ઈરફાન ખાન લંડન પણ ગયા હતા અને લગભગ એક વર્ષ પછી સારવાર કરાવીને ભારત પરત ફર્યા હતા. એક્ટર ઈરફાન ખાન સારવારના કારણે ઘણા દિવસો સુધી બોલિવૂડથી દૂર રહ્યો હતો. લંડનથી સ્વસ્થ થઈને ભારત પરત ફર્યા બાદ તેણે બોલિવૂડમાં વાપસી કરીને ફિલ્મ અંગ્રેજી મીડિયમનું શૂટિંગ પણ કર્યું હતું. નોંધનીય છે કે ઈરફાન ખાનને વર્સોવા કબ્રસ્તાનમાં દફનાવવામાં આવ્યા છે. લોકડાઉનના કારણે તેમની અંતિમ વિદાયમાં માત્ર ૨૦ લોકો જ જોડાઈ શક્યા હતા.

ગુજરાતનો સ્થાપના દિવસ પર ગુજરાતી કલાકાર મયૂર વાકાણીનો સંદેશ



અમદાવાદ

આજે ૧ મે એટલે ગુજરાતનો સ્થાપત્ય દિવસ.એટલે કે આજના દિવસે ગુજરાત બૃહદ મુંબઈથી અલગ થયું ,અને ગુજરાત રાજ્યની સ્થાપના થઈ. અસલમાં ગુજરાતને વૈદિક કાળમાં આનર્તદેશ તરીકે ઓળખવામાં આવતું હતું.સોમનાથ મંદિર, ગિરનાર પર્વતનો જેમ પૌરાણિક ઈતિહાસ જોવા મળે છે તેમ જ મહાભારત દરિમયાન શ્રીકૃષ્ણએ ગુજરાતના પશ્ચિમ કિનારા પર દ્વારિકા નગરી વસાવી હતી. પાંડવો જે વિરાટ નગરીમાં અજ્ઞાતવાસમાં રહેલાં તે વિરાટ નગરી પણ આજના કચ્છ પ્રદેશમાં હતી.

સચ્ચાઈ, ધર્મ, માનવતા, મહેનત, સકારાત્મક વિચારો અને દેશપ્રેમની પરાકાષ્ઠાને લીધે ગુજરાત આદિકાળથી સૌથી ધનાઢય રાજ્ય હતું અને અત્યારે પણ ભારતનું સૌથી ધનાઢય રાજ્ય છે. જેનો શ્રેય આજના દિવસે ફક્ત અને ફક્ત ગૌરવવંતા અને ખમીરવંતા ગુજરાતીઓને છે. ગુજરાતના ગૌરવગાથામાં જે લોકોએ તન, મન અને ખંતથી ગુજરાતના ઘડતર માટે યોગદાન આપ્યું છે, તેવા તમામ લોકોને વંદન છે ગુજરાતના સ્થાપના દિને ગુજરાતના ગૌરવ એવા મયૂર વાકાણીનો એક સંદેશ જય જય ગરવી ગુજરાત.

કતાર ફિફા વર્લ્ડ કપના બ્રાન્ડ એમ્બેસડર આદિલનો ટેસ્ટ પોઝિટિવ

નવી દિલ્હી

કતાર ફિફા વર્લ્ડ કપના બ્રાન્ડ એમ્બેસડર આદિલ ખામિસ (૫૪)નો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. આયોજક સમિતિ દ્વારા આની પુષ્ટિ કરવામાં હતી. આ અગાઉ પણ વર્લ્ડ કપની તૈયારીઓમાં સામેલ ૩ સ્ટેડિયમના ૮ કર્મચારી પણ સંક્રમિત થયા હતાં. આ છતાં ફિફા વર્લ્ડ કપ માટેની તમામ તૈયારીઓ ચાલુંછે. આ ટૂર્નામેન્ટ નવેમ્બર-ડિસેમ્બર ૨૦૨૨માં યોજાવાની છે. આદિલ કતારની રાષ્ટ્રીય ટીમમાં રમ્યા છે. તેઓ ૧૮ વર્ષની ઉંમરે કતાર તરફથી પહેલી આંતરરાષ્ટ્રીય મેચ રમ્યા હતા. તેમણે ૧૯૮૩માં આંતરરાષ્ટ્રીય કારકિર્દીની શરૂઆત કરી અને ૨૦૦૦માં નિવૃત્ત થયા. તેમણે છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ સુદાન સામે રમી હતી.

શોએબ અખ્તર બાદ યૂનુસ ખાને PCB સલાહકાર તફજ્જુલ રિજલીને સુધારવાની આપી સલાહ

નવી દિલ્હી

પાકિસ્તાનના પૂર્વ ખેલાડી અને દુનિયાની સૌથી ઝડપી બોલર શોએબ અખ્તરે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ અને તેના કાયદા વિભાગ માટે નીચ, નાલાયક જેવા શબ્દો ઉપયોગ કર્યા હતા. શોએબ અખ્તરે તેના યૂ-ટ્યૂબ ચેનલ પર પીસીબીના કાયદાકીય સલાહકાર તફજ્જુલ રિજલી પર ખેલાડીઓ વિરુદ્ધ ખાનગી એજન્ડા ચલાવવાનો મોટો આરોપ લગાવ્યો હતો. જે બાદ પીસીબીના કાયદાકીય સલાહકારે તેમની પર ૧૦ કરોડનો માનહાનિનો દાવો ફટકાર્યો છે. જોકે હવે શોએબ અખ્તરના સમર્થનમાં યૂનુસ ખાન પણ આવી ગયો છે. યૂનુસ ખાને ટ્વિટ કરી શોએબ અખ્તરની દરેક વાત સાચી ગણાવી છે અને પીસીબીને સલાહ આપી છે કે તે સુધરી જાય.

વર્ષ ૨૦૦૯ માં પાકિસ્તાનને ટી ૨૦ વર્લ્ડ કપ જીતનાર યુનુસ ખાને પીસીબીને શોએબ અખ્તરના શબ્દોનું મૂલ્યાંકન કરવા જણાવ્યું હતું. યુનુસ ખાને ટ્વીટ કર્યું, 'શોએબ અખ્તરે ખૂબ કડવું સત્ય કહ્યું છે. આ સમય પીસીબી માટે પ્રામાણિકપણે તેમના મુદ્દાઓનું મૂલ્યાંકન કરવાનો છે. જેથી ખેલાડીઓ અને પાકિસ્તાન ક્રિકેટ સર્વશ્રેષ્ઠ બની શકે. હું શોએબ સાથે ઉભો છું. યુનુસ ખાનનું આ ટ્વીટ પરથી જણાય છે કે શોએબ અખ્તક ક્યાંકને ક્યાંક સાચું બોલી રહ્યા છે. આજ કારણ છે કે શોએબ અખ્તરનું સમર્થન કરી રહ્યા છે.

ભારતના મહાન ફૂટબોલર ચુન્ની ગોસ્વામીનું ૮૨ વર્ષની વયે અવસાન

નવી દિલ્હી

ખૂબ જ મુશ્કેલ સમયમાં રમતના મેદાનમાંથી રમત સાથે સંકળાયેલા ચાહકો માટે ખરાબ સમાચાર બહાર આવ્યા છે. ભારતના મહાન ફૂટબોલર ચુન્ની ગોસ્વામીનું ૮૨ વર્ષની વયે અવસાન થયું છે. હૃદયરોગના હુમલાને કારણે ચુન્નઈ ગોસ્વામીનું અવસાન થયું. પ્રાપ્ત માહિતી અનુસાર, ચુન્ની ગોસ્વામીએ કોલકાતાની એક હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા. તેમનો પરિવાર છેલ્લી ઘડીએ ચુન્ની ગોસ્વામી સાથે હતો. ચુન્ની ગોસ્વામીની પત્ની અને પુત્ર સુદીપ્તો અંત સુધી હોસ્પિટલમાં હાજર હતા. ચુન્ની ગોસ્વામી ૧૯૬૨ એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતનાર ટીમનો



કેપ્ટન હતા. ચુન્ની ગોસ્વામીએ ક્રિકેટમાં પણ નિપુણતા મેળવી હતી અને બંગાળ તરફથી ફર્સ્ટ ક્લાસ ક્રિકેટ પણ રમી હતી. ચુન્ની ગોસ્વામીના પરિવારજનોએ તેમના મૃત્યુ પછી જણાવ્યું હતું કે, "તેમને હાર્ટ એટેક આવ્યો હતો અને તે પાંચ વાગ્યે હોસ્પિટલમાં મૃત્યુ પામ્યા હતા." પરિવારે માહિતી આપી છે કે દિગ્ગજ ખેલાડીઓ ડાયાબિટીઝ, પ્રોસ્ટેટ અને નર્વસ સિસ્ટમથી સંબંધિત રોગો સામે લડી રહ્યા હતા. ગોસ્વામીએ ૧૯૫૬ થી ૧૯૬૪ સુધી ફૂટબોલ ખેલાડી તરીકે ભારત માટે ૫૦ મેચ રમી હતી. ક્રિકેટર તરીકે, તેમણે ૧૯૬૨ થી ૧૯૭૩ વચ્ચે ૪૬ ફર્સ્ટ ક્લાસ મેચોમાં બંગાળનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

મુંબઈ, નાગપુર, પુણેને લોકડાઉનમાં રાહત આપવી શક્ય નથીઃ ઠાકરે

મુંબઈ

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ કોરોના વાઈરસ સંબંધિત લોકડાઉન પરિસ્થિતિ અંગે આજે જનતા સાથે ફેસબુક માધ્યમ દ્વારા ફરી લાઈવ સંવાદ કર્યો હતો. એમાં તેમણે સ્પષ્ટ જણાવ્યું કે મુંબઈ, નાગપુર અને પુણે શહેરો વાઈરસના ફેલાવાના જોખમને કારણે રેડ ઝોનમાં હોવાથી આ શહેરોમાં લોકડાઉનની સ્થિતિમાં કોઈ ઢીલ આપવામાં નહીં આવે. ઠાકરે લોકડાઉનને કારણે રાજ્યના અર્થતંત્ર પર પડેલી અને હજી વધુ પડનારી અસર વિશે પણ બોલ્યા હતા.

ઠાકરેએ કહ્યું કે, ૩ મે પછી આપણે શું કરીશું? અર્થતંત્ર, નોકરીઓમાં કાપના મુદ્દે ઘણા સવાલો પૂછાઈ રહ્યા છે. હું આ વાતોને નકારતો નથી, આ બધી ચિંતા ખરેખર સતાવે જ છે. મહારાષ્ટ્ર રાજ્યને કોરોના વાઈરસ બીમારીની તીવ્રતાને ધ્યાનમાં રાખીને રેડ, ઓરેન્જ અને ગ્રીન – એમ ત્રણ ઝોનમાં વહેંચી દેવામાં આવ્યું છે. રેડ ઝોનમાં મુંબઈ મેટ્રોપોલિટન રીજન, પુણે અને નાગપુર છે. આ ત્રણ શહેરોમાં કોઈ પણ પ્રકારની આર્થિક પ્રવૃત્તિ શરૂ કરવી હાલ શક્ય નથી.

'પરંતુ, ખેતીવાડી તથા ખેતરોમાંથી કૃષિ પેદાશોના ટ્રાન્સપોર્ટેશન પર કોઈ નિયંત્રણ નહીં રહે. ખેતીવાડી તથા તેને સંબંધિત પ્રવૃત્તિઓ પર કોઈ પ્રતિબંધ કે નિયંત્રણ નહીં રહે. અમે ધીમે ધીમે નિયંત્રણો ઉઠાવી રહ્યા છીએ, પરંતુ જો આપણે મોટી સંખ્યામાં ભેગા થઈશું અને શિસ્ત નહીં રાખીએ તો આપણે ફરીથી નિયંત્રણો લાગુ કરવા પડશે. ગ્રીન ઝોનમાં, અમે પ્રતિબંધ ધીમે ધીમે સંપૂર્ણપણે ઉઠાવી લઈશું,' એમ મુખ્ય પ્રધાન ઠાકરેએ કહ્યું.

કેન વિલિયમ્સન અને સૂઝી બેટ્સ ન્યૂઝીલેન્ડના બેસ્ટ વનડે ક્રિકેટર બન્યા



નવી દિલ્હી

મેન્સ ટીમના કેપ્ટન કેન વિલિયમ્સન અને વુમન્સ ટીમની ખેલાડી સૂઝી બેટ્સ ન્યૂઝીલેન્ડના શ્રેષ્ઠ વનડે ક્રિકેટર બન્યા છે. રોસ ટેલરને મેન્સ ૫૦-૨૦, જ્યારે સોફી ડિવાઈનને વુમન્સ T-20 પ્લેયરનો એવોર્ડ મળ્યો છે. વિલિયમ્સનની ટીમ વર્લ્ડ કપમાં રનર અપ રહી હતી. તેણે ૨ સદીની મદદથી ૫૭૮ રન બનાવ્યા હતા અને પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટ જાહેર થયો હતો. ટેલરે T-20 માં ઈંગ્લેન્ડ, શ્રીલંકા, ભારત સામે ૩૩૦ રન બનાવ્યા હતા. તે જ સમયે બેટ્સે વન ડેમાં દક્ષિણ આફ્રિકા સામેની ત્રણ મેચની શ્રેણીમાં બે અર્ધસદી ફટકારી હતી. ડિવાઈને ૫૦-૨૦માં ૭૧ની સરેરાશથી ૪૨૯ રન બનાવ્યા હતા. અનુભવી બેટ્સમેન ટેલરને વર્ષનો T-20 પ્લેયર જાહેર કરવામાં આવ્યો છે. તેણે શ્રીલંકા, ઈંગ્લેન્ડ અને ભારત સામે છેલ્લી ત્રણ શ્રેણીમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. ટેલરે ૧૩૦ની સ્ટ્રાઈક રેટથી ૩૩૦ રન બનાવ્યા હતા. કેપ્ટન સોફી ડિવાઈનને વુમન્સ T-20 પ્લેયર ઓફ ધ યર તરીકે પસંદ કરવામાં આવી હતી. T-20માં સતત ૬ અડધી સદી ફટકારવાનો વર્લ્ડ રેકોર્ડ સોફીના નામે છે. તેણે ૮ T-20માં ૭૧.૫૦ની સરેરાશથી ૪૨૯ રન બનાવ્યા હતા.



એક કલાકાર ચેન્નઈમાં સરકાર દ્વારા લાદવામાં આવેલા દેશવ્યાપી લોકડાઉન દરમિયાન, જાગૃતિ લાવવા માટે મુકાયેલા કોરોનાવાયરસ આધારિત મોડેલને અંતિમ સ્પર્શ આપે છે.

ઉત્તરપ્રદેશ સરકારે ૩૦ લાખ મજૂરોને ભથ્થાની રકમ જાહેર કરી

લખનૌ

ઉત્તરપ્રદેશ સરકારે મજૂર દિવસ પર એક ભેટ આપતી જાહેરાત કરી છે. રાજ્ય સરકારે ૩૦ લાખ મજૂરોને ભથ્થાની રકમ જાહેર કરી છે. સાથે જ આજે મે દિવસના અવસરે બીજી વખત રાશન આપવાની શરૂઆત પણ કરી છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે યુપી સરકારે શ્રમિકો, રોજમદારો, ઠેલા, લારી, રેકડી, રિક્ષા, ઈ રિક્ષા, કુલી, ગ્રામીણ અને શહેરી ક્ષેત્રમાં ૧૬ શ્રેણીના કામદારો જેવાં કે ધોબી, મિસ્ત્રી, મોચી, કુંભાર સહિતના લોકોને ભરણ પોષણ માટે ભથ્થું આપવાની જાહેરાત કરી છે. સીએમ યોગી આદિત્યનાથે કહ્યું કે ૩૦ લાખ શ્રમિકોની સાથે અન્ય મજૂરો માટે પણ આ સુવિધા ઊભી કરવામાં આવી છે. સીએમ યોગીએ આગળ કહ્યું કે આજે અમે યુપીના ૧૮ કરોડ લોકોને પોર્ટેબિલિટીના માધ્યમથી ખાદ્યાન્ન ઉપલબ્ધ કરાવવાની યોજના પણ આગળ વધારી રહ્યાં છીએ. તેઓએ કહ્યું કે યુપીનો કોઈ પણ કામદાર કે શ્રમિક દેશના કોઈ પણ વિસ્તારમાં રહેતો હોય અને તેની પાસે તેનો રાશન કાર્ડ નંબર હોય તો તેની મદદથી તે કોટાની દુકાનમાંથી પોતાનું રાશન લઈ શકે છે.

સબસિડી વિનાના ગેસ સિલિન્ડરમાં ૧૬૨ રૂપિયાનો તોતિંગ ઘટાડો

ન્યુ દિલ્હી

કોરોના સંકટ અને રાષ્ટ્રવ્યાપી લાગૂ લોકડાઉન વચ્ચે એક સારા સમાચાર સામે આવ્યા છે. એલપીજી ગેસ સિલિન્ડર સસ્તા થઈ ગયા છે. જણાવી દઈએ કે, કંપનીઓ દર મહિનાની શરૂઆતમાં એલપીજી સિલિન્ડરની કિંમતોની સમીક્ષા કરે છે. દરેક રાજ્યોમાં ટેક્સ અલગ-અલગ હોય છે, એ હિસાબે એલપીજીની કિંમતોમાં થોડે ફર્ક હોય છે. ૧૪.૨ કિલોગ્રામ વાળા સબસિડી વિનાના એલપીજી સિલિન્ડરની કિંમત દિલ્હીમાં ૧૬૨.૫ રૂપિયા પ્રતિ સિલિન્ડર સસ્તી થઈ ગઈ છે. હવે નવી કિંમતો ઘટીને ૬૧૧.૫૦ રૂપિયા થઈ ગઈ છે. આજ રીતે ૧૯ કિલોગ્રામના સિલિન્ડરની કિંમતોમાં પણ ૨૫૬ રૂપિયા ઘટીને ૧૦૨૯.૫૦ રૂપિયા થઈ ગઈ છે. એવું માનવામાં આવી રહ્યું છે કે, ક્રૂડ ઓઈલની કિંમતોમાં રેકોર્ડ ઘટાડાની અસર છે કે, રાંધણ ગેસની કિંમતોમાં આટલો મોટો ઘટાડો આવ્યો છે. આ સતત ત્રીજી વખત છે, જ્યારે સબસિડી વિનાના સિલિન્ડરોની કિંમત પણ ઓછી કરવામાં આવી હોય.

રાંધણ ગેસની કિંમતો ઓછી થવાથી દેશના ૧.૫ કરોડ ગ્રાહકોને ફાયદો થશે. રાંધણ ગેસનો વપરાશ વધવાના કારણે અનેક પરિવાર એવા છે, જ્યાં અમુક ચોક્કસ સંખ્યા બાદ સિલિન્ડર પર સબસિડીનો ફાયદો નથી મળી રહ્યો. હવે કિંમતો ઘટવાથી આવા પરિવારોને થોડો લાભ મળશે.

કોરોના કાળને કારણે ક્રિકેટની વધુ એક મોટી ટૂર્નામેન્ટ ECB એક વર્ષ માટે રદ્દ

નવી દિલ્હી

કોરોના વાયરસની ઝપેટમાં આખી દુનિયા આવી ગઈ છે. કોરોનાના કારણે રમત જગતની કેટલીય મોટી ટૂર્નામેન્ટ્સ રદ્દ થઈ છે, હવે આ લિસ્ટમાં વધુ એક ટૂર્નામેન્ટનુ નામ જોડાઈ ગયુ છે. ઈંગ્લેન્ડમાં આ વર્ષ રમાનારી ધ હન્ડ્રેડ ક્રિકેટ લીગની પહેલી સીઝનને રદ્દ કરી દેવામાં આવી છે. ઈંગ્લેન્ડમાં રમાનારી ધ હન્ડ્રેડ ક્રિકેટ લીગ, આ વર્ષે જુલાઈમાં શરૂ થવાની હતી, હવે આને એક વર્ષ માટે સ્થગિત કરી દેવામાં આવી છે, અને આગામી વર્ષ ૨૦૨૧માં રમાશે. ઈસીબીએ એક સ્ટેટમેન્ટમાં કહ્યું કે, ધ ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડ (ઈસીબી) આજે એ સ્પષ્ટતા કરે છે કે, ધ હન્ડ્રેડ ક્રિકેટ લીગ હવે વર્ષ ૨૦૨૧માં ઉનાળામાં શરૂ કરાશે. તેમને કહ્યું બોર્ડ માટે આ વર્ષ લીગ રમાડવી સંભવ નથી, એટલે અમે આ નિર્ણય કર્યો છે. ઈસીબીના સીઈઓ ટૉમ હેરિસને કહ્યું કોરોના વાયરસના ધ હન્ડ્રેડ ક્રિકેટ લીગના આયોજનમાં અનેક પ્રકારના પડકારો હતા, જેમાં સોશ્યલ ડિસ્ટન્સિંગ, સ્ટેડિયમની કમી વગેરે સામેલ છે. ઈસીબીના સીઈઓએ કહ્યું કે અમે નિરાશ છીએ આ વર્ષે લક્ષ્ય ના પ્રાપ્ત થયુ, અમે ધ હન્ડ્રેડ ક્રિકેટ લીગ સીરીઝને લઈને આગળ ૨૦૨૧માં આવીશું.

દેશમાં લોકડાઉન પહેલા પાનાથી ચાલુ

કોરોના વાયરસના સંક્રમણના એક પણ કેસ સપાટી પર આવ્યા નથી તે તમામ ગ્રીન ઝોન જાહેર કરી દેવામાં આવ્યા છે. ઓરેન્જ ઝોનમાં એ જિલ્લાનો સમાવેશ કરવામાં આવ્યો છે જ્યાં કોરોના વાયરસના દર્દીઓની સંખ્યા ઓછી છે અને ત્યાં સંક્રમણ ફેલાવવાનો ખતરો પણ ખુબ ઓછો છે. જો કે કોવિડ-૧૯ દર્દી છે એટલા માટે તેને ગ્રીન ઝોનમાં રાખવામાં આવી શકે નહીં અને ખતરો વધારે નહીં હોવાથી તેને રેડ ઝોનમાં પણ સામેલ કરવામાં આવી શકે નહીં જેથી તેનો ઓરેન્જ ઝોનમાં રાખવામાં આવ્યા છે.

ગુજરાતમાં કોરોના પહેલા પાનાથી ચાલુ

ઝોનમાં રાખ્યા છે. આ સિવાય મહારાષ્ટ્રના ૧૪, દિલ્હીના ૧૧, તમિલનાડુના ૧૨, ઉત્તર પ્રદેશના ૧૯, બંગાળના ૧૦, ગુજરાતના ૯, મધ્ય પ્રદેશના ૯, રાજસ્થાનના ૮ જિલ્લા રેડ ઝોનમાં સામેલ છે.

બિહારના ૨૦, ઉત્તર પ્રદેશના ૩૬, તમિલનાડુના ૨૪, રાજસ્થાનના ૧૯, પંજાબના ૧૫, મધ્ય પ્રદેશના ૧૯, મહારાષ્ટ્રના ૧૬ જિલ્લા ઓરેન્જ ઝોનમાં સામેલ છે. અસમના ૩૦, છત્તીસગઢના ૨૫, અરૂણાચલ પ્રદેશના ૨૫, મધ્ય પ્રદેશના ૨૪, ઓડિશાના ૨૧, ઉત્તર પ્રદેશના ૨૦, ઉત્તરાખંડના ૧૦ જિલ્લા ગ્રીન ઝોનમાં સામેલ છે.

કેન્દ્રએ, ગુજરાતમાં નોંધાયેલો કોરોનાના કેસોની સંખ્યા અને અન્ય પરિસ્થિતિ મુજબ ૩૩ જિલ્લામાંથી ૯ જિલ્લા રેડ ઝોનમાં, ૧૯ ઓરેન્જ અને ૫ જિલ્લા ગ્રીન ઝોનમાં રાખ્યા છે. ૩ મે પછી રેડ ઝોન સિવાયના ઝોનમાં છૂટછાટ મળી શકે તેમ છે. અમદાવાદ, સુરત, વડોદરા, અરવલ્લી, આણંદ, પંચમહાલ, ગાંધીનગર, બનાસકાંઠા, ભાવનગર રેડ ઝોનમાં છે. રાજકોટ, પાટણ અને મહેસાણા સહિતના ૧૯ જિલ્લા ઓરેન્જ ઝોનમાં, જ્યારે મોરબી, અમરેલી, પોબરબંદર, જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા ગ્રીન ઝોનમાં હોવાનું જાહેર કરવામાં આવ્યું છે.

રેડ ઝોન પર નજર નાંખીએ તો, અમદાવાદ રેડઝોનમાં છે અને ૩૦ એપ્રિલ સુધીમાં ૩૦૨૬ કેસો નોંધાયા છે. સુરત-રેડ-૬૧૪, વડોદરા-રેડ-૨૮૯, આણંદ-રેડ-૭૪, બનાસકાંઠા -રેડ-૨૮, પંચમહાલ-રેડ- ૩૪, ભાવનગર-રેડ- ૪૭, ગાંધીનગર-રેડ-૪૮ અને અરવલ્લી-રેડ-૧૯ કેસો નોંધાયલા છે.

દેશભરમાં ૩જી મેના લોકડાઉનનો બીજો તબક્કો પૂર્ણ થાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં તમામ રાજ્યના મુખ્યમંત્રીઓ સાથે આ સંદર્ભે ચર્ચા કરી હતી. તેમજ કોવિડ ૧૯ની ટીમ અને કેન્દ્રની આરોગ્ય ટીમ દ્વારા દરેક રાજ્યના આરોગ્યમંત્રી અને આરોગ્ય સચિવ સાથે વીડિયો કોન્ફરન્સ કરીને રાજ્યમાં કોરોનાની સ્થિતિ અંગે તાગ મેળવ્યો હતો અને કોરોનાગ્રસ્ત જિલ્લાઓને રેડ, ઓરેન્જ અને ગ્રીન ઝોનમાં વહેંચ્યા છે. કેન્દ્ર સરકાર પણ લોકડાઉન બાદ ઝોન આધારે જિલ્લાઓમાં છૂટછાટ અને કડક અમલ કરાવી શકે છે. કેન્દ્ર સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલી એડ્વાઈઝરી પ્રમાણે ગુજરાતના ૯ જિલ્લા રેડ ઝોનમાં, ૧૯ જિલ્લા ઓરેન્જ ઝોનમાં અને ૫ જિલ્લા ગ્રીન ઝોનમાં આવે છે. રેડ ઝોનમાં કડક અમલ કરાવવામાં આવશે, જ્યારે ઓરેન્જ ઝોનને થોડીક છૂટછાટ મળી શકે છે. તેમજ ગ્રીન ઝોનને ઓરેન્જ કરતા થોડી વધુ આંશિક રાહત મળી શકે છે.

લોકડાઉનમાં ફસાયેલા પહેલા પાનાથી ચાલુ

પરવાનગી આપી દીધી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકારે મજુરોને ગૃહ રાજ્ય મોકલવા સહિત તમામ ગાઈડલાઈન બહાર પાડી છે. ત્યાર બાદ દેશનાં અનેક રાજ્ય સરકારોએ કેન્દ્ર સરકારને સ્પેશ્યલ ટ્રેન ચલાવવા માટેની માંગ કરી હતી. ગૃહમંત્રાલયે જણાવ્યું કે, અલગ અલગ સ્થળો પર ફસાયેલા પ્રવાસી મજૂરો અને વિદ્યાર્થીઓ સાથે જ તિર્થયાત્રીઓ, પર્યટકો અને અન્ય વ્યક્તિઓનાં આવન જાવનને મંજુરી આપી દેવામાં આવી છે. લોકડાઉનમાં ફસાયેલા લોકો માટે રેલવે મંત્રાલય દ્વારા વિશેષ ટ્રેન સચાલિત કરવામાં આવશે. રાજ્યો/ કેન્દ્રશાસિત પ્રદેશોની સાથે સમન્વય સ્થાપિત કરવા માટે રેલ મંત્રાલય દ્વારા એક નોડલ અધિકારી પણ નિયુક્ત કરવામાં આવશે. ગૃહ મંત્રાલયના પ્રવક્તા પુણ્ય સલિલા શ્રીવાસ્તવે કહ્યું કે, રેલવેએ ૧૩ લાક વેગનથી વધારે જરૂરી વસ્તુઓનો પુરવઠો પુરો પાડ્યો છે.

ટ્રક સામાન ફેરવતા યંત્રોના પરિવહનમાં વધારો થયો છે. આર્થિક ગતિવિધિઓ માટે તે જરૂરી છે કે રાજ્યની સીમાઓ પર ટ્રકને અટકાવવામાં ન આવે. હાલ પણ કેટલાક રાજ્યોમાં આવી સમસ્યાઓ આવી રહી છે. ગૃહમંત્રાલયે ફરી એકવાર સ્પષ્ટતા કરી કે ટ્રક અને માલવાહક વાહનોને કોઈ પણ પાસની જરૂર નથી પછી તે ભરેલા હોય કે ખાલી હોય. કેન્દ્ર સરકારે લીલી ઝંડી મળ્યા બાદ દેશનાં અલગ અલગ રાજ્યોમાં ફસાયેલા મજુરો, વિદ્યાર્થી અને અન્ય લોકોને પરત લાવવાની પ્રક્રિયા રાજ્ય સરકારોએ ચાલુ કરી દીધી છે. રાજ્ય સરકારની માંગ બાદ રેલ મંત્રાલયે પહેલી સ્પેશ્યલ ટ્રેન ચલાવી છે. જે શુક્રવારે સવારે તેલંગાણાથી લિંગમપલ્લીમા ફસાયેલા મજુરોને લઈને ઝારખંડ માટે રવાના થઈ છે. આ ટ્રેન રાત્રે ૧૧ વાગ્યે હટિયા પહોંચશે. ગૃહમંત્રાલયે જણાવ્યું કે, રાજ્યો દ્વારા એફસીઆઈથી ૬૨ લાખ ટન ઘઉ અને ચોખાની વહેંચણી કરવામાં આવી છે. બીજી તરફ માલવાહક વસ્તુઓની આવનજાવનની સ્થિતીમાં પણ સુધારો થયો છે. ગૃહમંત્રાલયે ટ્રક અન્ય વસ્તુઓ લાવવા લઈ જવા માટે તમામ રાજ્યોને પત્ર લખીને અપીલ કરી છે માલવાહક વાહનો કોઈ પણ પ્રકારનાં પાસ વગર પણ પરિવહન કરી શકશે.

ગયા વર્ષે આ ગાળામાં ૧.૧૩ લાખ કરોડ હતુ

લોકડાઉનની અસરઃ જીએસટી કલેક્શન ઘટીને ૨૮૩૦૯ કરોડએ પહોંચ્યુ

ન્યુ દિલ્હી

દેશભરમાં લોકડાઉનને કારણે માર્ચ મહિના માટે ૨૯ એપ્રિલ સુધી જીએસટી કલેકશન રેકર્ડબ્રેક ઘટીને રૂ. ૨૮૩૦૯ કરોડ રહ્યું છે. માર્ચ ૨૦૧૯ માં તે ૧.૧૩ લાખ કરોડ હતું.

એક સરકારી અધિકારીના જણાવ્યા પ્રમાણે જીએસટી કલેકશનના આંકડા ચિંતાજનક છે ખાસ કરીને એટલા માટે કે ૨૪ માર્ચ સુધી બધા વેપાર-ધંધા ચાલતા હતાં. ૨૪ માર્ચે સરકારે દેશભરમાં લોકડાઉન જાહેર કર્યુ હતું.

સામાનના ટ્રાન્સપોર્ટ પર લાગતો ઈ-વે બિલમાં માર્ચ દરમ્યાન ૩૦ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે જે હવે માર્ચમાં ઘટીને ૮૦ ટકા સુધી નીચે ચાલ્યો ગયો છે. અત્રે એ નોંધનીય છે કે એક રાજયથી બીજા રાજયમાં ૫૦,૦૦૦ થી વધુનો સામાન મોકલાય તો ઈ-વે બિલની જરૂર પડે છે.

કોરોનાને કારણે સરકાર પાસે રાહત પેકેજની માંગ થઈ છે આ દરમ્યાન ટેક્ષ કલેકશનમાં રેકોર્ડ ઘટાડો થતાં સરકાર ચિંતામાં મુકાઈ ગઈ છે. જો કે અધિકારીએ કહયું છે કે, ટેક્ષ કલેકશન વધશે કેમ કે માર્ચની રિટર્ન ફાઈલની તારીખ ૫ મે કરાઈ છે મે અને જુનમાં ટેક્ષ કલેકશનમાં ઘટાડો જોવા મળશે. કારણ કે લોકડાઉન પછી ધીમે ધીમે વેપાર શરૂ થશે. દરમ્યાન રાજયોના જીએસટી કલેકશનમાં ૯૦ ટકા સુધીનું ગાબડુ પડયું છે. આસામ, ૫.બંગાળ, આંધ્રમાં જીએસટી કલેકશન ૯૦ ટકા ઘટયુ છે.

૧લી એપ્રિલથી ૨૭ એપ્રિલ વચ્ચે જીએસટીના અને વ્યાપારથી ૬૭.૪૭ લાખ ઈ-વે બિલ જનરેટ થયા માર્ચ ૨૦૨૦ માં ૪.૦૬ કરોડ ઈ-વે બિલના ૧૭ ટકા જ છે.

ચીનમાં અમુક શરતો સાથે ૭૦ દિવસ બાદ ખુલ્યું તળેલા જીવ-જંતુઓનું માર્કેટ

માર્કેટમાં મહત્તમ ૩,૦૦૦ લોકો માસ્ક સાથે પ્રવેશી શકશે અને ટેસ્ટિંગમાંથી પસાર થવું પડશે

નાનિંગ

ચીનના વુહાન શહેરથી ફેલાયેલી કોરોના મહામારીએ આખી દુનિયાને પોતાના ભરડામાં લીધી છે અને સૌથી શક્તિશાળી ગણાતું અમેરિકા પણ હાલ સૌથી વધારે કેસ સાથે તેના કેન્દ્રબિંદુ સમાન બની ગયું છે. ત્યારે ચીનમાં સ્થિતિ સતત સામાન્ય થઈ રહી છે અને ત્યાંની દુકાનો, બજારો વગેરે પણ ખુલી રહ્યા છે. આ બધા વચ્ચે ચીનના નાનિંગ શહેરમાં તળેલા જીવ-જંતુઓનું માર્કેટ પણ ખુલી ગયું છે.

ચીનના નાનિંગ શહેરમાં આવેલી પ્રખ્યાત ફૂડ સ્ટ્રીટની દુકાનોમાં વીંછી, કાનખજૂરા સહિત અનેક પ્રકારના તળેલા જીવ-જંતુઓ વેચાતા મળે છે. કોરોના વાયરસના પ્રકોપના કારણે આ દુકાનોને ૭૦ દિવસ સુધી બંધ રાખવામાં આવી હતી અને હવે ખોલી દેવામાં આવી છે. આ માર્કેટમાં દરરોજ રાતે વિવિધ પ્રકારના નાસ્તા અને વ્યંજનો પીરસવામાં આવે છે. તેમાં ગ્રિલ્ડ ઓક્ટોપસ, મસાલેદાર કોફિશ, બાફેલા પકોડા અને ચોખાની કેક વગેરેનો સમાવેશ થાય છે. જો કે, ત્યાંના તળેલા જીવ-જંતુઓ સૌથી વધારે લોકપ્રિય છે જેમાં કરોળિયાથી લઈને રેશમના કીડા સહિત અનેક પકવેલા જીવ-જંતુનો સમાવેશ થાય છે.

કોરોનાના કેસ સતત વધી રહ્યા હોવાથી જાન્યુઆરીના અંતમાં ઝોંગશાન રોડ પરની ફૂડ સ્ટ્રીટને બંધ કરી દેવામાં આવી હતી પરંતુ હવે કેસ ઘટી રહ્યા હોવાથી અને લોકોની અવર-જવર શરૂ થઈ હોવાથી તેને ખોલી દેવામાં આવી છે. દરરોજ સાંજે છ વાગ્યાથી બીજા દિવસે વહેલી સવાર સુધી ખુલી રહેતી આ સ્ટ્રીટમાં પહેલા લોકોની ભારે ભીડ રહેતી હતી પરંતુ હવે મહત્તમ ૩,૦૦૦ લોકોને તેમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવી છે.

દ. કોરિયામાં કોરોનાના માત્ર ચાર જ નવા કેસ બહારથી આવેલા લોકોના નોંધાયા કોરોના મામલે સમગ્ર દુનિયા દક્ષિણ કોરિયાની પદ્ધતિ અપનાવેઃ યુએન

યુએન

આશરે એક મહીના પહેલા દક્ષિણ કોરિયામાં કોરોનાના કેસની સંખ્યા ખૂબ જ ચોંકાવનારી હતી પરંતુ હાલ આ દેશે કોરોના વાયરસ પર કાબુ મેળવીને વિશ્વ સમક્ષ એક ઉદાહરણ રજૂ કર્યું છે. આ કારણે સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે પણ વિશ્વને દક્ષિણ કોરિયાની જેમ કોરોના વાયરસ સામે યુદ્ધ લડવાની સલાહ આપી છે.

વૈશ્વિક મહામારી કોરોના વાયરસ મામલે વાતચીત દરમિયાન ગુટેરેસે જણાવ્યું કે, "પોતે આશા રાખે છે કે, સમગ્ર વિશ્વ પણ દક્ષિણ કોરિયાના શાનદાર ઉદાહરણના નકશા પર ચાલે. તેમણે જે કર્યું તેમાં સફળતા મળી."

એશિયન દેશોમાં ચીન બાદ દક્ષિણ કોરિયામાં કોવિડ-૧૯ સંક્રમણના કારણે સ્થિતિ બેકાબુ થઈ ગઈ હતી પરંતુ આ દેશે જે રીતે મહામારી પર નિયંત્રણ મેળવ્યું તે વિશ્વ માટે એક મિસાલ સમાન છે. દક્ષિણ કોરિયામાં છેલ્લા ૨૪ કલાકમાં સંક્રમણના માત્ર ચાર જ નવા કેસ સામે આવ્યા હતા અને તે પણ બહારથી આવેલા લોકોના હતા.

નવા ચાર કેસ સાથે દક્ષિણ કોરિયામાં કોરોનાના કુલ કેસની સંખ્યા ૧૦,૭૭૪ થઈ ગઈ છે જેમાં સાજા થનારા દર્દીઓની સંખ્યા ૯,૦૭૨ અને મૃતકઆંક ૨૪૮ છે. કોરિયાના સેન્ટર ફોર ડિસીઝ કન્ટ્રોલ એન્ડ પ્રિવેન્શનના અહેવાલ પ્રમાણે દેશમાં સ્થાનિક સ્તરે સંક્રમણનો એક પણ કેસ નથી નોંધાયો પરંતુ વાયરસ ફરીથી ઉથલો મારે તેની સંપૂર્ણ શક્યતા છે. આ કારણે જ લોકોને બીમાર હોય તો ઘરે રહેવા અથવા હોસ્પિટલ જવા અને સોશિયલ ડિસ્ટેન્સિંગનું પાલન કરવા નિર્દેશ આપવામાં આવ્યો છે.

કોરોનાને પગલે ગુજરાત સ્થાપના દિવસે સીએમ રૂપાણીના ત્રણ સંકલ્પ

માસ્ક, સોશિયલ ડિસ્ટન્સ અને સેનેટાઈઝ ને લઈ કર્યા ત્રણ સંકલ્પ

મારું ગામ કોરોનામુક્ત ગામનો સંકલ્પ સરપંચ કરેઃ રૂપાણી

ગાંધીનગર

આજે ૧લી મેના દિવસને ગુજરાત સ્થાપના દિવસ તરીકે ઉજવાય છે. આજરોજ ૧ મે ૧૯૬૦ના દિવસે બોમ્બેના ભાગલા પડ્યા હતા જેમાંથી બે રાજ્ય બન્યા હતા. જેમાં એક ગુજરાત અને બીજુ મહારાષ્ટ્ર રાજ્ય બન્યું હતું. આમ ૧લી મેના દિવસને ગુજરાત દિવસ તરીકે ઉજવાય છે. ગુજરાતના સ્થાપના દિવસને લઈને પીએમ મોદીએ શુભેચ્છા પાઠવી છે. આ સાથે રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાત સ્થાપના દિવસને લઈને એક વીડિયો ટ્વિટ કરી ત્રણ સંકલ્પ કર્યા છે. આ સાથે આજરોજ આંતરરાષ્ટ્રિય મજૂર દિવસ હોય ત્યારે આ દિવસ ભારતભરના શ્રમિકોને સમર્પિત કરાયો હોવાથી મજૂર દિવસ અથવા શ્રમિક દિવસ તરીકે પણ ઉજવણી કરવામાં આવે છે. આજે ગુજરાત સ્થાપના દિવસ છે.

જો કે એક તરફ ગુજરાતમાં કોરોનાને કહેર જોવા મળી રહ્યો છે. ત્યારે કોરોનાને લઈને રાજ્યભરમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. ત્યારે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાતના સ્થાપના દિવસે ટ્વીટ કરી કોરોના મહામારી સામેની લડાઈને લઈને ત્રણ સંકલ્પ કર્યા છે. મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા માસ્ક વિના બહાર ન નીકળવાનો પહેલો સંકલ્પ કરવામાં આવ્યો છે. આ સાથે સોશિયલ ડિસ્ટન્સ જાળવવાનો પણ સંકલ્પ કર્યો છે. તેમજ લોકો વચ્ચે ૨ ગજનું અંતર રાખી સંકલ્પનું પાલન કરવા જણાવામાં આવ્યું છે. તેમજ કોરોનાને લઈને વારંવાર સાબુથી હાથ ધોઈશ-સેનેટાઈઝ કરવાનો સંકલ્પ કર્યો છે. પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાત સ્થાપના દિવસને લઈને ગુજરાતીઓને ટ્વિટ કરી શુભેચ્છા પાઠવી છે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાતના સ્થાપના દિવસે પંચમહાલના સરપંચો સાથે વીડિયો કોન્ફરન્સથી સંવાદ કર્યો હતો. જેમાં તેમણે કોરોનાનું સંક્રમણ ગ્રામ્ય વિસ્તારોમાં અટકાવવા દરેક સરપંચ 'મારું ગામ કોરોનામુક્ત ગામ' એવો સહિયારો સંકલ્પ કરે તેવું આહ્વાન કર્યું છે. તેમણે આ સંદર્ભે અમદાવાદ ગ્રામ્ય જિલ્લાએ જે અભિગમ અપનાવ્યો છે અને ગામના પ્રવેશદ્વાર પર ચોકીઓ શરૂ કરી છે, ગામમાં આવનારા તથા બહાર જનારા સૌની મૂવમેન્ટ માટે રજીસ્ટર રાખવામાં આવ્યું છે તેને અન્ય ગામો અનુસરે તેવી અપીલ કરી છે.

મેમાં એપીએલ-૧ના ૬૧ લાખ પરિવારને મફત અનાજ અપાશે

અમદાવાદ

રાજયના મુખ્યમંત્રીના સચિવ અશ્વિની કુમારે આજે ગુજરાત સ્થાપના દિવસે મુખ્યમંત્રીએ રાજયના સામાન્ય અને મધ્યમવર્ગના પરિવારના હિતોને ધ્યાનમાં રાખીને બે મહત્વની જાહેરાત કરી હતી. જે મુજબ, કોરોના કહેર વચ્ચે હવે મે મહિનામાં એપીએલ-૧ના ૬૧ લાખ જેટલા પરિવારોને મફત અનાજ વિતરણ કરવામાં આવશે. બીજી એક જાહેરાતમાં મા વાત્સલ્ય અને મા અમૃતમના લાભાર્થીઓને કોઇ ઓપરેશન કરાવવું હોય કે ડિલિવરીનો પ્રસંગ હોય ત્યારે મા અમૃતમ અને મા વાત્સલ્યની હોસ્પિટલમાં જશે તો તેમને કોરોનાનો ટેસ્ટ કરવાનો થશે તો તેનો ખર્ચ મા અમૃતમ અને મા વાત્સલ્ય યોજના હેઠળ મળશે. રાજય ૭૭ લાખ કુંટુંબોને લાભ મળશે. બીજીબાજુ, રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાતના સ્થાપના દિવસે પંચમહાલના સરપંચો સાથે વીડિયો કોન્ફરન્સથી સંવાદ કર્યો હતો. જેમાં તેમણે કોરોનાનું સંક્રમણ ગ્રામ્ય વિસ્તારોમાં અટકાવવા દરેક સરપંચ મારું ગામ કોરોનામુક્ત ગામ એવો સહિયારો સંકલ્પ કરે તેવું આહ્વાન કર્યું હતું. તેમણે આ સંદર્ભે અમદાવાદ ગ્રામ્ય જિલ્લાએ જે અભિગમ અપનાવ્યો છે અને ગામના પ્રવેશદ્વાર પર ચોકીઓ શરૂ કરી છે, ગામમાં આવનારા તથા બહાર જનારા સૌની મૂવમેન્ટ માટે રજીસ્ટર રાખવામાં આવ્યું છે તેને અન્ય ગામો અનુસરે તેવી અપીલ કરી હતી. મુખ્યમંત્રીએ રાજયના પ્રજાજનોને સોશ્યલ ડિસ્ટન્સીગ, સેનીટાઇઝેશન, મોંઢા પર માસ્ક અને વારંવાર હાથ ધોવાની ટેવ હવે રોજિંદા જીવનમાં કેળવવા અને કોરાનાને મ્હાત આપવામાં સરકાર અને તંત્રને પૂરતો સહયોગ આપવા પણ અનુરોધ કર્યો હતો.

લોકડાઉનમાં દાંતની સારવાર માટે શું કરી શકાય?

નમસ્કાર દોસ્તો જેમ કે તમે બધા જાણો છો કે કોરોના વાયરસ નો ઉદભવ ચાઇના (વુહાન) માંથી થયો છે અને ચાઇના માંથી આ વાયરસ અન્ય દેશમાં ફેલાય છે. ભારત દેશમાં હાલની પરિસ્થિતિ પ્રમાણે ૩૫૦૦૦ થી વધુ લોકો આ વાયરસ થી સંક્રમિત થયા છે અને ૧૧૦૦ થી વધુ લોકો પોતાનો જીવ ગુમાવી ચુક્યા છે. અને ખુશી ની વાત એ છે કે ૯૦૦૦ થી વધુ લોકો ને બચાવામાં આપડી સરકાર અને ડૉક્ટર સફળ થયા છે. એનો મતલબ એ કે દોસ્તો કોરોના વાયરસ ના કારણે દેશ માં ગંભીર સ્થિતિ નું નિર્માણ થઇ ચૂક્યું છે. હવે આ ગંભીર સ્થિતિ માં માણસ જાત બહુ બધી પરિસ્થિતિ માં થી પ્રસાર થઇ રહી છે. જેમાં થી એક પરિસ્થિતિ દાંત ની પણ છે. તો દાંત ની તકલીફ થાય તો શું કરવું? તેના માટે શું કરી શકાય? એ હું તમને આજે જણાવીશ



ડો. કરણ બારોટ (અમદાવાદ)

પ્રશ્ન : શું દાંત ની સારવાર કરવાથી કોરોના વાયરસ થવાની શક્યતા છે?

જવાબ : દોસ્તો દાંત ના ડૉક્ટર તમારા શરીર ના એવા ભાગ માં કામ કરે છે જ્યાંથી વાયરસ ના સંક્રમણ માં આવાની શક્યતા વધી જાય છે જેમાં મોઢું , દાંત અને નાક નો શમાવેશ થાય છે જે દાંત ના ડૉક્ટર અને દર્દી બંને માટે જોખમ કારક છે.

પ્રશ્ન : લોકડાઉન ના સમય માં દાંત નો દુખાવો થાય તો શું કરવાનું ?

જવાબ : બધા થી સરળ ઉપાય એ છે કે તમે ઘરે બેઠા બેઠા ડૉક્ટર સાથે ફોન ઉપર વાત કરીને દવાની જાણકારી લઈને રાહત મેળવી શકો છો. પરંતુ જો તમને દાંત માં અતિશય દુખાવો હોય , સોજો આવી ગયો હોય , મોઢું ખોલવામાં તકલીફ પડતી હોય , રસી થઈ ગઈ હોય , સણકા મારતા હોય , આવી બધી પરિસ્થિતિ માં તમે તાત્કાલિત સેવા નો ઉપયોગ લઈ શકો છો.

પ્રશ્ન : લોકડાઉનના સમય માં દાંત ની તકલીફ ના ઉદભવે તેના માટે શું કરવું જોઈએ ?

જવાબ : દોસ્તો તમારા શરીર ની રોગ પ્રતિકારક શક્તિ વધારવા અને કોરોના વાયરસ સામે લડત આપવા માટે દાંત કાળજી લેવી બહુ જ જરૂરી છે જો તમને દાંત માં કળતર થવાની તકલીફ હોય તો તમારે ઠંડુ અને ગરમ વસ્તુ લેવાનું ટાળવું જોઈએ અને ડૉક્ટર ની સલાહ લઈને કળતર ના થાય તેવી અને તેમાં રાહત થાય તેવી પેસ્ટ નો ઉપયોગ કરવો જોઈએ , દિવસ માં બે વાર બ્રશ કરવો જોઈએ , મોઉથવોશ નો ઉપયોગ કરવો જોઈએ , તમારા હાથ અને તમારા બ્રશ ને સાફ રાખવું પણ બહુ જરૂરી છે , અને તમે ઘરે મીઠા ના પાણી ના કોગળા પણ કરી શકો છો.

ગુજરાતમાં કોરોનાનો રીકવરી રેટ ૫ દિવસમાં ૧૪% થતા તંત્રમાં હાશકારો

ગુજરાતમાં કુલ કેસની સંખ્યા ૪૩૯૫ અને ડિસ્ચાર્જ ૬૧૩

અમદાવાદ

ગુજરાતમાં કોરોનાના કુલ દર્દીઓની સંખ્યા હવે વધીને ૪૩૯૫ થઈ ગઈ છે અને કુલ મૃત્યુઆંક ૨૧૪ થયો છે. જોકે, આ અંધકારજનક પરિસ્થિતિમાં પણ એક આશાનું કિરણ છુપાયેલું છે. ગુજરાતમાં કોરોનાને હરાવનારાને સંખ્યા હવે વધીને ૬૧૩ થઈ ગઈ છે. આ ૬૧૩ પૈકીના ૩૩૧ એટલે કે ૫૧% દર્દીઓ છેલ્લા પાંચ દિવસમાં કોરોના સામેનો જંગ જીતીને સાજા થયા છે. આમ, ગુજરાતમાં કોરોનાનો રિક્વરી રેટ અંદાજે ૧૪% થઈ ગયો છે, જે આજથી પાંચ દિવસ અગાઉ ૯%ની આસપાસ હતો.

અમદાવાદમાં કોરોનાના પોઝિટિવ કેસ ૩ હજારને પાર

ગુજરાતમાં ૨૮ એપ્રિલે ૪૦, ૨૯ એપ્રિલે ૯૩ અને ૩૦ એપ્રિલે ૮૬ એમ ૩ દિવસમાં કુલ ૨૧૯ દર્દીઓ સાજા થયા છે. આજે અમદાવાદમાંથી સૌથી વધુ ૫૩, સુરતમાંથી ૧૪, મહીસાગરમાંથી ૫, ભરૂચમાંથી ૪, બનાસકાંઠામાંથી ૩ દર્દીઓ સાજા હતા. અમદાવાદ જિલ્લામાં કોરોનાના કુલ ૩૦૨૬ કેસ નોંધાયા છે અને તેમાંથી ૩૧૬ દર્દીઓએ કોરોનાને હરાવ્યો છે. આમ, અમદાવાદ જિલ્લામાં કોરોનાનો રિક્વરી રેટ ૧૦.૫૦% છે. ગુજરાતના અન્ય જિલ્લાઓમાંથી વડોદરામાં નોંધાયેલા ૨૮૯ કેસમાંથી ૮૭, સુરતમાં નોંધાયેલા ૬૧૪ કેસમાંથી ૫૪, આણંદમાં નોંધાયેલા ૫૪ કેસમાંથી ૨૪, ભરૂચમાં નોંધાયેલા ૩૧ કેસમાંથી ૨૦, રાજકોટમાં નોંધાયેલા ૫૮ કેસમાંથી ૧૭, પાટણમાં નોંધાયેલા ૧૭ કેસમાંથી ૧૧ દર્દીઓ સાજા થયેલા છે.

કયા રાજ્યમાં સૌથી વધુ ડિસ્ચાર્જ?

દેશમાં સૌથી વધુ કેસ મહારાષ્ટ્રમાં ૯૯૧૫ છે અને ડિસ્ચાર્જની સંખ્યા ૧૫૯૩, તામિલનાડુમાં કેસની સંખ્યા ૨૩૨૩ અને ડિસ્ચાર્જ ૧૨૫૮, દિલ્હીમાં કુલ કેસની સંખ્યા ૩૪૩૯ અને ડિસ્ચાર્જ ૧૦૯૨, રાજસ્થાનમાં કુલ કેસની સંખ્યા ૨૫૫૬ અને ડિસ્ચાર્જ ૮૩૬, ગુજરાતમાં કુલ કેસની સંખ્યા ૪૩૯૫ અને ડિસ્ચાર્જ ૬૧૩, ઉત્તર પ્રદેશમાં કુલ કેસની સંખ્યા ૨૧૩૪ અને ડિસ્ચાર્જ ૫૧૦, જે સાથે જ દેશમાં કુલ કેસ ૩૪૦૦૭ અને ડિસ્ચાર્જ દર્દીની સંખ્યા ૮૭૨૨ છે.

ગુજરાત સ્થાપના દિવસે કોંગી નેતા અહેમદ પટેલ અને શક્તિસિંહે લોકોને પાઠવી શુભેચ્છા

ગાંધીનગર

આજે ૧લી મેના ગુજરાતનો સ્થાપના દિવસ છે. ત્યારે પીએમ મોદીથી લઈને મુખ્યમંત્રી વિજય રૂપાણી, ઉપ મુખ્યમંત્રી નીતિન પટેલે ગુજરાતના લોકોને શુભેચ્છા પાઠવી છે. ત્યારે કોંગ્રેસના દિગ્ગજ નેતા અહેમદ પટેલ અને શક્તિસિંહ ગોહિલે પણ રાજયની જનતાને સ્થાપના દિવસને લઈને શુભકામના પાઠવી છે. કોંગ્રેસના દિગ્ગજ નેતા અહેમદ પટેલે ગુજરાત સ્થાપના દિવસને લઈને રાજયની જનતાને શુભેચ્છા પાઠવી છે. કોંગ્રેસ નેતા અહેમદ પટેલે ટ્વિટ કરી આ અંગે જણાવ્યું છે. ગુજરાતમાં હાલ કોરોનાનો કહેર જોવા મળી રહ્યો છે.

ત્યારે અહેમદ પટેલે લખ્યું છે કે આ આફતને ઉત્સવમાં બદલી સફળતાઓ ઉભી કરવાનો જવલંત ઇતિહાસ આપણો છે. આપણે રાજયમાં ચાલી રહેલી કોરોનાની કટોકટીમાંથી બહાર આવીશું. આપણે હાલની કટોકટીમાંથી પણ સવાયા બની બહાર આવીશું. અહેમદ પટેલે ટ્વિટમાં છેલ્લે 'જય જય ગરવી ગુજરાત' લખીને જનતાને શુભકામના પાઠવી.

કોંગ્રેસે પણ ગુજરાતના સ્થાપના દિવસ નિમિતે શુભેચ્છા પાઠવી છે. કોંગ્રેસના નેતા શક્તિસિંહ ગોહિલે રાજ્યના નાગરિકોને સ્થાપના દિવસને લઈને શુભકામના પાઠવી છે. શક્તિસિંહ ગોહિલે કહ્યું કે આજે આપણું ગુજરાત કોરોના મહામારીનો સામનો કરી રહ્યું છે. આજે સૌ સાથે મળીને નિર્ધાર કરીએ. સરકાર હોય કે સામાન્ય નાગરિક બધા સાથે મળીને જેની જે ફરજ છે, કર્તવ્યનું નિષ્ઠા પૂર્વક પાલન કરીને કોરોના સામેની લડાઈ લડીએ અને તેમાં સફળ થઈએ. આ લડાઈમાં આપણે સફળ થઈએ.

માં અમૃતમ અને માં વાત્સલ્ય કાર્ડ ધારકો વિનામૂલ્યે કરાવી શકશે કોરોના ટેસ્ટ

મે મહિનામાં ૬૧ લાખ પરિવારોને ફ્રીમાં ફુટ બાસ્કેટ આપવામાં આવશેઃ સીએમ સચિવ

ગાંધીનગર

રાજ્યમાં કોરોના વાયરસ અને લૉકડાઉન વચ્ચે સરકારે લીધેલા નવા નિર્ણયો અને જરૂરીયાતની વસ્તુઓના પુરવઠાને લઈને મુખ્યમંત્રીના સચિવ અશ્વિની કુમારે માહિતી આપી હતી. તેમણે કહ્યું કે, મે મહિનામાં ૬૧ લાખ જેટલા પરિવારોને વિનામૂલ્યે ફુટ બાસ્કેટ આપવામાં આવશે. તેમને ૧૦ કિલો ઘઉં સહિતની સામગ્રી આપવામાં આવશે. તેમણે કહ્યું કે, શાળા-કોલેજો બંધ છે ત્યારે ગુજરાત સ્થાપના દિવસ નિમિતે કોરોના સામે જંગ લડી રહ્યું છે ત્યારે આવા તમામ વિષયો પર નિબંધ, કાવ્યો અને ચિત્ર સ્પર્ધા યોજાશે.

અશ્વિની કુમારે કહ્યું કે, આ સ્પર્ધામાં પ્રથમ પુરસ્કાર ૧૫,૦૦૦, બીજો પુરસ્કાર ૧૦ હજારનો અને ત્રીજા પુરસ્કારના રૂપમાં ૫ હજાર રૂપિયા મળશે. દરેક વર્ગની શ્રેષ્ઠ કૃતિને રાજ્ય કક્ષાએ ૨૫ હજાર રૂપિયાનું ઇનામ આપવામાં આવશે.

અશ્વિની કુમારે જણાવ્યું કે, આજે મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ પંચમહાલ જિલ્લાના ૪૬૭ સરપંચો સાથે સંવાદ કર્યો હતો. મારૂ ગામ કોરોના મુક્ત ગામનો નારો મુખ્યપ્રધાને આપ્યો હતો. આ સિવાય માં અમૃતમ અને માં વાત્સલ્ય યોજનાના લાભાર્થીઓ જો કોઈ ઓપરેશન કે ડિલેવરી માટે હોસ્પિટલમાં જશે તો તેમણે કોરોના ટેસ્ટ કરાવવો હશે તો વિનામૂલ્યે કરી આપવામાં આવશે. આ ટેસ્ટની રમકનો સમાવેશ આ યોજનામાં કરી લેવામાં આવશે.

જિલ્લામાં ૬૧ હજારથી વધારે લોકોએ નોંધણી કરાવી

લૉકડાઉનમાં પ્રરપ્રાંતિય કામદારો માટે અમદાવાદથી ટ્રેન દોડાવવાની સંભાવના

અમદાવાદ

લૉકડાઉન ૨.૦ને પૂર્વ થવામાં હવે બે દિવસ જ બાકી રહ્યા છે ત્યારે વિવિધ રાજ્યમાં ફસાયેલા પોતાના લોકો માટે જે તે રાજ્ય સરકાર વ્યવસ્થા ગોઠવી રહી છે. ગુજરાત સરકારે પણ આ માટે ૧૬ અધિકારીઓની નોડલ ઑફિસર તરીકે નિમણૂક કરી છે. જેઓ ગુજરાતમાંથી જે તે રાજ્યમાં લોકોને મોકલવા કે પરત લાવવા માટેની વ્યવસ્થા ગોઠવશે. બીજી તરફ એવી પણ માહિતી મળી છે કે રાજ્યમાંથી પરપ્રાંતિય મજૂરોને પોતાના વતન મોકલવા માટે અમદાવાદમાંથી ટ્રેન પણ દોડાવવામાં આવી શકે છે. હાલ જે લોકો પોતાના વતન જવા માંગે છે તેમના રજીસ્ટ્રેશન નું કામ ચાલી રહ્યું છે. કોઈ પણ પરપ્રાંતિય કામદાર પોતાના રાજ્યમાં પરત ફરવા માંગે છે તો તેણે આ માટે રજીસ્ટ્રેશન કરાવવું પડશે.

રજીસ્ટ્રેશન ઑનલાઈન અને ઑફલાઈન એમ બંને રીતે કરી શકાય છે. શુક્રવારે અમદાવાદ કલેક્ટર કચેરી ખાતે લોકો રજીસ્ટ્રેશન કરવા પહોંચી ગયા હતા. લોકો પાંચ કિલોમીટર ચાલીને પણ રજીસ્ટ્રેશન માટે ગયા હતા. તેમના કહેવા પ્રમાણે તેમને ઑનલાઈન પ્રક્રિયા કેવી રીતે કરવી તેની સમજ નથી. આ ઉપરાંત કલેક્ટર કચેરી બહાર લગાવવામાં આવેલા પેમ્ફલેટ ગુજરાતી ભાષામાં હોવાથી તેમને તકલીફ પડી રહી છે. અમદાવાદ જિલ્લાની વાત કરવામાં આવે તો શુક્રવારે ૬૧ હજારથી વધારે લોકોએ પોતાના વતન જવા માટે નોંધણી કરાવી છે. જેમાં ૨૪ હજારથી વધારે ઉત્તર પ્રદેશના લોકોએ નોંધણી કરાવી છે. એટલે કે રાજ્યમાંથી ઉત્તર પ્રદેશ જવા માટે સૌથી વધારે લોકોએ નોંધણી કરાવી છે.

કલેક્ટર કચેરીના જણાવ્યા પ્રમાણે લોકો તાલુકા કક્ષાએ પણ નોંધણી કરાવી શકશે. આ માટે તેમણે એક ફોર્મ ભરવાનું રહેશે. આ ઉપરાંત જેમની પાસે પોતાના વાહનો છે તેઓ મામલતદારની મંજૂરી લઈને વાહન સાથે વતન જઈ શકશે. અમદાવાદ કલેક્ટર કે.કે.નિરાલાના કહેવા પ્રમાણે અમદાવાદ જિલ્લામાંથી વતન જવા માટે ૬૧ હજારથી વધારે લોકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. જેમાં સૌથી વધારે ૨૪ હજાર લોકો ઉત્તર પ્રદેશના છે, તે બાદમાં મધ્ય પ્રદેશ અને બિહારના ૧૦-૧૦ હજાર લોકોએ નોંધણી કરાવી છે. સાંજ સુધી નોંધણીની પ્રક્રિયા પૂરી થયા બાદ આ લોકોને કેવી રીતે મોકલવા તેનું આયોજન કરવામાં આવશે.

લોકડાઉનમાં વડગામમાં આશા વર્કર પર હુમલો થતા ૧૬ લોકો સામે ફરિયાદ નોંધાઈ

બનાસકાંઠા

કોરોના વાઈરસ સામે સમગ્ર દેશ અને દુનિયામાં મહાજંગ ચાલી રહ્યો છે. કોરોના વાઈરસના સંક્રમણથી લોકોને બચાવવા માટે યુદ્ધના ધોરણે પ્રયાસો ચાલી રહ્યા છે. ખાસ કરીને આરોગ્ય વિભાગના કર્મચારીઓ તો પોતાના જીવના જોખમે પણ લોકોને આ કોરોના વાઈરસથી બચાવવા માટે દિવસ રાત ફરજ બજાવી રહ્યા છે. તેમ છતાં પણ કેટલાક લોકો તેમની આ સેવાને બિરદાવવાને બદલે કોરોના વોરિયર્સ પર જ હુમલા કરતા હોવાની ઘટનાઓ સામે આવી રહી છે.

શુક્રવારે બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના ઈસ્લામપુરા ગામમાં આશા વર્કર પર ગામના જ લોકોએ ધારિયા અને પાઈપ વડે હુમલો કરતા ૩ લોકોને ગંભીર ઈજા પહોંચી છે. જેમાં ઈસ્લામપુરા ગામમાંથી પસાર થતી આશા વર્કર સુભરાબેન ચૌધરીએ ડેરી આગળ લોકોનું ટોળું જતા તેમને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. સોશિયલ ડિસ્ટન્સ રાખી લોકોને ઊભા રહેવા માટેની સૂચના આપી હતી. જો કે, તેમ છતાં પણ લોકોએ તેમની વાત ન માનતા આશા વર્કરે મોબાઈલ કાઢી ફોટો પાડવા જતા, આ ટોળાએ તેમની પાસેથી મોબાઈલ ઝૂંટવી લઈ હુમલો કર્યો હતો.

આ બનાવની જાણ થતાં જ આશાવર્કરના પતિ, દિયર સહિત તેમનો પરિવાર ઘટના સ્થળે દોડી આવી ટોળાને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. ટોળાએ આશા વર્કર સહિત તેના પતિ અને પરિવાર પર ધારિયા અને પાઈપ વડે હુમલો કરતાં ૩ લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ બનાવના પગલે પોલીસ અધિકારીઓ પણ ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા, અને ઈજાગ્રસ્ત ત્રણ લોકોને સારવાર અર્થે વડગામ રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડી ૧૬ લોકો સામે વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

ગાંધીનગર જિલ્લા અને શહેતમાં કોરોનાનો કહેર વધતા તંત્ર દોડતું થયું

શરૂઆતના ૨૯ દિવસમાં ૧૭ કેસ, હવે છેલ્લા ૭ દિવસમાં ૨૯ કેસ

ગાંધીનગર

ગાંધીનગરમા શુક્રવારે નવા ૧૩ પોઝિટિવ કેસ નોંધાતા કુલ સંખ્યા ૫૦ને પાર કરી ગઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૧૬મીએ હજુ માંડ૧૭ કેસ જ હતા.ત્યાર બાદ સતત છ દિવસ સુધી એક પણ કેસ આવ્યો નહોતો. પરંતુ ૨૩મીએ બે કેસ આવ્યા હતા. ત્યારબાદ માત્ર પાંચ દિવસમા જ કેસમા સતત વધારો થયો છે. જેની પાછળન મુખ્ય કારણ પોલીસની નફ્ફટાઈ છે. કેમકે અમદાવાદથી ગાંધીનગર આવ-જા કરી રહેલા લોકોને રોકવામા પોલીસ જરાય ગંભીર બની નથી. જેને કારણે કોરોનાનુ સંક્રમણ સતત વધતુ રહ્યું છે. અમદાવાદના હોટસ્પોટ વિસ્તારમા રહેતા સરકારી અને ખાનગી કંપનીના કર્મચારીઓ નિયમિત રીતે ગાંધીનગર આવ-જા કરે છે.એટલુ જ નહી અન્ય લોકોને પણ આવ-જા કરવામા મદદ કરી રહી છે. સચિવાલય સહીતની ઓફિસો ચાલુ થઈ ગઈ હોવાથી ઘણા કર્મચારીઓ પોતાની વગનો પણ ઉપયોગ કરી રહ્યાં છે.

એક પાસનો ઉપયોગ અન્ય કેટલાક લોકો પણ કરે છે. પાટનગરમા કોરોના કંટ્રોલમા રહેતા ત્યાંના લોકો પણ ખુશ હતા. એટલુ જ નહી ઉજી મેના રોજ લોકડાઉનમા છૂટછાટો મળશે એવી અપેક્ષા પણ હતી. પણ પોલીસ તંત્રની લાપરવાહીને કારણે હવે ગાંધીનગરના લોકો ઉપર જોખમ વધી ગયુ છે. પોલીસ સહિતનુ તંત્ર લોકડાઉનનો ચુસ્ત અમલ કરાવવામા સદંતર નિષ્ફળ ગયુ છે. જેનો ભોગ પાટનગરની પ્રજા બની છે. કેસોમા સતત વધારો થતો હોવાથી હવે ગૃહિણીઓ ઘરની બહાર પગ મુકતા પણ ધ્રુજી રહી છે. પાટનગરમાં જે કેસ નોંધાયા છે તેમાં સેક્ટર-૨બીમાં રહેતા કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટયૂટના લેબ ટેકનીશનય તેમજ દાણીલીમડાથી ગાંધીનગર આવેલી મહિલાના પતિનો સમાવેશ થાય છે.

સેક્ટર-૧૩ બીમાં રહેતી અને અમદાવાદ સિવિલમાં કામ કરતી નર્સનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે. જ્યારે ગીચ વસતી ધરાવતા સેક્ટર-૨૪માં પણ એક યુવાનને કોરોના પોઝિટિવ છે. આ યુવાનની સચિવાલયમા અવરજવર ૨ હેતી હતી અને તે એક અધિકારીની કારમાં ઓડ્રાઇવર તરીકે ફરજ બજાવે છે. દહેગામના હાલીસામાં ત્રણ કેસ સામે આવ્યા છે. જેમાં એસઆરપી જવાનના માતા અને તેની ૩ માસની પુત્રી તેમજ અમદાવાદ અપડાઉન કરતા એક યુવાનનો સમાવેશ થાય છે. નાંદોલ ગામે નરોડામાંથી તાજેતરમાં જ રહેવા આવેલી મહિલાને કોરોના પોઝિટીવ આવ્યો છે. જ્યારે પેથાપુરના યુવકના ફેસિલીટી ક્વોરેન્ટાઈન કરાયેલા માતાનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે. જ્યારે માણસાના ચડાસણા ગામે પણ પિતા પુત્ર પોઝિટિવ આવ્યા છે. તેઓ અમદાવાદના બહેરામપુરામાં રહેતા હતા. કોરોનાગ્રસ્ત સાળાના સંપર્કમા આવ્યા બાદ પિતા પરિવાર સાથે અમદાવાદથી ભાગીને વતન ચડાસણા આવ્યો હોવાનુ ખૂલ્યુંછે.

રેડઝોનમાં હોટસ્પોટ અમદાવાદના ૯ વોર્ડ, કોરોના સામે સાવધાની એકમાત્ર ઉપાયઃ નેહરા

અમદાવાદમાં દરેક ફેરિયા, દુકાનદારો માટે માસ્ક કરાયા ફરજીયાત

અમદાવાદ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૧૩ પોઝિટિવ રિપોર્ટ નોંધાયા બાદ રાજ્યમાં કોવિડ- ૧૯ના કેસોની સંખ્યા ૪૩૯૫એ પહોંચી છે. વિતેલા ૨૪ કલાકમાં પ્રાથમિક રીતે માત્ર કોરોના વાઈરસને કારણે પાંચ સહિત કુલ ૧૭ દર્દીઓના અવસાનથી રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ મૃત્યુઆંક ૧૨૪એ પહોંચ્યો છે. આ સમયમાં વધુ ૮૭ને ડિસ્ચાર્જ મળતા હવે સાજા થઈ ઘરે પહોંચનારા દર્દીઓની સંખ્યા વધીને ૬૧૩એ પહોંચ્યા છે. આજે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર વિજય નહેરાએ પોતાના બુલેટિનમાં કોરોનાની સ્થિતિ વિશે માહિતી આપી હતી. ગુજરાત સહિત આજે દેશભરના જિલ્લાઓને રેડ, ઓરેન્જ અને ગ્રીન ઝોનમાં વહેંચણી કરવામાં આવી છે. ત્યારે આજે અમદાવાદમાં વિજય નહેરાએ જણાવ્યું હતું કે, વધુ ૩ વોર્ડ રેડ ઝોનમાં મુકાયા છે. અમદાવાદમાં પહેલાથી ૬ વોર્ડ રેડ ઝોનમાં હતા, ત્યારે હવે સરસપુર, અસારવા, ગોમતીપુરને પણ કોરોનાના દર્દીઓની સંખ્યાને જોતા રેડ ઝોનમાં મૂક્યા છે.

વિજય નહેરાએ અમદાવાદમાં કોરોનાની સ્થિતિ વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, અત્યાર સુધી શહેરમાં ૨૮૦૩૪ ટેસ્ટ કરવામાં આવ્યા છે. ૧૦ લાખની વસ્તીએ ૪૦૦૦થી વધુ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. જે ગુજરાત માટે ખુબ જ સારી ઘણી શકાય તેવી વાત છે. નહેરાએ વધુમાં જણાવ્યું હતું કે, અમદાવાદીઓએ કોરોનાથી ડરવાની જરૂર નથી, બસ સાવધાની એકમાત્ર ઉપાય છે. અમદાવાદમાં અત્યાર સુધી ૪૧૨ લોકો ડિસ્ચાર્જ થયા હોવાની વાત કરી હતી. વિજય નહેરાએ આજે શહેરના દરેક લોકોને એક સંકલ્પ લેવાની વાત કરતા જણાવ્યું હતું કે, દરેક અમદાવાદી આજથી એક સંકલ્પ લે કે માસ્ક, સામાજિક અંતર, સેનિટાઈઝેશનનો સંકલ્પ કરશે. તેના વગર તેઓ ઘરની બહાર પણ પગ નહીં મૂકે.

તેમણે ઉમેર્યું કે, આજથી શહેરમાં દરેક ફેરિયા, દુકાનદારો માટે માસ્ક ફરજીયાત કરવામાં આવ્યા છે અને જો કોઈ નિયમનું પાલન નહીં કરે તો તેની કડકમાં કડક દંડ કરવામાં આવશે. હાલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ૧૦૪ ટીમ શહેરમાં આ કામગીરીમાં જોડાઈ છે. વિજય નહેરાએ જણાવ્યું કે, આજે માસ્કના નિયમને ફરજિયાત બનાવાયો છે, ત્યારે અમુક લોકો આ નિયમનો ભંગ કરી રહ્યા છે. આજે બે કલાકમાં ૧૩૨૬ લોકોને દંડ ફટકાર્યો છે. તેમને જણાવ્યું કે, શહેરીજનોને દંડ કરવાનું અમને પણ પસંદ નથી. પરંતુ લોકો માની રહ્યા નથી. જેના કારણે અમારે સજાની જોગવાઈ કરવી પડે છે.

બોપલમાં વધુ બે કોરોના પોઝિટિવ કેસ નોંધાતા તંત્રમાં વધી ચિંતા

અમદાવાદ

કોરોના વાઈરસનો ફેલાવો હવે જિલ્લામાં પણ થઈ રહ્યો છે. ગુરુવારે અમદાવાદ જિલ્લામાં ચાર પોઝિટિવ કેસ બાદ આજે બોપલમાં વધુ બે પોઝિટિવ કેસ નોંધાયા છે. બોપલમાં આવેલ કદંબ ફ્લેટમાં એક જ પરિવારના બે લોકોનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જયારે એક મહિલાનો રિપોર્ટ બપોર બાદ આવશે. વધુ બે કેસ નોંધાતા બોપલમાં કુલ પાંચ કેસ થયા છે. જ્યારે અમદાવાદ જિલ્લામાં કુલ ૩૭ કેસ થયા છે.

ગુરુવારે અમદાવાદ જિલ્લામાં બે મહિલા અને બે પુરુષ એમ ચાર કેસ નોંધાયા હતા. જેતલપુર, બારેજા, વાંચ અને કઠવાડા ગામમાં આ કેસ નોંધાયા છે. જિલ્લામાં ૩૭ કેસમાંથી ૧૨ લોકો સ્વસ્થ થતાં તેમને રજા આપવામાં આવી છે. જ્યારે ૨૫ લોકો હાલમાં હોસ્પિટલમાં દાખલ છે.

સાબરકાંઠામાંથી રાજસ્થાન અને મધ્યપ્રદેશના ૧૩૨ મજૂરો વતન માટે રવાના કરાયા

હિંમતનગર

ગુજરાતમાં મજુરી અર્થે આવેલા ૨૯૦ પરપ્રાંતિઓને જિલ્લામાં આશ્રય આપવામાં આવ્યો હતો. આ મજુરો દ્વારા પોતાના વતન મોકલી આપવા વહિવટી તંત્રને વિનંતી કરવામાં આવી હતી જેના પગલે ૧૩૨ પરપ્રાંતિય મજુરોને તેમના વતન પરત મોકલવામાં આવ્યા હતા. સાબરકાંઠા જિલ્લામાં કોરોનાની સ્થિતિને પહોચીવળવા માટે વહિવટી તંત્ર દ્વારા સાવચેતીના પગલા લેવાઇ રહ્યા છે. આ લોકડાઉનના સમયમાં જિલ્લામાં મજુરી માટે આવેલા તેમજ જિલ્લામાંથી પગપાળા જતાં પરપ્રાંતિય મજુરોને જિલ્લામાં રોકી તેમના માટે જુદા-જુદા ચાર શેલ્ટર હોમમાં વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ શેલ્ટર હોમમાં તેમના આરોગ્યની ચકાસણી તેમજ તેમના રહેવા, જમવા સાથે જીવન જરૂરીયાતની તમામ વસ્તુઓનુ ધ્યાન વહિવટી દ્વારા રાખવામાં આવ્યું હતું. આ પરપ્રાંતિઓ પોતાના વતન પરિવાર પાસે જવા ઇચ્છતા હોઇ તેમને તેમના વતનમાં ત્યાંના અધિકારીઓ સાથે ચર્ચા કર્યા બાદ મોકલવાની તમામ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ૨૯૦ પરપ્રાંતિઓમાં રાજસ્થાનના ૮૯ મજુરો અને મધ્યપ્રદેશના ૪૩ મજુરોને વતન પરત મોકલવામાં આવ્યા હતા. હાલમાં આ શેલ્ટર હોમમાં ૧૫૮ ઉત્તરપ્રદેશના મજુરો આશ્રય લઈ રહ્યા છે.

વડોદરામાં કોરોનાના વધુ ૧૯ કેસ અને ૨ લોકોના મૃત્યુ થતા તંત્રમાં હડકંપ

વડોદરામાં કોરોનાથી થતી મોતની સંખ્યા અન્ય શહેરની સરખામણીમાં બમણો

વડોદરા

વડોદરામાં આજે કોરોનાના કારણે બે મોત થયા છે જેમા વડોદરાના પાણીગેટ વિસ્તારનો અને પાદરાના ચોકારી ગામનો મળીને બે યુવકોનો સમાવેશ થાય છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે વડોદરા શહેરમાં આજે કોરોના વાઈરસથી વધુ ૨ લોકોના મોત થયા છે, વડોદરા જિલ્લામાં કોરોના વાયરસના નવા ૧૯ કેસ નોંધાયા છે. આ સાથે કુલ પીડિતોની સંખ્યા ૩૨૪ પર પહોંચી ગઈ છે. ગુજરાતમાં અમદાવાદ, સુરત બાદ કોરોના વાયરસના સૌથી વધુ કેસ વડોદરામાં નોંધાયા છે. તો બે વ્યક્તિઓના મૃત્યુ થવાની સાથે કુલ મૃત્યુઆંક ૨૩ પર પહોંચી ગયો છે.

વડોદરામાં આજે નવા ૧૯ કેસ નોંધાયા છે. આ સાથે કુલ કેસોની સંખ્યા ૩૨૪ થઈ ગઈ છે. તો ૫૪ વર્ષના કલ્પના મસ્કે અને ૬૭ વર્ષના હનીફ રંગ રેજનું નિધન થયું છે. આ સાથે કુલ મૃત્યુઆંક ૨૩ થઈ ગયો છે. વડોદરામાં ગુરૂવારે સાંજથી શુક્રવારે સવાર સુધીમાં ૧૪૨ સેમ્પલની ચકાવણી કરવામાં આવી હતી. જેમાં ૧૯ લોકોમાં કોરોના પોઝિટિવ આવ્યો છે. કેન્દ્ર સરકારે આજે કોરોના વાયરસના કેસના આધારે જિલ્લાઓને રેડ, ઓરેલન્જ અને ગ્રીન ઝોનમાં રાખ્યા છે. ગુજરાતના ૯ જિલ્લા રેડ ઝોનમાં છે, જેમાં વડોદરાનો સમાવેશ થાય છે.

વડોદરામાં આજે નોંધાયેલા કોરોના વાઈરસના ૧૯ દર્દીઓના નામ : (૧) અર્જુનભાઇ છગનભાઇ પટેલ (ઉ.૬૩), ઘનશ્યામ પાર્ક સાસોયટી, સંગમ (૨) ઇમ્તિયાઝ મોહમ્મદ અત્તરવાલા (ઉ.૬૩), ફાતેમા મંજીલની પાછળ, મટન માર્કેટ, મોગલવાડા (૩) ફાતેમા સફદરઅલી ચશ્માવાલા (ઉ.૬૩), ગેંડીગેટ રોડ, ફકરી મોહોલ્લા નં-૨, મોગલવાડા, ખાંગા મોહોલ્લા (૪) ફાતેમા ઇમ્તિયાઝ અત્તારવાલા (ઉ.૬૩), ફાતેમા મંજીલની પાછળ, મટન માર્કેટ, મોગલવાડા (૫) મોહમ્મધની દાદાભાઇ રંગરેજ (ઉ.૬૩), રબારીવાસ, વાડી (૬) યાસિનખાન રસુલખાન પઠાણ (ઉ.૬૩), રબારીવાડ, વાડી (૭) ઐયુબઅલી મેહનુરઅલી સૈયદ (ઉ.૬૩), સૈયદપુરા, નાગરવાડા (૮) નિઝામુદ્દીન ગુલામભાઇ ગોટલાવાલા (ઉ.૬૩), લોખંડવાલા પાસે, નાગરવાડા (૯) રમિઝખાન રસુલખાન પઠાણ (ઉ.૬૩), રબારીવાડ, વાડી (૧૦) ફેમિદા યુનુસભાઇ હોટેલવાલા (ઉ.૬૩), રબારીવાડ, વાડી (૧૧) આનંદ પાંડે (ઉ.૬૩), ઇએમઇ કેમ્પસ ફતેગંજ (૧૨) મોહમદ નુરદેન ઇસ્માઇલ થેરીવાલા (ઉ.૬૩), મોગલવાડા, પાણીગેટ (૧૩) મિનેષ અરવિંદભાઇ રાણા (ઉ.૬૩), ભદ્ર કચેરી રોડ, પાણીગેટ (૧૪) અફિરાબાનુ મલેક (ઉ.૬૩), વાડી મોટી હોરવાલા (૧૫) રફીકભાઇ રહેમાનભાઇ ગાબાલવાલા (ઉ.૬૩), ચવપુરા મચ્છીપીઠ (૧૬) નુરજહા યુસુફભાઇ શાહી (ઉ.૬૩), નાગરવાડા (૧૭) સના આસિફ સહેલિયા (ઉ.૬૩), નવીધરતી, નાકા ફળીયા, નાગરવાડા (૧૮) ઉસ્માનઘનિમ ઇસ્માઇલભાઇ દૂધવાલા (ઉ.૬૩), પાણીગેટ છીપવાડ

રાજકોટનો રેડ ઝોનમાંથી ઓરેન્જ ઝોનમાં સમાવેશ, છૂટછાટ વધુ મળશેઃ મ્યુનિ. કમિશનર

રાજકોટ

રાજકોટમાં મ્યુનિસિપલ કમિશનર ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું કે, રાજકોટનો ઓરેન્જ ઝોનમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ઓરેન્જ ઝોનમાં પ્રમાણમાં છૂટછાટ વધુ મળશે. રાજકોટમાં કોરોના વાઈરસને કાબૂ કરવા પર સફળતા મળી છે. વિદેશથી કોરોના વાઈરસનો ચેપ લઈ આવેલા તમામ લોકોને ક્વોરન્ટીન કરવામાં આવ્યા છે. કોરોના વાઈરસના પોઝિટિવ કેસ નોંધાયા કોન્ટેક્ટ ટ્રેસીંગ અને ટ્રેકીંગની કામગીરી કરવામાં આવી છે. આજે રાજકોટમાં જંગલેશ્વર વિસ્તારમાં પણ પ્રમાણમાં કેસ ઓછા જોવા મળી રહ્યા છે.

હાલમા કોરોના વાઈરસના અનુસંધાને સમગ્ર ભારતમા લોકડાઉન જાહેર કરવામા આવ્યું છે. લોકડાઉન દરમિયાન ભારત સરકાર દ્વારા ગુટખા, તમાકુ વગેરેના વેચાણ પર પ્રતિબંધ જાહેર કરાયો છે. જેથી કોઈ પણ વ્યકિત દ્વારા પાન, માવા, ગુટખા, તમાકુ વગેરેનું વેચાણ કરશે તો તેઓ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામા આવશે. રાજકોટમાં ૧૨૩ સેમ્પલ લેવામાં આવ્યા હતા. જેમાં ૯૨ લોકોને નેગેટિવ રિપોર્ટ આવ્યો છે. જ્યારે ૩૧ લોકોના રિપોર્ટ આવવાના બાકી છે. ૧૨૩માંથી ૭૩ રાજકોટ શહેરના, ૪૩ ગ્રામ્યના અને ૩ અન્ય જિલ્લાના કેસનો સમાવેશ થાય છે. ૪થી ૯ વર્ષની ઉંમરના ૧૩ બાળકોનો ટેસ્ટ કરવામાં આવ્યો હતો. આ આંકડા મનપાએ સત્તાવાર યાદીમાં જાહેર કર્યા છે. કેન્દ્ર સરકાર દ્વારા સરકારી કર્મચારીઓના ડીએ બંધ કરવાના મામલે સરકારી કર્મચારીઓ મનપા ખાતે શાંતિપૂર્ણ રીતે વિરોધ નોંધાવ્યો હતો. કર્મચારી મંડળના હોદ્દેદારોએ મીણબત્તી પેટાવી સરકાર સામે વિરોધ નોંધાવ્યો હતો. હાલની પરિસ્થિતિ મુજબ હડતાળ કરવાના બદલે પોતાની ફરજ બજાવશે. જ્યારે લોકડાઉન પૂર્ણ થયા બાદ કર્મચારીઓ ઉગ્ર વિરોધ કરશે.રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરીમાં જ સોશિયલ ડિસ્ટન્સનો અભાવ જોવા મળ્યો હતો. બહાર ગામ જવા માટે પરમિશન માટે લોકોની લાઈનો લાગી છે. સુરક્ષા કર્મીઓની હાજરીમાં સોસિયલ ડિસ્ટરન્સનો અભાવ જોવા મળ્યો.

વડગામના ઈસ્લામપુરામાં એક જ કોમનાં બે જૂથો વચ્ચે મારામારી, ૧૩ સામે ફરિયાદ

વડગામ

વડગામ તાલુકાના ઈસ્લામપુરા ગામમાં એક જ કોમના બે જુથો વચ્ચે મારામારી સર્જાતા ગામમાં નાસભાગ મચી ગઈ હતી. જેમાં બે વ્યક્તિઓને ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેમને સારવાર અર્થે ખસેડાયા હતા. કોઈ અનિચ્છનિય ઘટના ન ઘટે તે માટે ચુસ્ત પોલીસ બંધોબસ્ત ગોઠવી દેવાયો હતો. બુધવારની સાંજે દુધ મંડળી આગળ લોકોના ટોળા ભેગા થયા હતા.તે દરમિયાન આશા વર્કર સુભરાબેને લોકોને ભેગા ન થવાનું કહીને ફોટા પાડતાં ટોળામાંથી લોકો ઉશ્કેરાઇ જઈને મારામારી ઉપર આવી ગયા હતા. જેમાં ધારીયા અને પાઇપ વડે હુમલો થતાં અયુબભાઈ અને યાસીનભાઈને ગંભીર ઈજાઓ થવા પામી હતી.

જે બન્નેને સારવાર અર્થે વડગામ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અંગે આશા વર્કર બહેને વડગામ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે ઈંદ્રિસ મરેડીયા, ઈમરાન સુલેમાન કોરવાડીયા, હારૂન શરીફ કોરવાડીયા સહીત ૧૩ જેટલા લોકો સામે વડગામ પોલીસ મથકે ગુનો નોંધી વધુતપાસ હાથ ધરી હતી. વડગામ પોલીસ દ્વારા તાત્કાલિક રાત્રીના સમયે જ પોલીસ બંદોબસ્ત ગોઠવી દઈને પરીસ્થીતીને સંભાળી લીધી હતી.

અમદાવાદના રામોલ શાકમાર્કેટમાં લારીઓ વચ્ચે ચાર મીટરનું અંતર રાખવાનો નવો પ્રયોગ

અમદાવાદ

અમદાવાદમાં કોરોના વાયરસના કેસો સતત વધી રહ્યાં છે. શાકભાજીની લારીવાળા તો કોરોનાના સુપર સ્પેડરમાં સામેલ છે. શાકભાજી વેંચતા લોકોમાં પણ કોરોના વાયરસના કેસો સામે આવ્યા છે. ત્યારબાદ તંત્ર વધુ એલર્ટ થઈ ગયું છે. કારણ કે શાકમાર્કેટમાં ખરીદી કરતા સમયે સોશિયલ ડિસ્ટેન્સિંગનું પાલન ન થતાં હવે પોલીસે નવતર પ્રયોગ હાથ ધર્યો છે. રામોલ શાકમાર્કેટમાં દરેક લારી વચ્ચે ચાર મીટરનું અંતર રાખવામાં આવી રહ્યું છે.

લૉકડાઉનમાં ઘણી જગ્યાએ શાકભાજી અને જીવન જરૂરીયાતની ખરીદી કરવા સમયે લોકોની ભીડ જોવા મળી રહી હોય છે. આ ઘટના બાદ રામોલ શાકમાર્કેટમાં પોલીસે નવો પ્રયોગ કર્યો છે. કોરોના સંક્રમણને રોકવા માટે હવે દરેક લારીઓ વચ્ચે ચાર મીટરનું અંતર રાખવામાં આવી રહ્યું છે. આ માટે પોલીસે માર્કિંગ કરવાની કામગીરી પણ કરી છે. એક સમયે એક લારી પર ત્રણ ગ્રાહકો ઉભા રહી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

પોલીસ અને સિવિલ ડિફેન્સનો સ્ટાફ આ માટે સતત પેટ્રોલિંગ કરી રહ્યો છે. અમદાવાદમાં અત્યાર સુધી કોરોના વાયરસના ૩૦૨૬ કેસ નોંધાયા છે. જેમાંથી હાલ ૨૫૫૧ એક્ટિવ કેસ છે. ૩૫ દર્દીઓ વેન્ટિલેટર પર છે. જયારે ૨૫૧૬ સંક્રમિતો સ્ટેબલ છે. તો અત્યાર સુધી ૧૪૯ લોકોના મૃત્યુ થયા છે.

મૂળ વડોદરાના વૃધ્ધ ડૉક્ટરનું અમેરિકામાં વેન્ટિલેટર હટાવી લેતા મોત

વડોદરા

અમેરિકામાં કોરોનાએ ભારે કોહરામ મચાવ્યો છે અને તેના કારણે અન્ય રોગના દર્દીની સારવાર યોગ્ય રીતે થતી નથી તેવા અનેક કિસ્સા બહાર આવી રહ્યા છે. અમેરિકાના ન્યુ જર્સીમાં નોર્થ બર્ગન ખાતે રહેતા મૂળ વડોદરાના ડોક્ટર અમેરિકામાં સ્થાયી થયા હતા. તેમને હાર્ટની તકલીફ થતા હોસ્પિટલમાં દાખલ કરાયા હતા, પરંતુ તેઓને હોસ્પિટલમાં વધુ સમય રાખી શકાય તેમ નહી હોવાથી કુટુંબીજનોની મંજૂરીથી વેન્ટીલેટર કાઢી લેવાતા આખરે ડોક્ટરનું મોત થયું છે. આ અંગેની વિગત એવી છે કે,

દાંડિયાબજાર વિસ્તારમાં આવેલી અપ્સરા એપાર્ટમેન્ટના મૂળ રહીશ ડો.જનાર્દનભાઈ જશભાઈ દેસાઈ એક નવાબજાર વિસ્તારમાં અને બીજું છાણી ગામમાં પોતાનું દવાખાનું ધરાવતા હતાં. તેમનો એક પુત્ર જયંત અમેરિકામાં સ્થાયી થતા અને જનાર્દનભાઈની ઉંમર થતા તેમણે નવાબજારનું દવાખાનું બંધ કરી દીધું હતું પરંતુ છાણીમાં તેમણે દવાખાનું ચાલુ રાખ્યું હતું. આ સમય દરમિયાન ડો.જનાર્દનભાઈ અને તેમના પત્ની પ્રવિણાબેનને અમેરિકાનું ગ્રીન કાર્ડ પણ મળી ગયું હતું.

મહેસાણા નગરપાલિકામાં પ્રથમ વખત સરક્યુલર સંમતિ મેળવી ઠરાવો મંજૂર કરાયા

મહેસાણા

મહેસાણા પાલિકા દ્વારા વિડીયો કોન્ફરન્સથી ગુરૂવારે બોલાવવામાં આવેલી સાધારણ સભા વિરોધપક્ષનાં નેતાએ લેખિત વાંધો રજૂ કરતાં પાલિકા પ્રમુખે સાધારણ સભા મોકુફ રાખીને સરક્યુલર સંમતિ મેળવી ઠરાવ કરવાનો નિર્ણય કર્યો હતો. શાસક પક્ષ ભાજપે સરક્યુલર સંમતિના આધારે ૪ કામના ઠરાવ મંજૂર કર્યા હતા.

પાલિકા પ્રમુખ નવિન પરમાર દ્વારા ૩૦ એપ્રિલનાં રોજ સાધારણ સભા બોલાવવામાં આવી હતી. પરંતુ વિડીયો કોન્ફરન્સ મામલે વિરોધપક્ષનાં નેતાએ વિરોધ કરતાં પાલિકા પ્રમુખે સાધારણ સભા મોકુફ રાખીને સરક્યુલર સંમતિ મેળવ્યા બાદ ઠરાવ કરવાનો નિર્ણય કર્યો હતો. જેમાં પાલિકા પ્રમુખે ચાર કામોની દરખાસ્તો રજૂ કરીને તેમાં સંમતિ અને અસંમતિના બે ખાના મૂકી તેમાં સહી કરી અભિપ્રાય આપવાનો હતો. પાલિકાના કુલ ૪૩ સભ્યો પૈકી ૨૪ સભ્યોએ સહી કરીને સંમતિ આપી હતી. જેમાં ભાજપનાં ૧૫, કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયેલાં ૬ અને કોંગ્રેસનાં ૩ સભ્યોએ સંમતિ આપી હોવાનું પાલિકાના સૂત્રો દ્વારા જાણવા મળ્યુ હતું. જ્યારે કોંગ્રેસનાં ૧૮ સભ્યો સરક્યુલર ઠરાવની કામગીરીથી અળગા રહ્યાં હતા. કોંગ્રેસનાં કોર્પોરેટર ત્રિભોવન ઓઝાએ પહેલાં સહી કરીને સંમતિ દર્શાવી હતી. બાદમાં અગમ્ય કારણોસર પાલિકા પ્રમુખ અને ચીફ ઓફિસરને પત્ર લખીને સંમતિમાં કરેલી સહી રદ કરવા વિનંતી કરી હતી. તેથી પાલિકા પ્રમુખે ૨૪ સભ્યોની સંમતિના આધારે ચારેય કામોનાં ઠરાવ મંજૂર કરવાનો નિર્ણય કર્યો હતો.

સાબરકાંઠા અને પાટણ બંને જગ્યાએ એક એક કોરોના દર્દી સાજા થતાં રજા અપાઈ

ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લાના બીજા કોરોનાના દર્દીને હોસ્પિટલમાંથી રજા અપાઈ છે. પ્રાંતિજ તાલુકાના મોયદના માઢા વિસ્તારની મહિલાને રજા અપાઈ છે, રજા આપતી વખતે ડોક્ટરોએ તાળીઓ પાડીને કોરોના વિજેતા દર્દીને વધાવ્યો હતો. સાબરકાંઠા જિલ્લાના કુલ ૩ દર્દીઓ પૈકી બેને રજા આપી દેવામાં આવી છે. તો બીજી બાજૂ પાટણ જિલ્લામાંથી પણ એક સારા સમચાર સામે આવ્યા છે. ૨૦ વર્ષીય યુવતીનો રિપોર્ટ કોરોના પોઝિટીવ આવ્યો હતો, જેથી તેની સારવાર ચાલી રહી હતી, પરંતુ હાલ તેના રિપોર્ટ નેગેટિવ આવતા તેને ધારપુર હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે. સાથે જ પાટણ જિલ્લાને રેડ ઝોનમાંથી ઓરેન્જ ઝોનમાં મુકતા લોકોએ રાહતનો શ્વાસ લીધો છે.

દીવ લોકડાઉનમાં એક મહિનાથી ફસાયેલા ૨૪ પોર્ટુગીઝ નાગરિકોને મુંબઈ મોકલાયા

દીવ

દીવના ફુદમ ગામે છેલ્લા એક મહિનાથી લોકડાઉનમાં ફસાયેલા ૨૪ પોર્ટુગીઝ નાગરિકોને આજે તેમના વતન રવાના કરવામાં આવ્યા છે. જેમા ચાર નાના બાળકોનો પણ સમાવેશ થાય છે. પોર્ટુગીઝ નાગરિકોએ ભારત સરકાર અને દીવ પ્રશાસનને આભાર વ્યકતકર્યો. ફુદમ ગામના અગ્રણી રમણીકભાઈ બામણીયાએ જણાવ્યું હતું કે, ફુદમ ગામના લોકોએ એક મહિના સુધી આ પોર્ટુગીઝ નાગરિકોની અતિથી દેવો ભવ ભારતીય સાંસ્કૃતિ પ્રમાણે મહેમાન ગતિ કરી હતી. ફ્લાઈટ-નં-KL-878 એરલાઇન્સ KLM મુંબઈથી વતન રવાના થશે. એક મહિનાના લોકડાઉન બાદ દીવ પ્રશાસન દ્વારા પોર્ટુગલ અને ભારત સરકારને ચાર બાળકો સહિત ૨૪ પોર્ટુગીઝ નાગરિકોની વતન વાપસી વિશે જાણકારી આપવામાં આવી અને મંજૂરી મેળવતા ભારત સરકારના વિદેશ મંત્રાલયમાંથી વતન વાપસીની મંજૂરી મળતાં ચાર બાળકો સહિત ૨૪ પોર્ટુગીઝ નાગરિકોને બસ દ્વારા દીવથી મુંબઈ રવાના કરવામાં આવ્યા હતા. મુંબઈથી આ પોર્ટુગીઝ નાગરિકો બીજા રાજ્યોમાં ફસાયેલા પોર્ટુગીઝ, નેધરલેન્ડ, બેલ્જિયમ, સ્પેન, જર્મની, ડેન્માર્કના નાગરિકોને ફ્લાઈટ-નં-KL-૮૭૮ એરલાઈન્સ દ્વારા મુંબઈથી વતન રવાના થશે.

જેતપુરમાં નકલી પોલીસ બની પૈસા પડાવતો એક શખ્સ ઝડપાયો

રાજકોટ

રાજકોટ જિલ્લાના જેતપુરમાં નકલી પોલીસ બનીને તોડ કરતો એક શખ્સ ઝડપાયો છે. આ ઝડપાયેલા વ્યક્તિનું નામ દેવાંગ પંડ્યા છે. તે પોલીસ હોવાનું કહીને લોકો પાસેથી પૈસા પડાવી રહ્યો હતો. તેણે સોપારી-તંબાકુના વેપારીના ઘરમાં સુધીને તોડ કર્યો હતો. લોકોને પોલીસ હોવાનું કહીને પૈસા પડાવનાર ઝટપાયેલ શખ્સના પિતા પ્રફુલભાઈ પંડ્યા જેતપુર પોલીસમાં નિવૃત એએસઆઈ છે.

દેવાંગ પંડ્યા પોતે પોલીસ હોવાની માહિતી આપીને લોકો પાસે પૈસા પડાવતો હતો. હાલ લૉકડાઉન હોવાને કારણે સોપારી-તંબાકુનો વ્યાપાર બંધ છે. એટલે તે આવા વેપારીઓને પોતાનો શિકાર બનાવતો હતો. તેણે જેતપુરની ક્રિષ્ના હાઈટ સોસાયટીમાં સોપારી તંબાકુના વેપારી પાસેથી તોડ કર્યો હતો. તેણે આ વેપારી પાસેથી ૭ હજાર રૂપિયા પડાવ્યા હતા. તેણે વેપારીના ઘરેથી આ પૈસા પડ્યા હતા. ત્યારબાદ લોકોએ તેનો પૈસા લેતો વીડિયો બનાવી લીધો હતો. આ ઘટનાની જાણ થયા બાદ પોલીસે યુવકને ઝડપી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

નવસારીમાં ૧૦૩૮ સેમ્પલો પૈકી ૮૭૭ લોકોના રિપોર્ટ નેગેટિવ

નવસારી

કોવિડ-૧૯ વાયરસ સંક્રમણને પગલે નવસારી જિલ્લામાં તા.૩૦/૦૪/૨૦૨૦ના રોજ ૧૦૭ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાં નવસારી- ૧૫, જલાલપોર-૨૧, ગણદેવી- ૨૧, ચીખલી- ૩૪, ખેરગામ-૦૪ વાંસદા-૦૭ તેમજ અન્ય જિલ્લાના વલસાડ-૦૪, સુરત-૦૧ સેમ્પલ લેવામાં આવ્યાં છે. જેમાં અત્યાર સુધીમાં કુલ- ૧૦૩૮ સેમ્પલ પૈકી ૮૭૭ સેમ્પલ નેગેટીવ આવ્યા છે. ૧૫૪ સેમ્પલના રીઝલ્ટ બાકી છે.

જિલ્લામાં આરોગ્ય કર્મચારીઓ દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેની ઘનિષ્ટ કામગીરી થઇ રહી છે. જિલ્લામાં ત્રીજા રાઉન્ડમાં હાઉસ ટુ હાઉસ સર્વેમાં ૧૩,૭૭,૧૪૪ વસ્તીને આવરી લેવામાં આવી છે. જિલ્લામાં કુલ-૦૩ કોવિડ-૧૯ હોસ્પિટલ છે. કુલ-૦૭ પોઝીટીવ કેસ છે. જેમાં આંતલીયા, અંબાડા અને હાંસાપોરમાં નોંધાયેલ દર્દીઓના પાંચ દિવસ બાદ બીજીવાર સેમ્પલ લેવામાં આવેલ જે નેગેટીવ રિપોર્ટ આવતાં ત્યારબાદ ૨૪ કલાકની અંદર ત્રીજવાર સેમ્પલ લેવામાં આવ્યા હતાં. તેમાં આંતલીયાના દર્દીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. જયારે હાંસાપોરના દર્દીનો રિપોર્ટ પેન્ડીગ છે.

અંબાડાના દર્દી ડાલ.નેહલ પટેલનો રિપોર્ટ નેગેટીવ આવેલ છે. જેને આજરોજ ડિસ્ચાર્જ કરેલ છે. ડાલ.નેહલ પટેલે કોવિડ હોસ્પિટલના ડોકટર તથા સ્ટાફનો આભાર માન્યો હતો અને કહયું હતું કે, કોરોનાથી ડરવાની જરૂર નથી. પરંતુ સાવચેતી રાખવાની જરૂર છે.

જેમાં સિવિલ હોસ્પિટલ, યશફીન હોસ્પિટલ અને ઉદિત હોસ્પિટલ વાંસદાને માન્ય રાખવામાં આવી છે. ત્રણ હોસ્પિટલ મળીને કુલ-૩૦૦ આઇસોલેશન બેડ તથા ૩૦ આઇ.સી.યુ.બેડની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. નવસારી જિલ્લામાં આજદિન સુધીમાં કુલ-૦૬ પોઝીટીવ કેસ નોંધાયાના અહેવાલ જિલ્લા પંચાયત, આરોગ્ય વિભાગ દ્વારા જણાવાયું છે.

કેન્દ્રીય ટીમના વડા રાંદેરના કલસ્ટર વિસ્તારની મુલાકાતે

જી.અશોમકુમારે અડાજણ શહેરી આરોગ્ય કેન્દ્રની મુલાકત લીધી

સુરત

કોરોના વાયરસના વૈશ્વિક સંક્રમણ વચ્ચે સૂરત શહેરમાં પાંચ સભ્યોની કેન્દ્રીય ટીમ વિવિધ વિસ્તારોની મુલાકાત લઈ રહી છે. જેમાં આજરોજ ભારત સરકારના કેન્દ્રીય ટીમના વડા અને જળશક્તિ મંત્રાલયના એડિશનલ સેક્રેટરીશ્રી જી.અશોમ કુમારે સૂરત શહેરના કેન્દ્રીય ટીમના વડા જી.અશોમકુમારે શહેરના રાંદેરના ક્લસ્ટર ક્વોરન્ટાઈન વિસ્તાર અને અડાજણ શહેરી આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધી હતી.

શ્રી જી.અશોમકુમારે અડાજણ શહેરી આરોગ્ય કેન્દ્રના મેડિકલ સ્ટાફ સાથે પરામર્શ કરી અહીં ઉપલબ્ધ આરોગ્યલક્ષી સુવિધાઓ અંગે જાણકારી મેળવી હતી. તેમણે આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતાં સ્ટાફને જરૂરી સૂચના અને માર્ગદર્શન આપ્યું હતું.

સોશિયલ મીડિયામાં વાંધાજનક પોસ્ટ મુકનાર યુવકની ધરપકડ

નવસારી પોલીસે ગોપાલ પ્રજાપતિને શોધી કાઢ્યો

સુરત

અમદાવાદના કોરોના સંક્રમિત કોંગ્રેસના નેતા બદરૂદ્દીન શેખ કીમોત, પહલીબાર કોરોનાને કોઈ ઢંગ કા કામ કિયા લખેલ પોસ્ટ ફેસબુક ઉપર વાયરલ કરનાર અને કોંગ્રેસના નેતા બદરૂદ્દીન શેખનાઓ મુસ્લિમ જ્ઞાતિના હોય જેથી કોમો વચ્ચે દુશ્મનાવટની દ્વેષ ભાવથી પોસ્ટ કરનાર નવસારી ઘેલખડીનાં શખ્સની પોલીસે ધરપકડ કરી હતી.

બનાવની પોલીસ દ્વારા મળતી માહિતી મુજબ અમદાવાદના કોંગ્રેસી નેતા બદરૂદ્દીન શેખ કી મોત પહેલીબાર કોરોનાને કોઈ ઢંગ કા કામ કિયા લખેલ પોસ્ટ વાયરલ કરતાં કોંગ્રેસના નવસારી સાઈબર સેલ દ્વારા પોલીસને ફરિયાદ કરવામાં આવી હતી. જેમાં નવસારી ઘેલખડી ખાતે રહેતાં ગોપાલ ભગીરથ પ્રજાપતિએ પોતાના મોબાઈલ ફોનમાં ફેસબુક ઉપર અમદાવાદ મેં કોરોના સે સંક્રમિત કોંગ્રેસ નેતા બદરૂદ્દીન શેખ કી મોત... પહેલીબાર કોરોનાને કોઈ ઢંગ કા કામ કિયા લખેલ પોસ્ટ વાયરલ કરી કોંગ્રેસના નેતા બદરૂદ્દીન શેખ મુસ્લિમ જ્ઞાતિના હોય જેથી કોમો વચ્ચે દુશ્મનાવટની ધિક્કારની અથવા દ્વેષની લાગણીઓને પ્રોત્સાહન મળે તે રીતે ગોપાલ પ્રજાપતિ ઉ.વ.૩૯, રહે. ઘેલખડી, પાર્થ એપાર્ટમેન્ટ નવસારીએ પોસ્ટ વાયરલ કરતાં આજે ટાઉન પોલીસે ગોપાલ પ્રજાપતિની ધરપકડ કરી જેલમાં ધકેલી દીધો હતો અને કાયદેસરની કાર્યવાહી કરી હતી.

નવસારી માહિતી કર્મચારીને નિવૃત્તિ અવસરે વિદાય માન

આર.વી.શાહનું શાલ ઓઢાડી સન્માન

નવસારી

નવસારી જિલ્લા માહિતી કચેરીના વાહન ચાલક શ્રી આર.વી.શાહને આજરોજ નવસારી માહિતી કચેરી ખાતે વય નિવૃત થતાં વિદાયમાન આપવામાં આવ્યું હતું. જિલ્લા માહિતી કચેરીના કર્મચારીઓએ શ્રી આર. વી. શાહની પ્રમાણીકતા, કર્મશીલતા અને ખંતપુર્વકની સેવાને કર્મયોગીઓ માટે પથદર્શક બતાવી હતી.

આ પ્રસંગે નવસારી જિલ્લા માહિતી કચેરીના સહાયક માહિતી નિયામક શ્રી આર.એ.જેઠવાએ જણાવ્યું હતું કે શ્રી શાહે હંમેશા ખંતપુર્વક નોકરી કરી છે. તેમની કામગીરી સરાહનીય રહી છે. શ્રી આર.વી.શાહનું નિવૃતિ પછીનું જીવન સુખમય અને નિરોગી રહે તેવી શુભેચ્છા આપી હતી. શ્રી શાહને સાકર, શ્રીફળ સાથે શાલ ઓઢાડી સમગ્ર સ્ટાફે શુભકામનાઓ આપી હતી.

આ અવસરે, શ્રી ડી.બી.માહલા, શ્રી અંકિત ખૈરનાર, શ્રી મેહુલ રાઠોડે શ્રી શાહભાઈની સેવાને બિરદાવી હતી. નવસારી માહિતી પરિવારે આપેલા અદકેરા વિદાયમાનથી ભાવુક થઈ શ્રી આર.વી.શાહે જણાવ્યું હતું કે નવસારીમાં તેમની સેવા યાદગાર રહી છે. કર્મચારી-અધિકારી દ્વારા માન સન્માન પ્રેમભાવ મળ્યા છે. નસવાડીથી સેવાનો પ્રારંભ કરી ૨૯ વર્ષ સુધી સરકારની સેવા કરવાની તક મળી તે અંગે સંતોષની લાગણી વ્યકત કરી હતી. નસવાડી, મહેસાણા અને ગોધરા ખાતેની સેવાના પણ સંસ્મરણો વ્યકત કર્યા હતા.

કારખાનેદારે કારીગરોને વતન પહોંચાડવાની વ્યવસ્થા કરી

સુરત

વિશ્વભરમાં કોરોનાના હાહાકાર વચ્ચે કેન્દ્ર સરકારે દેશવાસીઓને મહામારીથી બચાવવા માટે દેશભરમાં લોકડાઉન અમલી બનાવવામાં આવ્યું છે. આ સ્થિતિમાં અન્ય રાજ્યોમાંથી સુરત શહેરમાં રોજગારી અર્થે આવેલા શ્રમિકોને તેમના વતનમાં પરત મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી છે. સુરત ખાતે પૂર્વ વિધાનસભામાં જરી ઉદ્યોગના વ્યવસાય સાથે જોડાયેલા કારખાનામાં કામ કરતા ઓડીશા રાજયના ગંજમ જિલ્લાના કામદારોને તેમના માલિક દ્વારા વતનમાં મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ વ્યવસ્થા ગોઠવવામાં ધારાસભ્યશ્રી અરવિંદભાઈ રાણા તથા પૂર્વ કોર્પોરેટર શ્રી સી. ટી. જરીવાલાનો સહયોગ પ્રાપ્ત થયો હતો. આ વેળાએ સુરતના સાંસદ શ્રી દર્શના જરદોશે ઉપસ્થિત રહી કારીગરોને તેમના વતનમાં મોકલવા માટે માર્ગદર્શન આપ્યું હતું.

જરૂરીયાત મંદોને ચોખા-દાળની કિટનું વિતરણ કરવામાં આવ્યું

સુરત

કોરોનાને કારણે દેશભરમાં લોકડાઉન ચાલી રહ્યું છે, ત્યારે આ વિકટ પરિસ્થિતિમાં ગરીબવર્ગની વ્હારે આવી રાજય સરકાર દ્વારા ગરીબ જરૂરિયાતમંદ લોકોને જીવનજરૂરી વસ્તુઓ મળી રહે તે માટે સતત પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ઉધનાના જાગૃત્ત જનપ્રતિનિધિ ધારાસભ્ય વિવેકભાઈ પટેલ દ્વારા ઉધના વિધાનસભાના સંદીપનગર, શિવમનગર, ક્રિષ્નાનગર, ભરવાડ વસાહત, પાંડેસરા જેવા વિસ્તારોમાં ગરીબ જરૂરિયાતમંદ લોકોને ચોખા અને દાળની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે ધારાસભ્યશ્રીએ લોકોને કોરોના વાયરસની ગંભીરતા અંગે સમજ આપી ઘરમાં રહી કોરોના વાયરસથી સુરક્ષિત રહો તેવા સંદેશા સાથે લોકોને સોશ્યલ ડિસ્ટન્સ જાળવી રાખવાની સૂચના આપી હતી.

સુરતથી કડોદરા પિયરમાં રહેવા ગયેલી મહિલાને કોરોના પોઝિટિવ

સુરતની પરિણીતા કડોદરા રહેવા પહોંચતા સ્થાનિક લોકોએ વિરોધ કર્યો હતો

સુરત

હનુમાન ફળિયામાં રહેતી મહિલાનો રિપોર્ટ કોરોના પોઝિટિવ નિકળતા તેમને સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. મળતી માહિતી અનુસાર કડોદરા ચાર રસ્તા નજીક આવેલ વસાહત હનુમાન ફલિયામાં શબનમ ચાંદ ખાન રહે છે. ગઇ કાલે તેમની તપાસમાં તેનીનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો હતો. ત્યારે તેણીને અસરથી તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતી સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. તેમની પુછપરછમાં તેણીને જણાવ્યું હતું કે પતિ ચાંદખાન અને સંતાનમાં ચાર માસની દીકરી સાથે સુરત ભાઠેના વિસ્તારમાં રહેતા હતા. પતિ ચાંદ ખાન હત્યાના આરોપમાં હોય તેઓ થોડા દિવસ પહેલા પેરોલ પર છુટેલા હતા. ત્યારે તેમનો રિપોર્ટ કોરોના પોઝિટવ આવ્યો હતો. જેથી ચાર માસની દીકરી સાથે પિયર કડોદરા હનુમાન ફળિયામાં રહેવા આવ્યા હતા. આ બાબતે સ્થાનિક રહીશોએ આરોગ્ય વિભાગને જાણ કરી હતી. સાથે શબનમનો વિરોધ પણ કર્યો હતો. દરમ્યાન આરોગ્ય વિભાગ દ્વારા તેણીના સેમ્પલ લેવામાં આવતા ગુરુવારના રોજ તેનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો હતો. હાલમાં આરોગ્ય વિભાગે સમગ્ર વિસ્તારને કોરોન્ટાઇન કરી મહિલાના સંપર્કમાં આવેલા ૫૫ જેટલા લોકોના સેમ્પલ લેવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

સુરત મહાનગર પાલિકા દ્વારા વેરો ભરવા ઘર સુધી સવલત

ફોન કરશો તો કર્મચારીઓ વેરો સ્વીકારવા ઘરે આવશે

સુરત

હાલની લોક ડાઈનની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી આ વળતર યોજનાનો લાભ લેવા માટે કરદાતાઓએ જે તે ઝોન ઉપર આવવાની જરૂ નથી. પરંતુ, કરદાતાઓ રૂ. ૫૦૦૦ કે તેથી વધુ રકમનો વેરો ભરપાઇ કરવા માંગતા હોય તો ઝોન કચેરી ઉપર આકારણી અને વસુલાત અધિકારીશ્રીઓનો સવારે ૧૦૦ કલાકથી ૬ કલાક સુધી ટેલીફોનિક સંપર્ક કર્યોથી સુરત મહાનગર પાલિકા, આકારણી અને વસુલાત વિભાગના કર્મચારીશ્રી રૂબરૂ આપને ત્યાં ચેક/કેશ સ્વીકારવા માટે આવસે અને તે અંગેની રીસીપ્ટ બીજે દિવસે આપશ્રીને પહોંચતી કરવામાં આવશે. (ચેકમાં સ્પષ્ટ ટેનામેન્ટ નંબર અને મોબાઇલ નંબર અવશ્ય જણાવવાનો રહેશે) ખાસ જણાવવાનું કે સુરત મહાનગર પાલિકા તરફથી કોઇ પણ કરદાતાને વેરો ભરપાઇ કરવા ફોન કરવામાં આવશે નહીં. ફક્ત કરદાતાએ રીબેટનો લાભ લેવા ફોન કરવાનો રહેશે.

કોઇ પણ પ્રકારની ગેરરીતીન થાય તે હેતુસર અધિકારીશ્રીઓના મોબાઇલ નંબર આપવામાં આવેલ છે. તે નંબર ઉપરથી વેરો લેવા આવનાર કર્મચારી અંગેનું કન્ફર્મેશન મેળવી તે કર્મચારીને આપના મિલકતવેરાના નાણા આપવાના રહેશે.

રાજકોટ, અમદાવાદ, સુરત અને વડોદરામાં શિક્ષકોએ પ્રશ્નપત્ર ઘરે જઈ આપવાની જરૂર નથી

ગાંધીનગર

ગુજરાતમાં કોરોનાના કેસ વધી રહ્યા છે ત્યારે રાજય સરકાર શિક્ષકોને એક પછી એક જવાબદારીઓ સોંપતી જ જાય છે. રાજયમાં ઘેર ઘેર ફરીને સર્વે અને પછી વિના મૂલ્યે અપાનારા અનાજના વિતરણની કામગીરી પર નીરિક્ષણની જવાબદારી સોંપ્યા બાદ રાજય સરકારે પ્રાથમિક શાળાના શિક્ષકોને વાર્ષિક પરીક્ષાના પ્રશ્નપત્રો વિદ્યાર્થીના ઘરે-ઘરે જઈને પહોંચાડવાનો આદેશ કર્યો હતો. જેની સામે ઉગ્ર રોષ ફેલાતા શિક્ષણમંત્રીએ સ્પષ્ટતા કરી હતી કે, રાજકોટ, અમદાવાદ, સુરત અને વડોદરા એમ કુલ ૪ મોટા શહેરમાં શિક્ષકોએ પ્રશ્નપત્ર આપવા જવાની જરૂર નથી.

રાજય સરકારની પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી દ્વારા તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ, જિલ્લા શિક્ષણ સમિતિઓ તથા શાસનાધિકારીઓને પરિપત્ર મોકલાયો છે. આ પરિપત્રમાં સૂચના આપવામા આવી છે કે, હાલની સ્થિતિમા સ્ટડી ફોમ હોમના સંકલ્પ હેઠળ વિદ્યાર્થીઓ ઘરેથી અભ્યાસ કરી રહ્યા છે તથા હાલની સ્થિતિમાં વાર્ષિક પરીક્ષાઓ લેવાઈ નથી તેથી પ્રશ્નપત્રો વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવામા આવે. પરપિત્રમાં આદેશ અપાયો છે કે, દરેક શાળાના શિક્ષકોએ ધોરણદીઠ અને વિદ્યાર્થીદીઠ તમામ વિષયના પ્રશ્નપત્રોના સેટ તૈયાર કરી વિદ્યાર્થી સુધી પહોંચાડવાના રહેશે. વિદ્યાર્થીઓ ઘરે બેસીને આ પ્રશ્નપત્રોના ઉત્તરો નોટબુકમાં તૈયાર કરે અને આ નોટબુક નવા શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં સ્કૂલમાં જમા કરવાની રહેશે. આ ઉપરાંત વેકેશનમાં વિદ્યાર્થીઓ પ્રાથમિક અભ્યાસ કરી શકે તે હેતુથી વિદ્યાર્થીઓ સરકાર દ્વારા વિના મૂલ્યે અપાયેલાં પુસ્તકો અંદરોઅંદર અથવા શાળા મારફતે મેળવી લે તેવી વ્યવસ્થા ગોઠવવા પણ સૂચના અપાઈ છે.

અમદાવાદમાં ૩૫ મો રાષ્ટ્રીય પબ્લિક રિલેસન્સ દિન ઉજવાયો

પોઝિટિવ જિંદગીના પ્રવક્તાઓ દ્વારા ઉત્તમ વ્યાખ્યાન રજૂ

અમદાવાદ

વર્ષ ૨૦૨૦ આશા અને ઉત્તેજનાનું જાદુઈ વર્ષ જેવું લાગતું હતું અને તેણે અચાનક કોરોના નામ નું વૈશ્વિક રીસેટ બટન દબાવ્યું છે. લોકોલોમાં કડાઉન પછીનું જીવન કેવી હશે અને આગળનું ભવિષ્ય શું હશે તે અંગે મૂંઝવણનું વાતાવરણ છે. સમાજમાં સકારાત્મકતા અને આશા ફેલાવવાના વચન સાથે, પબ્લિક રિલેશન્સ સોસાયટી ઓફ ઇન્ડિયાએ અર્થપૂર્ણ જાગૃતિ અભિયાન કરવાનું કટિબદ્ધતા દર્શાવ્યું છે.

૩૫મા જનસંપર્ક દિવસની ઉજવણી કરવા અને કેટલાક કોવિડ બ્રાન્ડ વોરિયર્સને સન્માનિત કરવા માટે પીઆરએસઆઇ અમદાવાદ ચેપ્ટર દ્વારા આજે એક ઓનલાઇન સત્રાનું આયોજન કરવામાં આવ્યું.. તાજેતરમાં જ, પબ્લિક રિલેશન્સ સોસાયટી ઓફ ઇન્ડિયા અમદાવાદ ચેપ્ટર દ્વારા લોકડાઉન દરમિયાન જાહેર સંબંધોના વ્યવસાયોની ભૂમિકા વિષય પર એક સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શ્રી શોભીત પંત મહેમાન વક્તા તરીકે હતા.

શગુન કોર્પોરેશન, અમદાવાદના સીઈઓ શ્રી અનુપ દવે, જે મંચના પ્રથમ આમંત્રિત બ્રાન્ડ વોરિયર સ્પીકર હતા એને જણાવ્યું કે ,"શગુન કોર્પોરેશન એ વ્યવસાયિક રીતે સંચાલિત એમઈપીએફ સોલ્યુશન્સ કંપની છે જે ભારતની બહાર આવેલી છે, આ કોવિદ - ૧૯ રોગચાળો દૂષણ અંગે અભૂતપૂર્વ ચિંતાઓ લાવ્યો છે. સેનીટાઈઝેશન સિસ્ટમ્સ ઝડપથી તેના ઉકેલો તરીકે બજારમાં દેખાવાનું શરૂ કરી હતી પરંતુ તે પછી તેઓ લોકોને આરોગ્ય સમસ્યાઓ લાવવાનું શરૂ કરી દીધી હતી કારણ કે તે કાં તો નબળી રીતે ડિઝાઈન કરવામાં આવી હતી અથવા ખોટી રીતે વેચાણ કરવામાં આવી હતી. આથી, શગુન કોર્પોરેશનની ટીમે સ્વચ્છતા પ્રણાલીના સલામત ઉપયોગ માટે શું સુનિશ્ચિત કરવું અને તેના ઉપયોગની આસપાસની ખોટી માન્યતાઓ શું છે તેની જાગૃતિ ફેલાવવાનું શરૂ કર્યું.'

શ્રી અનુપ દવેએ વધુમાં જણાવ્યું કે, ' હવે અમે જમીન પર સેવા આપતા લોકો સુધી પહોંચવાનું નક્કી કર્યું છે અને લોકો માટે મૂલ્યકારક હોઈ શકે તેવા વિશ્વસનીય અને ખર્ચ-અસરકારક સેનિટાઇઝેશન સિસ્ટમ્સ બનાવવા માટે મિકેનિકલ, ઈલેક્ટ્રિકલ, પ્લમ્બિંગ અને ફાયર સેફ્ટી સોલ્યુશન્સમાં અમારા દાયકાના અનુભવ અને કુશળતાના ઉપયોગ કરવાનું નક્કી કર્યું છે. આ લોકડાઉન અવધિ દરમ્યાન અમે સમાજમાં ૧૭૫ થી વધુ સેનિટાઈઝર સિસ્ટમ્સનું વિતરણ કર્યું છે જેથી ૩૫,૦૦૦ થી વધુ લોકોને ફાયદો થયો હશે.'

કોવિદ વોરિયર કાર્યક્રમના બીજા વક્તા તરીકે, ચિંતન સેલ્સના મેનેજિંગ ડિરેક્ટર શ્રી નીતિન શાહ, જેને સેનિટરી નેપકિન ઈન્સિનેટરના ફીડમ બ્રાન્ડને કલ્પનાકૃત કરી છે એને જણાવ્યા, ×અમને સમજાયું કે અમારું ફીડમ પ્રોડક્ટ જે સેનિટરી નેપકિન્સને ભસ્મ કરવા માટે વિશિષ્ટ છે એને કોવિદ - ૧૯ ની સ્તિથિમાં માસ્ક ઈન્સિનેટરના રીતે પણ ઉપયોગ કરી શકાય. અને તેથી અમે સમાજની સુરક્ષા માટે તેના વિશે વધુ જાગૃતિ ફેલાવવાનું નક્કી કર્યું છે. અમારું સમાજ અને પરિજનો કોરોના મુક્ત છીએ તે સુનિશ્ચિત કરવા માટે અમે સેનિટેશન ચેમ્બર્સ વિકસાવવા અને સમાજના હિત માટે લડવાની શરૂઆત પણ કરી છે.'

નીતિનભાઇએ સોસાયટી અને નેશનના કોવિડ વોરિયર્સ તરીકે લડવા બદલ તમામ ડોકટરો, પોલીસ ઓફિસરો, એએમસી વર્કર્સ, સફાઇ વર્કર્સ અને મીડિયા મિત્રોને સલામી પણ આપી હતી.

પેન્શનરોએ હયાતીની ખરાઈ કરાવી લેવી

વ્યારા

તાપીના જિલ્લા તિજોરી અધિકારી શ્રી એ.બી.હળપતિ દ્વારા મળેલી એક અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર, જિલ્લા તિજોરી કચેરી મારફત આઈ.આર.એલ.એ. સ્કીમ હેઠળ (બેન્ક) મારફત, રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકારનું પેન્શન મેળવતા પેન્શનરોને જણાવવાનું કે, નાણાં વિભાગની સૂચના મુજબ, વર્ષ ૨૦૨૦ માટે પેન્શનરોની "વાર્ષિક હયાતીની ખરાઈ, મે મહિનાને બદલે જૂન, જુલાઇ. ઓગસ્ટ ૨૦૨૦" સુધી કરાવવાનું ઠરાવેલ છે. જેથી તાપી જિલ્લાના તમામ પેન્શનરોએ તા.૧ લી જૂન, ૨૦૨૦થી તેમણે લાગુ પડતી બેંકોમાં જઇ, હયાતીના (ખરાઈ) ફોર્મ ભરવાના રહેશે. વધુમાં રાજ્ય સરકારના પેન્શનરો/કુટુંબ પેન્શન મેળવતા પેન્શનરો JEEVAN PRAMAAN PORTAL (www.jeevan pramaan.gov.in) પર પણ ઓનલાઈન હયાતીની ખરાઈ કરાવી શકે છે. જો કોઈ પેન્શનર જૂન, જુલાઈ, ઓગસ્ટ ૨૦૨૦ માસમાં હયાતીની ખરાઈ કરાવવામાં નિસફળ જાય, તો તેવા કિસ્સામાં માહે સપ્ટેમ્બર ૨૦૨૦ માસથી પેંશનની રકમનું ચૂકવણું સ્થગિત કરવામાં આવશે, જેની તમામ પેન્શનરોને નોંધ લેવા પણ શ્રી હળપતિએ વધુમાં જણાવ્યુ છે.

વાલોડના કલમકુઇ ગામે કીટ વિતરણ

વ્યારા

તાપી જિલ્લાના વાલોડ તાલુકાનાં કલમકૂઈ ગામે તાપી જિલ્લા કલેક્ટર શ્રી આર. જે. હાલાણી, મહુવાના ધારાસભ્ય શ્રી મોહનભાઇ ઢોડિયા તથા સુરત ડિસ્ટ્રીક્ટ કો ઓપરેટિવ બેંકના ચેરમેન શ્રી નરેશભાઇ પટેલના હસ્તે જરૂરીયાતમંદ તમામને અનાજની કિટનું વિતરણ કરાયુ હતું. આ વેળા ઉપસ્થિત મહાનુભાવોએ "કોરોના" ના સંક્રમણને અટકાવવા લેવાના પગલાઓની વિગતો આપી, સોશિયલ ડિસ્ટન્સિંગ અને "લોકડાઉન" ના તમામ નિયમોનું ચુસ્તપણે પાલન કરવા સૌને માર્ગદર્શન પૂરું પડ્યું હતું. વાલોડ તાલુકાના મામલતદાર તથા તાલુકા વિકાસ અધિકારી વિગેરે ઉપસ્થિત હતા

સુરતનાં વરાછામાં મસાલો આપવાની ના પાડતા ગલ્લા માલિક પર જાનલેવા હુમલો

સુરત

કોરોના વાયરસ ને કારણે લૉકડાઉન ચાલી રહ્યું છે. લૉકડાઉન દરમિયાન સરકારના આદેશથી પાન, મસાલા, સિગારેટ, બીડી, તમાકુના વ્યવસનીઓની હાલત કફોડી બની છે. બંધાણીઓને પાન-મસાલા ન મળતા હોવાથી તેઓ માંગે એ કિંમત પણ આપી રહ્યા છે. ત્યારે ગતરોજ સુરતના વરાછા વિસ્તારમાં એક યુવક માવો લેવા માટે ગયો હતો. જોકે, પાનના ગલ્લાવાળાએ માવો આપવાનો ઈંકાર કરતા યુવક ઉશ્કેરાયો હતો અને તેના પર ચપ્પુથી હુમલો કરી દીધો હતો. જે બાદમાં ગલ્લા માલિકને સારવાર માટે હૉસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. લૉકડાઉનમાં વ્યવસનીઓની હાલત સૌથી વધારે બગડી છે. પાન-મસાલો ન મળતા તેવો માનસિક તાણ અનુભવી રહ્યા છે. આ લોકો વ્યવસન માટે હુમલો કરતા પણ ખચકાતા નથી. સુરતના વરાછા લંબે હનુમાન રોડ પર આવેલા



ભરતનગરમાં રહેતો નારાયણ ભૂરારામજી રબારી ગઈકાલે જલારામ અન્નક્ષેત્રમાંથી ભોજન લઈને ઘરે આવતો હતો. આ સમયે ટીકટોક આલુપૂરીવાળા સંતોષ રાજપૂતે આ યુવકને અટકાવ્યો હતો. આ યુવક તેજ વિસ્તારમાં પાનનો ગલ્લો ચલાવતો હોવાની જાણથી તેની પાસે માવો માંગવામાં આવ્યો હતો. આ યુવકે માવો નહીં હોવાનું કહેતા સંતોષ રાજપૂત અને તેના મિત્રએ તેના ખિસ્સા તપાસવાના શરૂ કર્યા હતા.

ગલ્લા માલિકે આવું ન કરવાનું કહેતા સંતોષ અને તેના મિત્રએ યુવક પર હુમલો કરી દીધો હતો. જે બાદમાં સંતોષ રાજપૂતે છરો કાઢી તેના બાવડામાં મારી દીધો હતો. ત્યારબાદ લોકો ભેગા થઈ જતાં બંને ફરાર થઈ ગયા હતા અને પીડિતને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે સ્મીમેર હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ મામલે પોલીસે સંતોષ વિરુદ્ધ ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

મોંઘવારી ભથ્થા ને લઈ કેન્દ્રના નિર્ણય સામે સુરત પાલિકા યુનિયને નોંધાવ્યો વિરોધ



સુરત

કોરોના વાઈરસના પગલે ઉદભવેલી સ્થિતિના પગલે ભારત સરકાર તરફથી કેન્દ્ર સરકારના કર્મચારીઓનું વર્ષ ૨૦૨૦-૨૦૨૧ દરમિયાનનું મોંઘવારી ભથ્થુ ન આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ત્યારે આ નિર્યણનો વિરોધ કરતા સુરત મહાનગર પાલિકાના સ્ટીયરીંગ કમિટિ દ્વારા મુખ્યમંત્રીને પત્ર લખીને કેન્દ્રનો નિર્ણય રાજ્યમાં ન કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. પાલિકા ઓફિસની બહાર કર્મચારીઓએ મીણબતિઓ સળગાવીને મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે.

યુનિયનના સહકન્વીનર જયંતિભાઈએ જણાવ્યું હતું કે,કેન્દ્રનો નિર્ણય ગુજરાત સરકાર પણ અમલમાં લાવશે તો સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના લાખો કર્મચારીઓને ખૂબ મોટું આર્થિક નુકસાન થશે. હાલની કોરોનાની પરિસ્થિતિમાં કર્મચારીઓ જીવના જોખમે ફરજ બજાવી રહ્યાં છે ત્યારે આ કર્મચારીઓને નિયમ મુજબ મોંઘવારી ભથ્થુ આપવા અપીલ કરતો પત્ર મુખ્યમંત્રીને લખવામાં આવ્યો છે.

સુરતમાં કોરોનાનો મૃત્યુદર ઘટ્યો, રિકવરી રેટમાં નોંધાયો વધારો

સુરતમાં નોંધાયેલા કુલ ૬૨૨ પોઝિટિવ પૈકી ૬૮ દર્દીઓ સાજા થયા

સુરત

કોરોનાનો ભરડામાં દિવસે ને દિવસે પોઝિટિવ દર્દીઓની સંખ્યા વધી રહી છે ત્યારે તેની સામે કોરોનાને હરાવીને સાજા થનારા દર્દીઓની સંખ્યામાં પણ હવે વધારો નોંધાઈ રહ્યો છે. ૨૮ દર્દીઓને એક સાથે રજા આપવામાં આવતાં ૬૮ જેટલા દર્દીઓ કોરોનાને મ્હાત આપીને પોતાના ઘરે પહોંચ્યા છે. ઘરે પહોંચેલા લોકોનું અદકેરું સ્વાગત સોસાયટીવાસીઓએ કરીને કોરોનાની દૂર રહેવાનો અને કોરોનાથી સાજા થયેલાને પ્રેમ કરવાનો સંદેશો પણ આપ્યો છે.

કોરોનાની ભયાવહ ચેપી બીમારીને પોતાના શરીરમાંથી હટાવવામાં સુરત શહેર અને જિલ્લાના ૬૨૨ પોઝિટિવ દર્દી પૈકી ૬૮ જેટલા દર્દીઓ સફળ રહ્યાં છે. જેથી શહેર અને જિલ્લાના રિકવરી રેટમાં



પણ વધારો નોંધાયો છે. અગાઉ રિકવરી રેટ ઓછો હતો જે અત્યારે ૧૦.૯૩ ટકા જેટલો ઉંચો નોંધાયો છે. અગાઉ પોઝિટિવ કેસનું ડબલીંગ ૭ દિવસમાં થતું જે હવે ૧૨ દિવસે થઈ રહ્યું છે.જે આગામી સમયમાં પણ સારો એવો વધશે તેવો આશાવાદ પાલિકા કમિશનર બંછાનિધિ પાની લગાવી રહ્યાં છે.

પાલિકા દ્વારા કોરોનાના અત્યાર સુધીમાં ૧૧૨૨૦ જેટલા ટેસ્ટ કરવામાં આવ્યાં છે. જેમાંથી ૬૨૨ લોકોને કોરોના હોવાનું સામે આવ્યું. કોરોનાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી રહ્યાં છે.જેમાંથી ૨૫ લોકો કોરોના સામેના જંગમાં હારી ગયા હોય તેમ ફાની દુનિયા છોડીને જતાં રહ્યાં છે. જો કે અગાઉ શહેરમાં મૃત્યુદર ૧૦ ટકા હતો પરંતુ છેલ્લા થોડા દિવસોમાં મૃતકોનો આંકડો ઘટતાં હાલ મૃત્યુ દર ૪.૦૧ ટકા જેટલો નોંધાયો છે.

સુરતમાં કોરોના વાયરસનો ડબલીંગ રેટ ૫ દિવસથી ૧૨ દિવસનો થયો

સુરત

સુરત મહાનગરપાલિકાના મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ ગઈ કાલે તા.૩૦મી એપ્રિલના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, શહેરમાં ગઈ કાલે પોઝિટીવ કેસોની સંખ્યા ૫૮૧ હતી, જેમાં ૧૩ કેસોનો વધારો થવાથી આજે કુલ ૫૯૪ કોરોના પોઝિટીવ કેસો થયા છે. તેમજ આજે ૨૭ વધુ દર્દીઓ સ્વસ્થ થયા હોવાથી ડિસ્ચાર્જ કરાયા છે, જયારે કુલ ૨૪ દર્દીના મૃત્યુ નોંધાયા છે. દર્દીઓનો રિકવરી રેટ આ પહેલા ૦૪ % જેટલો હતો, જે આજે ૧૪ % સુધી વધ્યો છે. ડબલીંગ રેટમાં ઘણો સુધારો થયો છે. ડબલીંગ રેટ ૦૫ દિવસનો હતો, જે વધીને ૧૨ દિવસનો થયો છે. જે ઉત્સાહવર્ધક બાબત છે. પોઝિટીવ કેસો પૈકી સુરતના લિંબાયત ઝોનમાંથી સૌથી વધુ ૨૩૧ કેસો છે. આજે લિંબાયત ઝોનમાં વધુ ૦૩ પોઝિટીવ કેસો મળ્યા છે. ત્યારબાદ સૌથી વધુ કેસો સેન્ટ્રલ ઝોનમાં ૮૭ કેસો નોંધાયા છે. કુલ ૧૧,૨૨૦ ટેસ્ટીંગ કરવામાં આવતાં ૫૯૪ પોઝિટીવ અને ૧૦,૩૪૧ નેગેટીવ કેસો નોંધાયા છે.

મ્યુ. કમિશનરશ્રી વધુમાં જણાવ્યું કે આજની સ્થિતિએ ૧૮૭૩ લોકો હોમ ક્વોરેન્ટાઈન અને સરકારી ક્વોરેન્ટાઈન હેઠળ ૨૨૫ લોકો છે. વિકેન્દ્રિત ક્વોરેન્ટાઈન સેન્ટરમાં ૫૦૫ લોકો છે. હાલની પરિસ્થિતિમાં સ્લમ એરિયામાં સૌથી વધુ ધ્યાન આપવામાં આવે છે, સ્લમ એરિયામાં ૨૬ ફિવર ક્લિનિક શરૂ કરવામાં આવ્યા છે, તથા ૮૬ હેન્ડવોશીંગ મશીન મુકવામાં આવ્યા છે. કોરોના બાબતે જાગૃતિ અને પ્રચાર પ્રસાર માટે ૪૬ ગાડીઓ મુકવામાં આવી છે. ૮૬૧ સર્વે ટીમ કામ કરી રહી છે. શહેરમાં લગભગ ૧૦૦ જેટલા એમ.બી,બી.એસ ડોક્ટરની જરૂર હોવાથી ડોક્ટરોની ભરતી માટે વોકઈન ઈન્ટર્વ્યુ ગોઠવવામાં આવ્યું આવ્યું છે. જે લોકો કોવિડ કેર સેન્ટરમાં છે, તેમને લાઈબ્રેરીમાંથી મનગમતા પુસ્તકો વાંચન માટે આપવામાં આવશે, તથા સમય પસાર કરવા માટે વાઈફાઈ પણ આપવામાં આવશે. મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ઓડીસાના વતનીઓને તેમના વતન પરત જવા માટે તંત્ર દ્વારા મંજુરી આપવામાં આવી છે.

એક અગત્યની વાત ઉપર ભાર આપતા જણાવ્યું હતું કે, વારંવાર ૪૦ સેકન્ડ સુધી હાથ ધોવાની ટેવ પાડવામાં આવે આપણે કોરોનાને હરાવી શકીશુ. વધુમાં તેમણે જણાવ્યું કે, અક્ષયપાત્ર દ્વારા સુરતમાં ૩૦ હજાર બહેનો રોટલી બનાવે છે, અને પ્રતિદિન ૧,૨૦,૦૦૦ રોટલી બનાવી જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચાડવામાં આવે છે. સુરતમાં કોરોના વાઈરસ સામે આપણે એક બની જંગ લડીશું.

જે ઝોનમાં એક પણ પોઝીટીવ કેસ નથી એવા ગ્રીન ઝોન અને જેમા ખુબ ઓછા કેસ આવ્યા છે તેને ઓરેન્જ ઝોન કહેવાય છે. જયારે સૌથી વધુ કેસ આવ્યા છે તે વિસ્તારને રેડ ઝોન કહેવાય છે. કોરોનાનું વધુ સંક્રમણના ફેલાય તેથી લોકોને પોતાના ઝોનમાં જ રહેવા માટે અનુરોધ કર્યો હતો. તેમણે શહેરીજનોને લોકડાઉનનું પાલન કરવાં તેમજ જરૂરી કામ વિના ઘરથી બહાર ન નીકળવા, માસ્ક અચૂક પહેરવા અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા તેમજ લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી.નોંધનીય છે કે, સુરત જિલ્લામાં ૨૮ પોઝિટીવ કેસો નોંધાયા છે. સુરત શહેરના ૫૯૪ અને જિલ્લાના ૨૮ મળીને કુલ ૬૨૨ કેસો નોંધાયા છે.

અનુ.જાતિના ૧૯૦ છાત્રોને રૂ. ૧.૬૩ લાખની સહાય

સુરત

સુરત જિલ્લામાં કોરોના વાઈરસના સંક્રમણના પગલે લોકડાઉનની સ્થિતિમાં સરકારી છાત્રાલયો, આશ્રમશાળાઓમાં અભ્યાસ કરતા ૧૦૯ વિદ્યાર્થીઓને રાજ્ય સરકાર દ્વારા રૂ.૧,૬૩,૫૦૦ ની સહાય ચૂકવવામાં આવી છે. જેમાં સુરત જિલ્લામાં આવેલ ડૉ.આંબેડકર સરકારી કુમાર છાત્રાલયના ૧૧ વિદ્યાર્થીઓ, આદર્શ નિવાસી કુમાર તથા કન્યા શાળાના ૬૩ વિદ્યાર્થીઓ અને ગ્રાંટ ઈન એઈડ છાત્રાલયના ૩૫ વિદ્યાર્થીઓને રૂ.૧૫૦૦ લેખે એક માસ માટે સહાય ચૂકવવામાં આવી છે. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સિવાયના છાત્રોને ડૉ.આંબેડકર સરકારી કુમાર છાત્રાલયના ૧૧ વિદ્યાર્થીઓને રૂ.૧૬,૫૦૦, આદર્શ નિવાસી કુમાર અને કન્યા શાળાના કુલ ૬૩ વિદ્યાર્થીઓને રૂ. ૯૪,૫૦૦, ગ્રાંટ ઈન એઈડ છાત્રાલયના ૩૫ વિદ્યાર્થીઓને રૂ.૫૨,૫૦૦ સહિત કુલ ૧૦૯ છાત્રોને એક માસના રૂ.૧૫૦૦ મુજબ રૂ.૧,૬૩,૫૦૦ ની સહાય છાત્રોના સીધી તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવી હોવાનું નાયબ નિયામક (અ.જા)સુરતની યાદીમાં. જણાવાયું છે.

વ્યારા નગરપાલિકાનો સ્તુત્ય પ્રયાસ, પેન્શનરોએ હયાતીની ખરાઈ કરાવી લેવી

વ્યારા

તાપી જિલ્લાની વ્યારા નગરપાલિકા દ્વારા તેના તમામ સભ્યો, ઓફિસના કર્મચારીઓ, આરોગ્ય અને પાણી પુરવઠાવિભાગના કર્મચારીઓ, તેમજ ફાયર શાખાના કર્મચારીઓને રક્ષણાત્મક કીટ આપવામાં આવી છે.

'કોરોના' ના સંક્રમણની દહેશત વચ્ચે ફરજ બજાવતા આ કર્મચારી, અધિકારી, અને પદાધિકારીઓને નગર પાલિકા દ્વારા ૫૦૦ ક્વૉલિટી સેનિટાઈઝર, ૫૦૦ ml હેન્ડ વોશ, ૬ એન્ટિ બેક્ટેરિયલ સાબુ વિગેરેની અંદાજીત ૩૫૦ થી વધુ કીટનું વિતરણ કરવામાં આવ્યું છે, એમ ચીફ ઓફિસર શ્રી શૈલેષભાઈ પટેલ દ્વારા જણાવાયું છે.

સુરત શહેરમાં જય જલારામ ગ્રુપ દ્વારા રક્તદાન શિબિર યોજાયો

બ્લડ ડોનેશન કેમ્પમાં ૫૧ બોટલ બ્લડ એકત્ર કરાયું

સુરત

કોરોનાની મહામારી દરમિયાન અનેક સેવાભાવી સંસ્થાઓ રાશન કિટસ, ભોજન સેવા તેમજ જીવન જરૂરિયાતની વસ્તુઓ જરૂરિયાતમંદ ગરીબ કુટુંબોને વિનામૂલ્યે પુરી પાડી સેવાનું ખૂબ સરાહનીય કાર્ય કરી રહ્યા છે, ત્યારે સુરતનાં જય જલારામ ગૃપ દ્વારા લક્ષ્મીકુંજ એપાર્ટમેન્ટ, વિદ્યાકુંજ સ્કૂલ, નૂતન રો હાઉસ જેવા સુરતના વિવિધ વિસ્તારોમાં બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો. મોબાઈલ બ્લડ ડોનર વાનના ઉપયોગ દ્વારા સોસાયટીઓ સુધી જઈ જય જલારામ ગૃપ દ્વારા આ કેમ્પના માધ્યમથી ૫૧ બોટલ બ્લડ એકત્ર કરાયું હતું. કોરોના વાયરસની આ મહામારીના કપરા સમય દરમિયાન કોરોનાના દર્દીઓને બ્લડની જરૂર પડે ત્યારે બ્લડની અછત ન સર્જાય એ હેતુથી આ બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો. સેવાના આવા ઉમદા કાર્ય બદલ સાંસદ સી. આર. પાટીલે એડવોકેટ નેન્સીબેન શાહ, નલિનીબેન સેડગે, કેતનભાઈ પાટીલ તેમજ જય જલારામ ગૃપના તમામ સભ્યોને અભિનંદન પાઠવ્યા હતા.

લોક ડાઉનમાં વતન જવા ઉપડેલા માતા-પુત્રને આશ્રય અપાયો

મહિલા હેલ્પ લાઈને માતા પુત્રને મદદ કરી

સુરત

રેલવે પોલીસ તરફથી ૧૮૧ મહિલા હેલ્પલાઈનમાં કોલ આવ્યો કે, એક મહિલા પોતાના બાળક સાથે અહીં આવ્યા છે. જેને રહેવાની વ્યવસ્થાની જરૂર છે. જેથી મદદ કરવા જણાવતા અભયમ રેસ્ક્યુ ટીમ કતારગામ તાત્કાલિક સ્થળ પર પહોંચી મહિલા સાથે વાત કરતા તેઓ સુરતમાં એકલા છે જેથી તેઓને સખી વન સ્ટોપમાં આશ્રય આપવામાં આવ્યો હતો.

મળતી માહિતી મુજબ મૂળ ભોજપુર બિહારના વતની દુર્ગાદેવી તેના પતિ સાથે ઉન પાટિયા ભીડી બઝારમાં રહેતા હતા. જેઓને એક બાળક પણ છે. કોઈ કારણ સર તેમના પતિ સાથે ઝગડો થતા તેઓ છેલ્લા ૧૫ દિવસથી ડીંડોલી ખાતે રહેતા તેમના ભાઈના ઘરે રહેતા હતા. તેઓને કોઈ એ જણાવ્યું કે, ટ્રેઈન ચાલુ થઈ ગઈ છે જેથી પોતાના વતન જવા બાળકને લઈ ઉધના રેલવે સ્ટેશન સુધી ચાલતા આવ્યા. જયાં રેલવે પોલીસની નજરે ચડતા તેણીની પૂછપરછ કરતા જણાવ્યું કે, તેના ભાઈ ડીંડોલીમાં રહે છે જેથી પોલીસ તેને ડીંડોલી મુકવા ગય હતી. પરંતુ તેના ભાઈ મળેલ નહીં જેથી તેઓએ અભયમ ૧૮૧ મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કરી આ મહિલાને મદદ કરવા જણાવ્યું હતું.

કતારગામ પોલીસ સ્ટેશન સ્થિત અભયમ રેસ્ક્યુ ટીમ દ્વારા દુર્ગા દેવીને સમજાવ્યું કે, હાલમાં લોક ડાઉન ચાલે છે રેલવે કે, બસ વ્યવહાર બંધ છે અને બહાર નીકળી શકાય નહીં જેથી હમણાં પરિસ્થિતિ સામાન્ય બંને નહીં ત્યાં સુધી કોઈ પરિચિત વ્યક્તિના ઘરે રહેવું જોઈએ. પરંતુ દુર્ગાદેવીએ જણાવ્યું કે, સુરતમાં તેમનું કોઈ પરિચિત નથી. જેથી અભયમ ટીમ તેના પતિ અને ભાઈના સરનામે લઈને ગયા હતા. પરંતુ તેઓ ઘર ખાલી કરીને નીકળી ગયા હતા. પાડોશીને પણ જાણકારી આપી ન હતી. જેથી દુર્ગા દેવીને સુરત ખાતે સખી વન સ્ટોપમાં આશ્રય આપવામાં આવ્યો છે. જેથી કોઈએ દુર્ગાદેવીના સંબધી હોઈ તો તેઓએ ૧૮૧ હેલ્પલાઈનને જાણ કરવી જેથી તેઓને પરિવાર સુધી પહોંચાડી શકાય.

શ્રી મહાર સેવા સમાજ દ્વારા વિવિધ વિસ્તારોમાં રાહત કીટનું વિતરણ

સુરત

શ્રી મહાર સેવા સમાજ, સુરત દ્વારા સુરત શહેર સ્થિત ભટાર આઝાદનગર, પાલ અડાજણ એસએમસી આવસો, વેડરોડ, કતારગામ, ડભોલી, અમરોલી, ખજુરાવાડી, નાનપુરા, કાદરશા નાળ, વેસુ આવાશ જેવા વિસ્તારોમાં રહેતા જરૂરતમંદ ન્યાતિજનો સહિત અત્યંત ગરીબ નિરાધાર લોકોની ભૂખ્યાની ભૂખ ભાગે તે હેતુથી અને સુરત સહિતના મહાનગરમાં લોકડાઉન ક્યારે ખુલશે તેની કોઈ સમય મર્યાદા નહીં હોવાથી . ચોખા, ઘઉંનો લોટ, તેલનું પાઉચ, ખાંડ , ચા , હળદર, મરચુ, ગરમ મસાલો, કાંદા, બટાકા મીઠુ ભરેલી કીટનું વિતરણ સમાજના પ્રમુખ વિનય ભાઈ રૂપવટે ની આગેવાનીમાં શ્રી પરેશભાઈ મોહિતે , શ્રી રાજુભાઈ ગાંગોડે, શ્રી ચંદ્રકાન્તભાઈ જાદવ, શ્રી ગણેશભાઈ ભરાડે, શ્રી ઉમેશ મોહિતે , શ્રી શાંતારામ ભરાડે, શ્રી રમેશ શિરવાડકર , શ્રી રવિ રૂપવટે, શ્રી કમલેશભાઈ સાંડીસ અને શ્રી અનિલ ભાદરકા સહિતની ટીમે , જે તે વિસ્તાર ને નજીકના એરિયાઓમાં જઈને ૧૦૦ની આસપાસ જેટલી અનાજ, કરિયાણાની કીટનું વિતરણ કરી સેવાકીય ફરજ બજાવી હતી.

સુરતમાં લોકડાઉન ભંગ બદલ ૨૯૯ લોકોની ધરપકડ કરાઈ

સુરત પોલીસે ૯૮૬ વાહનો જપ્ત કર્યા

સુરત

કોરોના વાયરસની મહામારી વચ્ચે સુરત શહેરમાં વધી રહેલા કોરોના વાયરસના કેસોને ધ્યાને લઈ શહેર પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

આજ રોજ જાહેરનામા ભંગના બદલ વિવિધ કલમો હેઠળ ૨૯૯ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાબાજી કરીને બહાર ફરતા ૯૮૬ લોકોના વાહનો જપ્ત કરવામાં આવ્યા છે. ડ્રોન કેમેરાની મદદથી ૧૧ તથા સી.સી.ટીવી કેમેરા દ્વારા ૦૩ ગુનાઓ નોંધવામાં આવ્યા છે.

નોંધનીય છે કે, લોકડાઉન દરમિયાન સુરત શહેર પોલીસ દ્વારા કુલ ૧૦,૭૨૮ આરોપીઓની જુદા જુદા ગુનાઓમાં ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાઓ બનાવીને ફરતા ૨૦,૯૦૫ જેટલા લોકોના વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે.

સુરત શહેરમાં લોકડાઉનના નિયમોનું કડકપણે પાલન કરાવવામાં આવી રહ્યું છે. જેથી શહેરીજનોએ ઘરથી બહાર ન નીકળવા અને સોશ્યલ ડિસ્ટન્સ તેમજ લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરવા અનુરોધ કરાયો છે. કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે શહેરીજનોને સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ સુરત શહેર પોલિસ દ્વારા કરવામાં આવી રહી છે.

સુરતમાં તેજ પવન ફુંકાતા અસહ્ય તાપમાં થોડી રાહત

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં છેલ્લા ૨ દિવસથી પવનની દિશા બદલવાની સાથે જ અસહ્ય ગરમીમાં હંગામી નજીવી રાહત મળી રહી છે. પરંતુ અસહ્ય ઉકળાટના લીધે શહેરીજનો રાત્રે પણ ભારે બેચેનીનો અનુભવ કરી રહ્યા છે. સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગતરોજ શહેરનું અધિકતમ તાપમાન ૩૬ ડીગ્રી નોંધાયું હતું. જે સામાન્ય કરતા ૩ થી ૪ ડીગ્રી ઓછુ નોંધાયું હતું. આજે સવારે ન્યુનતમ તાપમાન ૨૮.૬ ડીગ્રી નોંધાયું હતું. જેના લીધે રાત્રિના સમયે પણ બેચેની અનુભવાઈ હતી. હવામાં ભેજનું પ્રમાણ ૭૪ ટકા અને હવાનું દબાણ ૧૦૧૧ મિલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી જ દક્ષિણ પશ્ચિમ દિશાથી કલાકના સરેરાશ ૬ કિલોમીટરની ઝડપે પવન ફુંકાઈ રહ્યો છે. આજે સાંજ સુધી શહેરમાં અધિકતમ તાપમાનનો પારો ૩૮ ડીગ્રી સુધી પહોંચે તેવી શક્યતા છે. આગામી દિવસોમાં ઉનાળાની ગરમી અનુભવાશે.

સુરતમાં કોરોનાનો કેર યથાવત, નવા ૧૨ કેસ નોંધાયા



સુરત

સુરતમાં કોરોના વાયરસના નવા ૧૨ કેસ નોંધાવાની સાથે જિલ્લામાં કુલ સંક્રમિતોની સંખ્યા ૬૨૫ જેટલી થઈ ગઈ છે. આ સાથે સુરતમાં અત્યાર સુધી કોરોનાને કારણે ૨૫ લોકોના મૃત્યુ પણ થયા છે. તો ૬૮ દર્દીઓ સારવાર બાદ સ્વસ્થ થયા છે. સુરતમાં આજે આવેલા રિપોર્ટમાં ૧૨ લોકો પોઝિટિવ મળ્યા છે. જેમાંથી મોટા ભાગના કેસ વરાછા વિસ્તારમાં નોંધાયા છે. તમામ લોકોને આઈસોલેશન વોર્ડમાં ખસેડવામાં આવ્યા છે.

મહત્વનું છે કે, ગુજરાતમાં અમદાવાદ બાદ સૌથી વધુ કેસ સુરતમાં જ નોંધાયા છે. કેન્દ્ર સરકારે આજે દેશભરના જિલ્લાઓમાં કોરોના વાયરસના કેસની સ્થિતિના આધારે તેને ત્રણ ઝોન (રેડ, ઓરેન્જ અને ગ્રીન)માં ભાગલા પાડ્યા છે. જેમાં સુરત જિલ્લો રેડ ઝોનમાં છે. રેડ ઝોનમાં આવતા જિલ્લાને ૩ મેએ પૂરા થઈ રહેલા લૉકડાઉન બાદ કોઈ છૂટછાટ મળવાની શક્યતા લાગતી નથી.

નવસારીમાં પ્રથમ કોરોના પોઝિટિવ મહિલા ડોક્ટર સાજા થતા રજા અપાઈ

નવસારી

નવસારી જિલ્લામાં પોઝિટિવ કેસનો આંક સાત પર પહોંચ્યો છે. જેમાં ૨૨ એપ્રિલના રોજ પોઝિટિવ રિપોર્ટ આવનાર ડોક્ટર નેહલ સાકરીયા ૮ દિવસમાં રિકવર થતા આજે હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. જેથી હોસ્પિટલના સ્ટાફ દ્વારા તાળીઓથી વિદાય આપી હતી. ડોક્ટર નેહલ નવસારીમાં પ્રથમ રિકવર થનાર દર્દી છે.

સુરતનાં કતારગામ ખાતે રહેતી અને સુરતની કિરણ હોસ્પિટલમાં ફરજ બજાવતી મહિલા ડોક્ટર નેહલ વ્રજલાલ સાકરીયા (ઉ.વ.૨૯) ૧૫ એપ્રિલના રોજ પતિ અને સાસુ સસરા સાથે નવસારી તાલુકાના અંબાડા ગામે રહેવા આવી હતી. તેના પતિ અંબાડા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ડોક્ટર તરીકે ફરજ બજાવે છે. ડો. નેહલ સાકરીયાનો ૨૨ એપ્રિલના રોજ રિપોર્ટ પોઝિટિવ આવતાં નવસારીની યશફીન હોસ્પિટલનાં કોવિડ-૧૯ના આઈસોલેશન વિભાગમાં સારવાર માટે દાખલ કરવામાં આવી હતી.

ડોક્ટર નેહલનો દાખલ થયાના પાંચ દિવસ બાદ રિપોર્ટ કરવામાં આવ્યો હતો. જેમાં રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો. જોકે, કોરોના ટેસ્ટીંગના ધારાધોરણ મુજબ નેગેટિવ રિપોર્ટ આવ્યા બાદ ૨૪ કલાકમાં ફરી પરિક્ષણ કરવામાં આવ્યું હતું. જેમાં પણ ડોક્ટર નેહલનો રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો. જેથી આજે રજા આપવામાં આવી હતી. જેથી હોસ્પિટલના સ્ટાફ દ્વાર તાળીઓથી વિદાય આપવામાં આવી હતી. પ્રથમ કોરોના પોઝિટિવ દર્દી રિકવર થતા નવસારી આરોગ્ય વિભાગે હાશકારો અનુભવ્યો છે.

ભરૂચ શહેર એ ડિવિઝન પોલીસ દ્વારા સોસીયલ ડિસ્ટન્સ બાબતે વેપારીઓ સાથે મિટિંગનું આયોજન



હાલ કોરોના હાઉ સંદર્ભે લોકડાઉન ચાલી રહ્યું છે ત્યારે ભરૂચ શહેર એ ડિવિઝન વિસ્તાર માં વેપારીઓને તેમના ગ્રાહકો માં સોસીયલ ડિસ્ટન્સ જળવાય તે માટે તકેદારી રાખવા તેમજ ગ્રાહકો ને જાગૃત કરવા પોલીસ દ્વારા એક મીટિંગ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એ.કે. ભરવાડ પોલીસ ઈન્સ્પેકટર -એ ડિવિઝન તથા સીટી મામલતદાર મકવાણા હાજર રહયા હતા.

તાપી જિલ્લામાં ઉનાળામાં પીવાના પાણી માટે આગોતરૂં આયોજન

અછતની સ્થિતિ પૂર્વે જ પાણીની વ્યવસ્થા કરવા મંત્રી વસાવાનો અનુરોધ

સુરત

તાપી જિલ્લાના પ્રજાજનોને ચાલુ ઉનાળા દરમિયાન પીવાના પાણીની કોઈ મુશ્કેલી ન અનુભવવી પડે તે માટે સૂચારું આયોજન કરીને, તેના અસરકારક અમલીકરણ ઉપર ભાર મુક્તા વન અને આદિજાતિ વિકાસ વિભાગના મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાએ, ગ્રામ્ય વિસ્તારઓમાં હેન્ડપંપ રિપેરિંગ બાબતે જિલ્લાના સરપંચોની ભૂમિકા સુનિશ્ચિત કરવાની સૂચના આપી છે.

તાજેતરમાં તાપી જિલ્લાની મુલાકાતે પધારેલા મંત્રી શ્રી વસાવાએ સોનગઢના સર્કિટ હાઉસ ખાતે જિલ્લા કલેક્ટર શ્રી આર.જે.હાલાણી, જિલ્લા વિકાસ અધિકારી કુ.નેહા સિંઘ, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી એન.એન.ચૌધરી, ડી.સી.એફ. શ્રી આનંદ કુમાર સહિત પાણી પુરવઠા વિભાગના કાર્યપાલક ઈજનેર શ્રી સુધાકર દુબે સહિતના અધિકારીઓ સાથે પાણીની પરિસ્થિતી અંગે સમિક્ષા બેઠક યોજી, ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

ઉનાળા દરમિયાન ગ્રામ્ય વિસ્તારોના પાણીના મુખ્ય સ્ત્રોત એવા હેન્ડપંપ મરામત બાબતે વિશેસ લક્ષ કેન્દ્રિત કરવાની સૂચના આપતા મંત્રીશ્રીએ પીવાના પાણીના પ્રશ્ને તેના સત્વરે નિરાકરણ ની દિશામાં કાર્યવાહી હાથ ધરવાની પણ સૂચના આપી હતી.

રાજ્ય સરકાર દ્વારા કુકરમુંડા તાલુકાનાં ૫૧ ગામોને સાંકળતી તાપી નદી આધારિત "કુકરમુંડા જુથ પાણી પુરવઠા યોજના" કે જે રૂ.૫૭ કરોડના ખર્ચે મંજૂર કરવામાં આવી છે, તેનો લાભ આગામી સમયમાં આ સરહદી તાલુકાનાં પ્રજાજનોને મળી રહેશે તેમ પણ મંત્રી શ્રી વસાવાએ પૂરક વિગતો રજૂ કરતાં જણાવ્યુ હતું.

ઉલ્લેખનીય છે કે, તાપી કલેક્ટર શ્રી આર.જે.હાલાણીના માર્ગદર્શન હેઠળ પાણી પુરવઠા વિભાગ દ્વારા રૂ.૨૪૨.૬૮ લાખનો અછત કંટીજન્સી પ્લાન તૈયાર કરાયો છે. તાપી જિલ્લાના ૪૮૮ ગામો પૈકી પાણીની સંભવિત ઘટ ધરાવતા ૫૫ ગામો છે.

તાપી જિલ્લામાં ૧૭૫૪૫ હેન્ડપંપ તથા ૨૨૭૮ મિનિ પાઇપ લાઇન યોજનાઓ કાર્યરત છે, તેમ જણાવતા કાર્યપાલક ઈજનેર શ્રી સુધાકર દુબેએ પૂરક વિગતો આપતા જિલ્લાના સાતેય તાલુકાઓમાં છેલ્લા દસ દિવસો દરમિયાન ૧૩૫ હેન્ડપંપ દુરસ્ત કરવામાં આવ્યા છે, તેમ જણાવ્યુ હતું.

તાપી જિલ્લામાં વાસ્મો દ્વારા ૫૩૯ જેટલી પીવાના પાણીની યોજનાઓ લોકભાગીદારીથી પૂર્ણ કરાઇ હોવાનું જણાવતા શ્રી દુબેએ જિલ્લામાં વાસ્મોની અન્ય ૮૯ જેટલી યોજનાઓ પ્રગતિ હેઠળ છે તેમ પણ જણાવ્યુ હતું. ઘર જોડાણ યોજના હેઠળ ૧,૫૮,૦૮૩ ઘરોને આવરી લેવામાં આવી હોવાનું જણાવી, બાકી ૫૪,૪૦૬ ઘરોને "નલ સે જલ" યોજના હેઠળ આવરી લેવાનું આયોજન કરાયું હોવાનું, તથા જિલ્લાના ૪૮૮ ગામો પૈકી ૩૩૨ ગામોનો જુદી જુદી ૧૨ જેટલી પાણી પુરવઠા યોજનાઓ હેઠળ સમાવેશ કરાયો હોવાનું પણ કાર્યપાલક ઈજનેરશ્રી સુધાકર દુબેએ વધુમાં જણાવ્યુ હતું.

સોનગઢ સર્કિટ હાઉસ ખાતે આયોજિત આ બેઠકમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સિન્ડિકેટ મેમ્બર શ્રી જયરામભાઈ ગામિત સહિતના સ્થાનિક પદાધિકારીઓ, અને જિલ્લાના ઉચ્ચાધિકારીઓએ ઉપસ્થિત રહી ચર્ચામાં ભાગ લીધો હતો.

એમપી, ઓડીશા અને રાજસ્થાનના લોકો વાહનમાં વતન જઈ શકશે

સુરત

લોકડાઉનની પ્રવર્તમાન પરીસ્થિતિમાં સુરતમાં રહેતા મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ઓડીસાના વતનીઓને પોતાના ખાનગી વાહન અને બસો દ્વારા વતન જવા જિલ્લા કલેકટરશ્રી દ્વારા મંજૂરી આપવામાં આવી છે. જેમાં સુરત શહેર અને જિલ્લામાં વસતા રાજસ્થાન અને ઓડીસાના વ્યક્તિઓ-શ્રમિકો સુરત જિલ્લાની હદ પૂર્ણ થતી હોય તે ચેક પોસ્ટ પર થર્મલ સ્કીનીગ અને મેડીકલ ચેક અપ કરાવવાનું રહેશે. આ અંગે વિગતો આપતા જિલ્લા કલેકટરશ્રી ડો. ધવલ પટેલે જણાવ્યું હતું કે, સુરતમાં ફસાયેલા મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ઓડીસાના વતનીઓને જ હાલ વતનમાં જવાની મંજૂરી આપવામાં આવી છે. વતન જવા માંગતા વ્યક્તિઓનું ધામડોદ (કોસંબા) ચેકપોસ્ટ, માખીગા(પલસાણા) ચેકપોસ્ટ અને માણેકપોર(બારડોલી) ચેકપોસ્ટ પર થર્મલ સ્કીનીગ અને મેડીકલ ચેક અપ કરવામાં આવશે. ચેક અપ દરમિયાન કોરોનાના લક્ષણો ન હોય તેવા વ્યક્તિઓને વતન જવાની ચેક પોસ્ટ પરથી મંજૂરી આપવામાં આવશે. જેથી વતન જવા માંગતા લોકોએ ડ્રાઈવરનું નામ અને મોબાઈલ નંબર, ઓળખના પૂરાવા, વાહન નંબર, જ્યાં જવા માંગતા હોય તે ગામ, તાલુકો અને જિલ્લાની વિગત, ગ્રુપ લીડરનું નામ અને મોબાઈલ નંબર, વાહનમાં પ્રવાસ કરનાર તમામ વ્યક્તિઓના નામ, મોબાઈલ નંબર, ગામ, તાલુકો અને જિલ્લાની વિગત લેખિતમાં તૈયાર રાખવી. સાથે ઓળખના પૂરાવા પણ રાખવાના રહેશે.

કલેકટરશ્રીએ જણાવ્યું છે કે, હાલ મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ઓડીસાના શ્રમિકો જ જઈ વતન જઈ શકશે. અન્ય રાજયોના શ્રમિકો માટેની મંજૂરીની વ્યવસ્થા થયે જાણ કરવામાં આવશે.

લાંબો સમય મોબાઈલ પર વાતો કરતી પત્નિને પતિએ હાંકી કાઢી

અભયમની ટીમે પતિ-પત્નિ વચ્ચેની ગેર સમજ દુર કરી

સુરત

સુરત સચિન વિસ્તારમાં રહેતા મીરાંદેવી મૂળ ઓરિસ્સાના વતની છે અને છેલ્લા સાત વર્ષથી પરિવાર સાથે સુરતમા ગુજરાન માટે સ્થાયી થયા છે. તેમના પતિ સિક્યુરિટી તરીકે નોકરી કરે છે. પોતે કપડાં સીવવાની ફેક્ટરીમાં કામ કરે છે. હાલમાં લોક ડાઉનને કારણે બંને ઘરે રહે છે મીરાંબેન(નામ બદલ્યું છે.) વારંવાર લાંબા સમય સુધી મોબાઈલમાં વાતચીત કરે છે જે તેમના પતિને પસંદ નથી. જેથી બંને વચ્ચે ઝગડાઓ થયા કરે છે. ગત રોજ તેમના પતિએ ઉશ્કેરાઈને મીરાબેનને માર મારી ઘરમાંથી કાઢી મુકતા તેઓએ મદદ માટે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનમા કોલ કર્યો હતો.

ઉમરા અભયમ રેસ્કયુ વાન તાત્કાલિક સ્થળ પર પહોંચી બંને પતિ પત્નીને શાંતિથી સાંભળી અસરકારક કાઉન્સેલિંગ કરી ઝગડો શાંત પાડવામાં સફળતા મેળવી હતી. મીરાબેને જણાવ્યું કે, અમારી ફેક્ટરીમાં કામ શરૂ થયુ કે, નહીં આ બાબતની જાણકારી મેળવવા મારી સાથે કામ કરતા મહિલાઓ સાથે અને અમારા સુપરવાઈઝર સાથે મોબાઈલ વાત કરું છું. જો ફેક્ટરી ચાલુ હોય તો હું પણ નોકરી મા જઈ શકું.

આમ સાચા કારણની જાણકારી અભયમ ટીમે તેમના પતિને કરતા તેમનો ગુસ્સો શાંત થયો હતો. પત્નીને ફરી ઘરમાં રાખવા સમંત થયા હતા.મીરાંબેનને જણાવ્યું કે, જે પણ બાબત હોય પતિ પત્નીએ શાંતિથી વાતચિત કરી અવિશ્વાસ ના થયા તેમ કરવું જોઈએ. આમ બંને વચ્ચેની ગેરસમજ દૂર કરવામાં અભયમથી ટીમને સફળતા મળી હતી.

કોરોનાની આફત સુરતના કાપડ ઉદ્યોગ માટે અવસર બની

પીપીઈ સૂટ મેકિંગની નવી તક સર્જી સફળતા મેળવી

સુરત

કોરોનાની મહામારીએ વેપાર-ઉદ્યોગ માટે આફત સર્જી છે. સુરતના કાપડ ઉદ્યોગ માટે આ આફતે અવસરની તક પણ સર્જી છે. હમણાં કોરોના વોરિયર્સ માટે નોન વુવન પીપીઈ(પર્સનલ પ્રોટેક્શન ઈક્વિપમેન્ટ) સૂટ બની રહી છે. સુરતમાં વિવિંગ કરીને તૈયાર થતા ફેબ્રિક્સને પ્રોસેસ કરીને તેમાંથી વધુ સુરક્ષિત પીપીઈ સૂટ બનાવી શકાય કે કેમ? આ શક્યતાને સુરતના કાપડ ઉદ્યોગના અગ્રણી લક્ષ્મીપતિ ગ્રુપે સાર્થક કરવામાં સફળતા મેળવી છે. સિટ્રા(સાઉથ ઈન્ડિયા ટેક્સટાઈલ રિસર્ચ એસોસિએશન)માં ટેસ્ટિંગ અને સર્ટિફિકેશનની પ્રકિયા પૂરી કરીને ઉત્પાદન પણ શરૂ કરી દેવાયુ છે. રોજ દસહજાર સૂટ તૈયાર કરાઈ રહી છે. સુરતનો કાપડ ઉદ્યોગ આ દિશામાં આગળ વધે અને નિકાસની પરવાનગી મળે તો એકલુ સુરત સમગ્ર વિશ્વની પીપીઈ સૂટની જરૂરિયાત પૂરી કરી શકે તેમ છે.



કોરોનાની મહામારીમાં ફ્રન્ટલાઈન વોરિયર્સ માટે હમણાં પીપીઈ સૂટ બની રહ્યાં છે. જોકે, તે નોન વુવન એટલે કે વિવિંગ કર્યા વગરના કાપડમાંથી બની રહ્યાં છે. તેનું સર્ટિફિકેશન પણ શંકાસ્પદ માની શકાય છે. આવી સ્થિતિમાં સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગે સુરક્ષિત પીપીઈ સૂટ બનાવવા માટેની તક ઝડપી લીધી છે. શહેરમાં પ્રથમ એક કંપનીએ સિટ્રા દ્વારા માન્યતા પ્રાપ્ત સર્ટીફિકેટ સાથે પીપીઈ સૂટ તૈયાર કરવાનું શરૂ કરી દીધુ છે.

પાંડેસરા જીઆઈડીસીમાં આવેલા લક્ષ્મીપતી ગ્રુપે વુવન સાડીના ફેબ્રિક્સ પર ૩ સ્પેશિયલ કોટિંગ્સ કર્યા છે. વોટર રેપલેન્ટ, એન્ટી માઈક્રો બેક્ટેરિયલ ફિનિશ અને બ્રિધેબલ પીયુ કરીને વુવન પીપીઈ સૂટ બનાવ્યો છે. આ અંગે કંપનીના સંચાલક સંજય સરાવગી કહે છે કે, અમારી કંપની સહિત અન્ય ૨ કંપનીને પીપીઈ સૂટ બનાવવા માટેની પરવાનગી મળી છે. અમે નોન વુવન અને વુવન બંન્ને ફેબ્રિક્સમાં પીપીઈ સૂટ અને ગાઉન તૈયાર કરી રહ્યાં છીએ. એક પ્રાઈવેટ કંપની પાસેથી હાલ ૧૦,૦૦૦ વુવન સૂટ તૈયાર કરવાનો ઓર્ડર મળ્યો છે. પ્રથમ ચરણમાં પૂર્ણ કરવામાં આવશે. અમે દિવસમાં ૧૦,૦૦૦ સૂટ બનાવવાથી કામ શરૂ કરીશું. આગળ જતાં દિવસમાં ૫૦,૦૦૦ જેટલા સૂટ બની શકશે.

કર્મચારીઓના કામના કલાકોમાં વધારાનો સીપીઆઈ દ્વારા વિરોધ

લોકડાઉનમાં શ્રમિકોની અવગણનાએ સમસ્યા પેદા કરી

સુરત

૧લી મે આંતરરાષ્ટ્રીય કામદાર દિવસે ભારતીય સામ્યવાદી પક્ષ સુરતના મંત્રી સુગીત પાઠકજી અખબારી યાદીમાં જણાવે છે કે દેશમાં લોકડાઉનની પરિસ્થિતિ દરમિયાન સરકાર દ્વારા કામદાર વર્ગની થતી અવગણના અને તંત્રના ગેરવહીવટનો સૌથી વધુ ભોગ દેશનો કામદાર વર્ગ અને દેશની મહેનતકશ જનતા બની છે. કેન્દ્રમાં રહેલી ભાજપ સરકાર દેશના કામદાર વર્ગની સમસ્યાને ગંભીરતાથી લઈ તેમનું તાત્કાલિક નીરાકરણ લાવે.

૧લી મેના દિવસને આંતરરાષ્ટ્રીય કામદાર દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ભારતમાં પણ દેશના કામદાર વર્ગે ખૂબ મહેનત કરી, સંઘર્ષો કરી દેશમાં કામના આઠ કલાકનો કાયદો પસાર કરાવ્યો હતો. પરંતુ લોકડાઉન પછી કેન્દ્ર સરકાર દ્વારા કામના ૮ કલાકને વધારીને ૧૨ કલાક કરવાની અપીલને સીપીઆઈ નકારે છે. તેમજ સરકારની મૂડીવાદી કામદાર વિરોધી નીતિઓ જેવી કે ખાનગીકરણ, વ્યાપારીકરણ ૧૦૦ ટકા એફડીઆઈ તેમજ શ્રમ કાનૂનોમાં મોદી સરકાર દ્વારા કરવામાં આવેલા બદલાવનો સીપીઆઈ વિરોધ કરે છે.

૧૦૦ બસ થકી ૬૦૦૦ કારીગરોને મોકલવાની તૈયારી

સુરત કલેક્ટરની મંજૂરી બાદ ૧૩ બસમાં ૫૩૦ કારીગરો ઓડિશા માટે રવાના

સુરત

કલેક્ટર દ્વારા જિલ્લાની હદની ચેકપોસ્ટ પર પરવાનગી મેળવી અન્ય રાજ્યના લોકોને જવા માટે પરવાનગી આપવામાં આવી છે. જેથી સચિનથી રાત્રે ૧૧ લક્ઝરી બસમાં ૫૩૦ કારીગરો ઓડિશા ગયા હતા. આજે ૧૦૦ બસ થકી ૬૦૦૦ કારીગરોને મોકલવાની તૈયારી કરવામાં આવી છે.અંજની ઈન્ડસ્ટ્રિઝમાંથી પણ ૨ બસ ભરીને કારીગરો ઓડિશા જવા રવાના થયા હતા. વતન જવા કારીગરોએ ૨૦૦૦થી ૨૫૦૦ ભાડૂ ચૂકવ્યું હતું.

પાંડેસરા વડોદ રોડ ઉપર તિરૂપતિ ચાર રસ્તાથી શ્રમિકોને યુપી અને એમપી જવા બસો રવાના કરાઈ હતી. પોલીસના જણાવ્યા પ્રમાણે ચેકપોસ્ટ પર પોલીસની હાજરીમાં અંદાજે ૭૫૦૦ લોકોએ વતન જવા માટે નોંધણી કરાવી હતી. બસો ઉભેલી જોઈ મોટી સંખ્યામાં લોકો રસ્તા ઉપર ઉતરી આવ્યા હતા, જે જોતા એવું જ લાગે કે સુરત પરપ્રાંતિયોથી ખાલી થવા જઈ રહ્યું છે. પાલિકાના જણાવ્યા પ્રમાણે, રાહત કેન્દ્રોમાં રહેલા પરપ્રાંતિયોને પણ વતન મોકલવાની કામગીરી ચાલી રહી છે.

સુરત જિલ્લા કલેક્ટરના જણાવ્યા અનુસાર, કેન્દ્ર સરકારની ગાઈડ લાઈન પ્રમાણે સુરત જિલ્લામાંથી અન્ય રાજ્યના પોતાના વતન જવા માંગતા વ્યક્તિઓને પોતાના વાહન માટે સુરત જિલ્લાની હદ પર આવોલી ચેકપોસ્ટ પરથી જ પરવાનગી આપવાની કાર્યવાહી થશે. ચેકપોસ્ટ પરથર્મલ સ્કેનિંગ અને મેડિકલ ચેક અપની વ્યવસ્થા ઉભી કરવામાં આવશે. કોરોના સંક્રમિત લક્ષણો ધરાવતા વ્યક્તિઓને પરવાનગી આપવામાં આવશે નહીં. વતન જવા ઈચ્છતા લોકોએ પોતાની ઓળખ પુરવા અને વાહનના પુરાવાના દસ્તાવેજ પણ સાથે રાખવાના રહેશે.

નવસારીમાં લોકડાઉનના ભંગ બદલ ૧૧૯ વાહનો જપ્ત

પોલીસે ૨૦૩ ગુના દાકલ કરી ૨૩૦ની અટક કરી

સુરત

કોરોના વાયરસની મહામારી વચ્ચે સંક્રમણને અટકાવવા નવસારી જિલ્લા પોલિસ દ્વારા લોકડાઉનમાં કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

નવસારી જિલ્લા પોલીસ દ્વારા પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર તા.૨૯ મી એપ્રિલના રોજ પોલીસ દ્વારા આ નિયમોનું ઉલ્લંઘન કરનારા ઈસમો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં કલમ ૧૮૮ આઈપીસી કલમ ૧૩૫ ગુજરાત પોલીસ એક્ટ ૧૯૫૧ હેઠળ ૨૦૩ સામે એફ.આઈ.આર. કરવામાં આવી છે તેમજ ૨૩૦ ની અટક કરવામાં આવી છે. જિલ્લામાં ૧૧૯ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા હતા તા. ૨૯ એપ્રિલ સુધીમાં કુલ ૬૯૨૨ એફઆઈઆર કરવામાં આવી છે. તેમજ કુલ ૭૫૯૮ વ્યકિતઓની અટકાયત કરવામાં આવી છે. શહેરીજનોને લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ નવસારી જિલ્લા પોલિસ દ્વારા કરવામાં આવે છે.

નર્મદા જિલ્લામાં ૧૨ ફિમેલ હેલ્થ વર્કરો ૮ મહિનાથી પ્રમોશનથી વંચિત : અધિકારીઓ દ્વારા લોડાઉનનું બહાનું ધરી દેવાય છે..?!

અન્ય જિલ્લાઓમાં ફિમેલ હેલ્થ વર્કર(FHW) માંથી સુપરવાઈઝરના પ્રમોશન અપાઈ ચુક્યા છે છતાં નર્મદા જિલ્લામાં આ લાભ આઠ મહિનાથી આપતો નથી

૨૫ વર્ષ થી ફરજ બજાવતા હોવા છતાં પ્રમોશન માટે અધિકારીઓ એક બીજા પર દોષ ના ટોપલા ઢોળી પ્રમોશન અટકાવી રહ્યા છે..?!

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લા માં લગભગ ૨૫ વર્ષ થી ફિમેલ હેલ્થ વર્કર તરીકે ફરજ બજાવતા આરોગ્ય વિભાગના કર્મચારી ને છેલ્લા આઠ મહિના થી પ્રમોશન માટે ધક્કે ચઢવું પડ્યું છે.ત્યારે હાલમાં અધિકારીઓ લોકડાઉનનું કારણ ધરી છટકબારી બતાવે છે.

નર્મદા જિલ્લા આરોગ્ય વિભાગ માં લગભગ ૨૫ વર્ષ થી ફિમેલ હેલ્થ વર્કર તરીકે ફરજ બજાવતા ૧૨ જેટલા કર્મચારીઓ ના આઠ મહિલા થી સુપરવાઈઝર તરીકે ના પ્રમોશન અટકી પડ્યા હોવાનું જાણવા મળ્યું છે ત્યારે આ બાર કર્મચારીઓના ના પ્રમોશન ની જાહેરાત થયા બાદ તમામે જરૂરી ડોક્યુમેન્ટ અને વેરીફોકેસન પણ કરાવ્યુ હોવા છતાં હજુ પ્રમોશન ન મળતા કર્મચારીઓ માં રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે જાણવા મળ્યા મુજબ અધિકારીઓ એક બીજા પર દોષ ના ટોપલા નાંખી આઠ આઠ મહિનાઓ બાદ પણ આ ફિમેલ હેલ્થ વર્કરો ને સુપરવાઈઝર ના પ્રમોશન થી વંચિત રાખ્યા હોય માટે તાત્કાલિક આ તમામ કર્મચારીઓ ને પ્રમોશન અપાય તેવી માંગ તેઓ કરી રહ્યા છે.

જોકે અમુક કર્મચારીઓના જણાવ્યા મુજબ માર્ચ મહિના માં આરોગ્ય અધિકારી એ અમારા પ્રમોશન માટે પત્ર પણ લખ્યો છે પરંતુ ડી.ડી.ઓ. આ માટે હાલ કોરોના નું બહાનું કાઢી રહ્યા છે ત્યારે નર્મદા સિવાયના અમુક જિલ્લાઓ માં કોરોના અને લોકડાઉન વચ્ચે જ અમારા જેવા કર્મચારી ઓને પ્રમોશન અપાયા છે તો શુ ત્યાંના અધિકારીઓને કોરોના નથી નડ્યું..?! કેમ અમારા ૧૨ કર્મચારીઓ ને જ કોરોના નું બહાનું બતાવી પ્રમોશન થી વંચિત રખાયા છે..?



હાલ લોકડાઉન હોવાથી પ્રમોશન નથી અપાયા: કે.પી.પટેલ(આરોગ્ય અધિકારી,નર્મદા)

આ માટે નર્મદા જિલ્લા આરોગ્ય અધિકારી કે.પી.પટેલ સાથે વાત કરતા તેમણે જણાવ્યું કે હાલ ડીડીઓ એ લોકડાઉન ના કારણે પેન્ડિંગ રાખ્યું છે,અને બીજા જિલ્લા માં પ્રમોશન બાબતે પૂછતાં પટેલે એમ કહ્યું કે બીજા જિલ્લાઓ માં સર્વેલન્સ ઓછું થતું હોય આપણે ત્યાં વધુ થાય છે તેવા સમયે જો આ લોકો ને પ્રમોશન આપીએ તો ફિલ્ડ ની કામગીરી કોણ કરે..? અને ફિલ્ડ માટેનો સ્ટાફ ક્યાંથી લાવીએ..?

જોકે ફક્ત ફિલ્ડ ની કામગીરી માટે ૨૫ વર્ષ જુના કર્મચારીઓના પ્રમોશન અટકવવા ની વાત જો જિલ્લા આરોગ્ય અધિકારી કરતા હોય ત્યારે આ વાત ગળે ઉતરે તેમ નથી લાગતી..? તો શું ફિલ્ડ ની કામગીરી માટેજ આ ૧૨ કર્મચારીઓના પ્રમોશન અટક્યા છે..? કે અન્ય કોઈ કારણ છે..? આરોગ્ય અધિકારી પટેલ ના જણાવ્યા મુજબ ડીડીઓ એ લોકડાઉન ના કારણે પેન્ડિંગ રાખ્યું છે તો અન્ય જિલ્લાઓ માં લોકડાઉન વચ્ચે જ પ્રમોશનો કેવી રીતે અપાયા...?

અંક્લેશ્વર તાલુકાના અંદાડા ગામની સહજાનંદ સોસાયટીમાંથી જુગારધામ ઝડપી પાડતી ભરૂચ એલ.સી.બી

ભરુચ

ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તરફથી હાલમાં ચાલી રહેલ કોરોના વાયરસ ની વૈશ્વિક મહામારી મા વાયરસ નું સંક્રમણ અટકે તેમજ લોકડાઉન નો અસરકારક અમલ થાય તથા જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે સારૂ જરૂરી પગલા લેવા સુચના આપવામાં આવેલ હોય જે અનુસંધાને ભરૂચ એલ.સી.બી ના પો.સ.ઇ વાય.જી.ગઢવી તથા પોલીસ માણસોની ટીમ ગઇકાલ તા-૩૦ એપ્રિલના રોજ અંક્લેશ્વર વિસ્તારમાં પેટ્રોલીંગ માં હતા એ દરમીયાન મળેલ બાતમીના આધારે અંક્લેશ્વર તાલુકાના અંદાડા ગામે આવેલ સહજાનંદ સોસાયટી ના મકાન નંબર-૪૦ ખાતે જુગારધામ ઉપર રેડ કરી પત્તા-પાના થી રૂપિયાની હાર જીત નો જુગાર રમાતા કુલ-૦૫ ઇસમોને ઝડપી પાડી રોકડા રૂ.૧૫,૩૮૦/- તથા જુગારના સાધનો તથા મોબાઇલ ફોન મળી કુલ્લે રૂ.૩૧,૩૮૦/- નો મુદામાલ કબજે કરી પકડાયેલ આરોપી ઓ વિરૂધ્ધ જુગારધારા તથા જાહેરનામા નો ભંગ કરવા બદલ તેમજ એપેડેમીક ડીસીઝ એકટ મુજબ અંક્લેશ્વર શહેર પો.સ્ટે. મા કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

પકડાયેલ આરોપીઓ

(૧) ભાર્ગવકુમાર નાગજી ભાઇ રોહીત રહે-સહજાનંદ સોસાયટી મકાન નં-૪૦, તુલસીનગર પાછળ,અંદાડા તા-અંક્લેશ્વર જી-ભરૂચ (૨) ચિરાગ રમેશભાઇ પટેલ રહે-૧૦૭,૧૦૮ રણછોડકુપા સોસાયટી,અંદાડા તા-અંક્લેશ્વર જી-ભરૂચ (૩) વિશાલ પ્રવિણભાઇ વારેચા રહે. મ.નં-૫૫,ગોપીનાથ સોસાયટી અંદાડા તા- અંક્લેશ્વર જી.ભરૂચ (૪) અભિષેક રામરતન શાહ રહે. અંબિકાનગર સોસાયટી, બી. એમ.સીગના રૂમમાં ભાડેથી, અંદાડા,તા-અંક્લેશ્વર જી-ભરૂચ મુળ રહે-ગંભીરપુર થાના-નૌતન જી-સિવાન (બિહાર),(૫) રાહુલ મોતીલાલ ચૌહાણ રહે.મકાન નં-૫૪, ખોડીયારનગર અક્ષરધામ સોસાયટી પાસે, અંદાડા,તા-અંક્લેશ્વર જી-ભરૂચ

ગરુડેશ્વર મોટી રાવલના સરપંચને તમાકુના જથ્થા સાથે નર્મદા LCB એ ઝડપી કાયદેસર કાર્યવાહી કરી

હાલ તમાકુ, પાન મસાલાની હેર ફેર કે વેચાણ પ્રતિબંધિત હોવા છતાં સરપંચ એક્ટિવા ગાડી પર કોથળામાં પાન મસાલા, તમાકુનો જથ્થો લઈ જતા પોલીસે ઝડપી પાડ્યો



(ભરત શાહ દ્વારા) - રાજપીપળા : નર્મદા જિલ્લામાં હાલ લોકડાઉન ચાલુ હોય એ માટે કેટલાક નિયમ લાગુ કરાયા હોવા છતાં અમુક લોકો કાયદાનું ઉલ્લંઘન કરતા હોય નર્મદા પોલીસ વડા હિમકર સિંહની કડક સૂચના મુજબ કોઈની પણ શરમ કે લાગવગ વગર પોલીસ પગલાં ભરે છે જેમાં ગરુડેશ્વર તાલુકાના મોટી રાવલ ના સરપંચ હોવા છતાં કાયદાનું ઉલ્લંઘન કરતા નર્મદા એલસીબી ની ટીમે તેને ઝડપી કાયદેસર કાર્યવાહી કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર મોટી રાવલ ના સરપંચ હરેશભાઈ રમણભાઈ તડવી એક્ટિવા ગાડી ઉપર એક કોથળામાં પાન મસાલા અને તમાકુ ના પેકેટ નો જથ્થો ભરી જતા હોય એલસીબી ટિમ એ સમયે પેટ્રોલિંગ માં હતી જેથી એલસીબી ના પીએસઆઈ સી.એમ.ગામીત ની નજર પડતા એક્ટિવા ઉભું રખાવી પૂછતાછ કરતા થેલામાં ભરેલ વિમલ પાન મસાલાના ૯૫ પેકેટ જેની કિંમત એક ની કિ.રૂ.૧૨૦/- લેખે કુલ્લે કિ.રૂ. ૧૧૪૦૦/- ગણી શકાય તેમજ ૮૫ પેકેટ તમાકુના મળી આવેલ જેની એકની કિ.રૂ. ૩૦/- લેખે કુલ્લે ૨૫૫૦/- ગણી શકાય તેમજ આ વિમલ ગુટખા પેકેટ કોની પાસેથી લાવ્યા છે તે પુછ પરછ કરતા જાણવા મળ્યું કે આ વિમલ ગુટખા નસવાડી તાલુકાના ગઢબોરીયાદ ખાતેના રહેવાસી જેના નામની ખબર નથી જેનો મોબાઈલ નંબર ૯૭૭૩૨ ૭૨૦૧૧ ના પાસેથી લાવેલ હોવાનું જણાવ્યું હતું. જેથી વિમલ પાન મસાલા તથા તમાકુના પેકેટની કિ.રૂ. ૧૩૯૫૦/- ગણી તેમજ તેની એક્ટીવા ગાડી નં GJ 22 J 6904 ની કિ.રૂ. ૨૦૦૦૦/- ગણી કૂલ રૂ. ૩૩૯૫૦/- નો મુદ્દામાલ ગણી એલસીબી એ મુદ્દામાલ કબજે કરી કાયદેસર કાર્યવાહી કરી હતી.

રાજપીપળા નગર પાલિકાના રોજમદાર સફાઈ કર્મીઓનો પાલીકા ખાતે હલ્લાબોલ:છુટા કરવા અને પગારની માંગ બાબતે માથાકૂટ

આગેવાનો અને ચીફ ઓફિસર ની બેઠકમાં રોજમદાર કર્મચારીઓને છુટા નહીં કરવા બાબતે ચીફ ઓફિસરે આશ્વાસન આપતા મામલો થાળે પડ્યો

ચીફ ઓફિસર ની ઓફિસમાં ટોળા એકઠા થતા પોલીસ બોલવાની ફરજ પડી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા નગર પાલિકા વારંવાર વિવિધ મુદ્દે વિવાદો માં ચાલે છે પાલિકા માં ભાજપ અને વિપક્ષ બંને સાથે રહી સાશન ચલાવી રહ્યા છે પરંતુ પ્રજાના તેમજ સફાઈ કામદારો મુદ્દે હંમેશા કોઈ ને કોઈ વિવાદ જોવા મળે છે.

હાલ કોરોના ની મહામારી વચ્ચે રાજપીપળા નગરપાલિકા માં રોજમદાર સફાઈ કર્મચારીઓ એ હલ્લા બોલ કરી પોતાની માંગો પાલિકાના ચીફ ઓફિસર જયેશ પટેલ પાસે લઈ પોહચેલા કર્મીઓ ચીફ ઓફિસરની ઓફિસમાં એકઠા થયા બાદમાં ચીફ ઓફિસરે પોતાના પ્રોટેક્શન માટે પીલીસ બોલાવવાની ફરજ પડી હતી.ત્યારે રાજપીપળા ટાઉન પી.આઈ.આર.એન રાઠવા સહિત પોલીસ કાફલો પાલિકા કચેરીએ દોડી ગયો હતો બાદ સફાઈ કર્મીઓના આગેવાનો,પાલિકા ચીફ ઓફિસર,અને પોલીસ સાથે બેઠક બાદ રોજમદાર કર્મચારીઓને મહેકમ મુજબ છૂટા ન કરવા તેમજ પગાર બાબતે ગ્રાન્ટ આવે એટલે પગાર કરવા બાબતે ચીફ ઓફિસરે બાંહેધરી આપતા સમગ્ર મામલો થાળે પડ્યો હતો.



રાજપીપળા પાલિકા માં આવક કરતા જાવક વધુ છે: જયેશ પટેલ (ચીફ ઓફિસર)

આ મામલે પાલિકા ના ચીફ ઓફિસર જયેશ પટેલ સાથે વાત કરતા જણાવ્યું હતું કે સરકાર ના આદેશ મુજબ મહેકમ કરતા વધુ કર્મચારીઓને છૂટાં કરવાના હતા પરંતુ સફાઈ કર્મીઓ માં થોડા બાદ કરતાં લગભગ મહેકમ મુજબ કર્મચારીઓ છે તો તેમની લાગણી હતી કે કોઈને છુટા કરવામાં ન આવે જેથી આ બાબતે ચર્ચા થઈ ગઈ છે. પગાર બાબતે પૂછતાં જણાવ્યું હતું કે પગારનો પ્રશ્ન વર્ષો થી નગરપાલિકા માં છે એ આજકાલનો નથી નગરપાલિકા માં આવક કરતા જાવક વધુ છે સરકાર માંથી ગ્રાન્ટ આવશે એટલે પગાર થઈ જશે.

પાલિકા સભ્ય ડૉ.કમલ ચૌહાણે આ બાબતે ચીફ ઓફિસર સાથે બેઠક કર્યા બાદ જણાવ્યું કે રોજમદાર કર્મચારીઓ ના પ્રશ્નો બાબતે પાલિકાના ચીફ ઓફિસર સાથે વાત થઈ અને અમારા કર્મચારીઓ મહેકમ કરતા વધારે નથી તો શામાટે ૧૫ દિવસ કામ કરવાનું આયોજન કરાયું.ત્યાર બાદ તમામ કર્મચારીઓ ચાલુ રહેશે તેવી ચીફ ઓફિસરે બાંહેધરી આપી હતી.

વિમલ પાન મસાલા,તંબાકુના પાઉચ તથા એક ફોરવ્હીલ ગાડી મળી

કુલ્લે ૩,૯૫,૦૪૦/- નો મુદ્દામાલ કબજે કરતી અંકલેશ્વર શહેર પોલીસ

ભરુચ

ભરૂચ પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા નાઓ તરફથી જીલ્લામાં બનતા નોવેલ કોરોના વાયરસ ફેલાવે અટકાવવા સારૂ જીલ્લા કલેક્ટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ ભરૂચ તરફથી જાહેરનામાની સી.આર.પી.સી કલમ ૧૪૪ તથા ગુજરાતી પોલીસ એક્ટની કલમ ૪૩ મુજબનો ભંગ કરતા ઈસમોને શોધી કાઢવા સુચના કરેલ છે અનુસંધાને નાયબ પોલીસ અધિક્ષક સી. આઈ.દેસાઈ ના માર્ગદર્શન હેઠળ પી.આઈ. ઓ.પી. સીસોદિયા ની સુચના મુજબ આજરોજ પોલીસ રાબ ઈન્સપેક્ટર કે.આર. જાટીયા તથા બીજા સ્ટાફના પોલીસ માણસો સાથે અંકલેશ્વર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ગોલ્ડન બ્રીજના દક્ષિણ છેડે નાઈટ ફરજમાં હતા તે દરમ્યાન ગડખોલ પાટીયા તરફથી એક ફોર વ્હીલ ઈનોવા ગાડી રોકી પુછપરછ કરતા (૧) સિકંદર દાઉદ ખોટીયા તથા અન્ય એક બંન્નેવ ૨. નાના નાગોરીવાડ, મોહમંદપુજા રોડ, , A, ભરૂચના હોવાનું જણાવેલ જેઓની ગાડીમાં જો કરતા ગાડીમાંથી વિમલ પાન મસાલાના પાઉચ નંગ ૪૩૨ તથા તંબાકુના પાઉચ ૪૩૨ મળી કુલ કિં. રૂ.૯૫,૦૪૦/- તથા એક ઈનોવા ગાડી નંબર જ્ઞ-૦૬-ઢ્ય- ૮૦૯૦ જેની કિ.રૂ. ૩,૦૦,૦૦૦ / -ગણી કુલ મુદ્દામાલ કિ.રૂ. ૩,૯૫,૦૪૦/ - મળી આવેલ હોય અને જાહેરનામી અમલવારી નો ભંગ કરેલ હોય તેઓ વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવામા આવેલ છે.

નવસારીમાં વાંસદાના સરા ગામે પિતાએ દીકરાની કુહાડી મારી કરી હત્યા

નવસારી

વાંસદાના સરા ગામે બાપે દીકરાના ગળા પર કુહાડી ના ઘા મારી નિર્મમ હત્યા કરી દીધી હોવાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. ગુરુવારની રાત્રે થયેલા ઝઘડા બાદ આજે પુત્ર પર નિંદ્રાવસ્થામાં હુમલો કરી હત્યા કરાઈ હોવાનું જાણવા મળ્યું છે. જોકે, ઘટના બાદ સ્થળ પર પહોંચેલી ૧૦૮ની ટીમે યુવાનને મૃત જાહેર કરતા પોલીસ દોડી આવી વધુ તપાસ હાથ ધરી છે. સ્થાનિક લોકોએ જણાવ્યું હતું કે મરનાર સરમુખ અરવિંદ ગામીત(ઉ.વ. ૩૬ રહે સરા ગામ ઝાડી ફળિયું વાંસદા)ને બે પુત્રો છે. એક શ્રીકાંત ધોરણ-૮ માં અને દીક્ષિત ધોરણ-૧૦ માં અભ્યાસ કરે છે. ફળિયામાં દુકાન પરથી સામાન લઈ ઘરે આવ્યા બાદ દાદા ગભરાયેલી હાલતમાં લોહીના ડાઘ વાળા કપડાં બદલી રહ્યા હતા અને બીજી બાજુ જમીન પર પપ્પા લોહીથી ખરડાયેલી હાલતમાં પડેલા હોવાનું બન્ને પુત્રો જણાવી રહ્યા છે. હાલ વાંસદા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

ફરજ ને મહત્વ : રમઝાનમાં માસમાં કોવિડ-૧૯ ની ખાસ ફરજ બજાવતા નર્મદા ૧૦૮ ના ૨ મુસ્લિમ કર્મીઓ ૧૦૮ માંજ નમાજ પઢે છે

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા માં કોરોના વાઇરસ ની ખાસ ફરજ બજાવતા રાજપીપળા ૧૦૮ ના બે મુસ્લિમ (કર્મીઓ) પાઇલોટ પોતાની ફરજને મહત્વ આપી કોરોના દર્દીઓની ચિંતાના કરી ૧૦૮ એમ્બ્યુલન્સ માજ નમાજ અદા કરી કોવિડ-૧૯ ની ખાસ જવાદરી સંભાળી રહ્યા છે ત્યારે કોરોના સાથે સંકળાયેલા ડોક્ટરો, તંત્રના અન્ય અધિકારી કે કર્મચારીઓ ની સાથે સાથે ૧૦૮ માં નિષ્ઠા પૂર્વક ફરજ બજાવતા આ બે મુસ્લિમ કર્મચારીઓ પણ સન્માન ને પાત્ર કહી શકાય.

હાલની પરિસ્થિતિ જોતા ૧૦૮ના આ બે પાઇલોટ જ્યાં સમય મળે ત્યાં ગાડીમાંજ હાલ ચાલી રહેલા રમઝાન માં રોઝા ખોલીને નમાજ અદા કરે છે.અને પોતાની કોરોના વાઇરસની જવાબદારી માટે દિવસ રાત નર્મદા જિલ્લા ૧૦૮ ઇમરજન્સી સેવાની ફરજ પરની નિષ્ઠા અને લોકોના સ્વાથ્ય ની ચિંતા કરી રહ્યાં છે.



નર્મદા જિલ્લાના ૨ મુસ્લિમ કર્મચારીઓમાં ઉષ્માન કુરેશી અને અશરફ મલેક સતત પાઇલોટ તરીકે ની તેમની જવાબદારી નિભાવતા હોય તેમને પણ કોરોના યોદ્ધા તરીકેનું બિરુદ આપી સન્માનિત કરાય તો તેમની આ નિષ્ઠા પૂર્વકની ફરજ ને જરૂર પ્રોત્સાહન મળશે.